# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654




પેજ-08

8 વર્ષ બાદ દયાબેન તારક મહેતા શોમાં વાપસી કરશે? એક્ટરે તોડ્યું મૌન, ફેન્સ...



પેજ-09

નિહાલ સરીને ટાટા સ્ટીલ ચેસ ટાઇટલ જીત્યું અને આનંદને પાછળ છોડ્યા

**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
| --- | --- | --- |
| અમદાવાદ | 27.00 | 12.00 |
| વડોદરા | 29.00 | 13.00 |
| સુરત | 29.00 | 16.00 |

પેજ 5



એઆઈ ક્રાંતિથી કોપરની વૈશ્વિક અછત સર્જાવાના એંધાણ વર્તાયા

11 JANUARY-2026 SUNDAY

ડેન્માર્કની ટ્રમ્પને ધમકી પહેલા ગોળી ચાલશે પછી પૂછપરછ, નાટો સંગઠન તૂટવાની...



પેજ 10

.....સુવિચાર.....

દરેક વખતે દુશ્મન જ તમારું ખરાબ કરે એવું ના હોય ક્યારેક તમારા નજીકના લોકો પણ તમને હરાવવામાં મહત્વનો ભાગ ભજવે છે

વર્ષ-15 । અંક-061 । વિક્રમ સંવત-2082 । પોષ વદ-08 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક



વડાપ્રધાન મોદીએ સોમનાથ મહાદેવના દર્શન કરી જલાભિષેક કર્યો

# સોમનાથમાં PM મોદીએ હાથમાં ત્રિશુળ ઉપાડ્યું

## ઓમકાર મંત્રના જાપ કરી ડ્રોન શો નિહાળ્યો

(એજન્સી) અમદાવાદ | તા.10

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ત્રણ દિવસ ગુજરાતની મુલાકાતે છે. હેલીકોપ્ટર મારફત રાજકોટથી સોમનાથ પહોંચીને પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવના સાંનિધ્યમાં યોજાઈ રહેલા 'સોમનાથ સ્વાભિમાન પર્વ 2026'માં આજે (10 જાન્યુઆરી) સાંજે સહભાગી થયા છે. પીએમ મોદી હેલીપેડથી VVIP ગેસ્ટ હાઉસ પહોંચ્યા હતા, જ્યાં તેમની અધ્યક્ષતામાં સોમનાથ મંદિર ટ્રસ્ટની બેઠક યોજાઇ હતી. સોમનાથ મંદિર ટ્રસ્ટની બેઠક પૂર્ણ કરીને પીએમ મોદી હમીરજી સર્કલથી પગપાળા સોમનાથ મંદિર પહોંચ્યા હતા, જ્યાં દિગ્વિજય દ્વાર પર સાધુ-સંતોનું અભિવાદન ઝીલ્યું હતું અને 72 કલાકના ઓમકાર જાપ અનુષ્ઠાનમાં જોડાયા હતા. ત્યારબાદ વડાપ્રધાન મોદીએ સોમનાથ મહાદેવના દર્શન કરી જલાભિષેક કર્યો હતો અને બાદમાં મંદરી પરિસરમાં ડભવ્ય ડ્રોન શો નિહાળ્યો હતો. વડાપ્રધાન મોદીની સાથે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી પણ જોડાયા હતા.





### ભવ્ય ડ્રોન-શો બાદ આતશબાજીથી મંદિર પરિસરનું આકાશ છવાયું

વડાપ્રધાન મોદીએ પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવના દર્શન કરીને જલાભિષેક કર્યો અને 72 કલાકના ઓમકાર જાપ અનુષ્ઠાનમાં પણ ભાગ લીધો. મંદિર પરિસરમાં 'હર હર મહાદેવ' અને 'મોદી મોદી'ના ગગનભેદી નાદથી સમગ્ર વિસ્તાર ગુંજી ઉઠ્યો. સાંજે સોમનાથ મંદિર પરિસરમાં યોજાયેલ ભવ્ય ડ્રોન-શોએ સૌને મંત્રમુગ્ધ કરી દીધા. આકાશમાં ડ્રોન દ્વારા કુમારપાળ, અહિલ્યાબાઈ હોલ્કર અને હમીરજી ગોહિલ જેવી ઐતિહાસિક વ્યક્તિત્વોની ઝાંખી રજૂ કરવામાં આવી. સાથે નવગ્રહોના દર્શન અને સોમનાથના ગૌરવભર્યા ઈતિહાસને આધુનિક ટેકનોલોજી સાથે રજૂ કરવામાં આવ્યો. વડાપ્રધાન મોદીએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી સાથે આ અનોખો ડ્રોન શો નિહાળ્યો.

## PMની અધ્યક્ષતામાં સોમનાથ ટ્રસ્ટની મહત્વની બેઠક યોજાઇ

પ્રભાસ પાટણ ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોમનાથ મહાદેવના દર્શન કર્યા બાદ સોમનાથ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ સાથે એક ઉચ્ચ સ્તરીય બેઠક યોજી હતી. સોમનાથ ટ્રસ્ટના અધ્યક્ષ તરીકે વડાપ્રધાને મંદિર પરિસરના ભાવિ વિકાસ અને યાત્રાળુઓની સુવિધાઓને લઈને ગહન ચર્ચા કરી હતી. સોમનાથ સર્કિટ હાઉસ ખાતે યોજાયેલી આ બેઠકમાં વડાપ્રધાને મંદિર પરિસરમાં ચાલી રહેલા વિવિધ વિકાસલક્ષી પ્રોજેક્ટ્સની પ્રગતિની સમીક્ષા કરી હતી. ખાસ કરીને મંદિરની સુરક્ષા, સુશોભન અને પરિસરના વિસ્તરણ અંગેના આગામી આયોજનો પર ટ્રસ્ટીઓ સાથે વિચાર-વિમર્શ કરવામાં આવ્યો હતો. વડાપ્રધાને સૂચન કર્યું હતું કે સોમનાથ આવતા શ્રદ્ધાળુઓને આધુનિક સુવિધાઓ મળે તેની સાથે મંદિરની પવિત્રતા અને સ્થાપત્ય જળવાઈ રહે તે અત્યંત જરૂરી છે.

### રવિવારે મંદિરમાં ખાસ પૂજા કરાશે

૧૧ જાન્યુઆરીએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સોમનાથના પવિત્ર જ્યોતિર્લિંગ મંદિરમાં ખાસ પૂજા કરશે. મંદિરના દર્શન કર્યા પછી, તેઓ સોમનાથમાં શૌર્ય યાત્રામાં ભાગ લેશે. સોમનાથ શહેરમાં આશરે એક કિલોમીટર લાંબી શૌર્ય પર્વ યાત્રાનું આયોજન કરવામાં આવશે, જેમાં મોટી સંખ્યામાં લોકો ભાગ લેશે, જેનાથી દેશભક્તિ અને સાંસ્કૃતિક ઉત્સાહનું વાતાવરણ સર્જાશે. સોમનાથ કાર્યક્રમ બાદ, પ્રધાનમંત્રી મોદી રાજકોટ જશે, જ્યાં તેઓ પ્રાદેશિક જીવંતતા સમિટનું ઉદ્ઘાટન કરશે. આ સમિટ ઉદ્યોગ, રોકાણ અને વિકાસ સંબંધિત મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરશે.

### સોમવારે જર્મન ચાન્સેલર સાથે મુલાકાત

ત્યારબાદ પ્રધાનમંત્રી મોદી ૧૨ જાન્યુઆરીએ જર્મન ચાન્સેલર સાથે મુલાકાત કરશે. આ મુલાકાત દરમિયાન દ્વિપક્ષીય સંબંધો અને સહયોગના વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવશે. અહેવાલ છે કે મોદી અને ચાન્સેલર મેર્ઝ વ્યવસાય અને ઉદ્યોગના નેતાઓ સાથે પણ મુલાકાત કરશે અને પ્રાદેશિક અને વૈશ્વિક મહત્વના મુદ્દાઓ પર વિચારોનું આદાન-પ્રદાન કરશે. વધુમાં, બંને દેશોના નેતાઓ અમદાવાદ રિવરફ્રન્ટ પર આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનું સંયુક્ત રીતે ઉદ્ઘાટન કરશે, જે ભારતની સંસ્કૃતિ અને વૈશ્વિક મિત્રતાનો સંદેશ આપશે.

**આ પછી, બંને નેતાઓ અમદાવાદમાં સાબરમતી નદીના કિનારે પતંગ મહોત્સવમાં હાજરી આપશે. ત્યાં, બંને નેતાઓ સાબરમતી આશ્રમની મુલાકાત લેશે. મોદી ઓલ્ડ હાઈકોર્ટ સ્ટેશનથી મહાત્મા મંદિર સુધી મેટ્રો દ્વારા મુસાફરી કરશે**

### બાંગ્લાદેશમાં લઘુમતીઓ પર અત્યાચાર યથાવત

## બાંગ્લાદેશના સુનામગંજમાં હિન્દુ યુવકની ઝેર આપી હત્યા



(એજન્સી) ઢાકા | બાંગ્લાદેશમાં હિન્દુ સમુદાય પર સતત દમન થઈ રહ્યું છે. એક પછી એક ચોંકાવનારા કિસ્સાઓ સામે આવી રહ્યા છે. આવી સ્થિતિમાં વધુ એક ઘટનાએ હિન્દુ સમુદાય સહિત સમગ્ર વિશ્વનું ધ્યાન આકર્ષિત કર્યું છે. સુનામગંજ જિલ્લામાં જોય મહાપાત્ર નામના હિન્દુ યુવકની હત્યા કરવામાં આવી છે. મૃતકના પરિવારનો આક્ષેપ છે કે એક સ્થાનિક વ્યક્તિએ જોયને પહેલા અત્યંત ક્રૂરતાપૂર્વક માર માર્યો હતો અને ત્યારબાદ તેને બળજબરીપૂર્વક ઝેર પીવડાવીને હત્યા કરી હતી. જોયને તાત્કાલિક સિલહટની એમએજી ઉસ્માની મેડિકલ કોલેજમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો, જ્યાં ICUમાં થોડા કલાકોની સારવાર બાદ તેણે અંતિમ શ્વાસ લીધા હતા.

## 'બાંગ્લાદેશની ઘટના પર બધા મૌન છે, હિન્દુઓના ભાગલા વિનાશનું કારણ બનશે', CM યોગીનું મોટું નિવેદન



(એજન્સી) પ્રયાગરાજ | તા.10

બાંગ્લાદેશમાં હિંસા ફાટી નીકળી છે, જેમાં લઘુમતીઓ તેનો શિકાર બની રહ્યા છે. મીડિયા અહેવાલો અનુસાર, અત્યાર સુધીમાં 7 જેટલા હિન્દુઓનો ભોગ લેવાયો છે. ત્યારે હવે ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે આ મામલે વિપક્ષ પર મોટા પ્રહાર કર્યા છે. પ્રયાગરાજમાં જગદગુરૂ રામાનંદાચાર્યની 726મી જયંતિ સમારોહને સંબોધિત કરતા સીએમ યોગીએ કહ્યું કે, 'આજે હિન્દુ સમાજમાં જાતિ, મત અને સંપ્રદાયના નામ પર ભાગલા પાડવાનો પ્રયાસ થઈ રહ્યો છે.' તેમણે ચેતવણી ભર્યા અંદાજમાં કહ્યું કે, 'આ ભાગલા એ રીતે વિનાશનું કારણ બનશે, જે આજે બાંગ્લાદેશમાં જોવા મળી રહ્યા છે.' યોગીએ કહ્યું કે, 'બાંગ્લાદેશમાં હિન્દુઓ સાથે જે કંઈ થઈ રહ્યું છે, તેના પર કહેવાતા સેક્યુલરિઝમનો ઠેકો લઈને ચલનારા લોકો મૌન છે. તેમણે કટાક્ષ કરતા કહ્યું કે, એવું લાગે છે કે જાણે કોઈ તેમના મોં પર ફેવિકોલ ચીપકાવી દીધી હોય કે ટેપ ચીપકાવી દીધી હોય.'

**છ દિવસમાં માઘ મેળામાં 1 કરોડથી વધુ શ્રદ્ધાળુઓએ સ્નાન કર્યું: CM યોગી :** પ્રયાગરાજમાં સનાતન ધર્મ અને સમાજની એકતાને લઈને સીએમ યોગીએ કહ્યું કે, 'ગત પાંચ-છ દિવસોમાં માઘ મેળામાં 1 કરોડથી વધુ શ્રદ્ધાળુઓએ સ્નાન કર્યું છે, એ સ્પષ્ટ સંકેત છે કે સનાતન આસ્થા આજે પણ સંપૂર્ણ રીતે જીવંત અને પ્રબળ છે.' મુખ્યમંત્રીએ તેને સમાજની સામૂહિક આસ્થા અને વિશ્વાસની અનોખી શક્તિ ગણાવી.

### હિન્દુઓને તોડવા અને ભાગલા પાડવાનું ષડયંત્ર: CM યોગી

યોગી આદિત્યનાથે વધુમાં કહ્યું કે, 'સનાતન આસ્થાને વધુ મજબૂત કરવા માટે ડબલ એન્જિનની સરકાર સતત જનતાની સાથે છે. સમાજની જવાબદારી બને છે કે હિન્દુઓને તોડવા અને ભાગલા પાડનારા લોકોને કોઈપણ સંજોગોમાં ઉદભવવા ન દે. સમાજમાં એકતાને નબળી પાડનારાને પ્રયાસને રોકવા જોઈએ અને આગળ ન વધવા દેવા જોઈએ.'

### 'આવનારો સમય સનાતન ધર્મનો હશે'

મુખ્યમંત્રીએ કહ્યું કે, 'જો સમાજ એકજુટ થઈને દૃઢ સંકલ્પ સાથે આગળ વધે છે તો આવનારો સમય સનાતન ધર્મનો હશે. જે પ્રકારે ભવ્યતા અને દિવ્યતા સાથે સનાતન ધ્વજ (અયોધ્યામાં) ફરકાવાઈ રહ્યો છે, તે રીતે આખા વિશ્વમાં સનાતન ધર્મની ઓળખ સ્વાભાવિક રીતે સ્થાપિત થશે. જ્યારે સનાતનની શક્તિ અને સમાજની એકતા વિશ્વ સમક્ષ આવશે, તો કોઈપણ જગ્યાએ હિન્દુ સમાજ, ખાસ કરીને નબળા અને દલિત વર્ગના લોકો વિરુદ્ધ હિંસાનું દુસ્સાહસ નહીં થાય.'

## ઈરાન આર-યા-પારના મૂડમાં ! ખામેનીએ IRGCને કમાન સોંપી દીધી, અન્ડરગ્રાઉન્ડ 'મિસાઈલ સિટી' સક્રિય કરાઇ

(એજન્સી) તહેરાન | તા.10

ઈરાનમાં આયાતુલ્લાહ અલી ખામેનીના શાસન સામે ચાલી રહેલા સરકાર વિરોધી વિરોધ પ્રદર્શનો 13મા દિવસે વધુ હિંસક અને ખતરનાક વળાંકમાં ફેરવાઈ ગયા છે. પરિસ્થિતિની ગંભીરતાનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે દેશની સર્વોચ્ચ સત્તાએ હવે આંતરિક સુરક્ષાની સંપૂર્ણ જવાબદારી ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC) ને સોંપી દીધી છે. અહેવાલો અનુસાર, નિયમિત સેના અને પોલીસ વિરોધીઓને નિયંત્રિત કરવામાં બિનઅસરકારક સાબિત થયા બાદ આ નિર્ણય લેવામાં આવ્યો હતો. અહેવાલો સૂચવે છે કે ખામેનીએ IRGC ને મહત્તમ સતર્ક રહેવાનો આદેશ આપ્યો છે. 'મિસાઈલ શહેરો' તરીકે ઓળખાતા ઈરાનના



ભૂગર્ભ મિસાઈલ યુનિટ્સને પણ સક્રિય કરવામાં આવ્યા છે. આ એ જ મિસાઈલ બેઝ છે જેને ગયા વર્ષે ઈઝરાયલ સાથેના સંઘર્ષ દરમિયાન સુરક્ષિત રાખવામાં આવ્યા હતા. સુરક્ષા એજન્સીઓ માને છે કે કોઈપણ વિદેશી હસ્તક્ષેપ 'વિનાશક યુદ્ધ' તરફ દોરી શકે છે.

### ખામેની શાસન વિરુદ્ધના વિરોધ પ્રદર્શનોમાં 217 લોકોના મોતનો દાવો



માનવાધિકાર સંગઠનો અને સ્વતંત્ર સ્ત્રોતો અત્યંત ચિંતાજનક ડેટા પ્રદાન કરે છે. HRANA અનુસાર, 9 જાન્યુઆરી સુધીમાં ઓછામાં ઓછા 65 લોકોના મોતની પુષ્ટિ થઈ છે, જેમાં 50 વિરોધીઓ અને 15 સુરક્ષા કર્મચારીઓનો સમાવેશ થાય છે. જોકે, વાસ્તવિક સંખ્યા ઘણી વધારે હોવાની શક્યતા છે. TIME સાથે વાત કરતા એક ડૉક્ટરે દાવો કર્યો હતો કે એકલા તેહરાનની છ હોસ્પિટલોમાં 217 લોકોના મોત નોંધાયા છે, જેમાંથી મોટાભાગના લોકો જીવંત ગોળીઓથી ઘાયલ થયા છે.

### સુપ્રીમ કોર્ટ પહોંચ્યો પ. બંગાળ Vs ઈડી વિવાદ



**મમતા સરકારે કેવિએટ પિટિશન દાખલ કરી**

(એજન્સી) નવી દિલ્હી | તા.10

બંગાળમાં વિધાનસભા ચૂંટણી પહેલા I-PACના કાર્યાલયમાં પ્રવર્તન નિર્દેશાલય (ED) દ્વારા દરોડા પાડવામાં આવતા રાજનીતિક વિવાદ પેદા થઇ ચૂક્યો છે. રાજ્ય સરકારે આ ચૂંટણી સમયે વિપક્ષને નિશાન બનાવવાની કાર્યવાહી ગણાવી છે, જ્યારે બીજી તરફ ઈડીએ પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીના નેતૃત્વમાં ચાલી રહેલી સરકાર પર ગંભીર આરોપ લગાવતા સુપ્રીમ કોર્ટનો દરવાજો ખટખટાવ્યો છે. ઈડીએ આરોપ લગાવ્યો છે કે, પશ્ચિમ બંગાળ સરકાર ઈડીની તપાસમાં સતત દખલ કરી રહી છે. ઈડીએ આરોપ લગાવ્યો કે, પશ્ચિમ બંગાળ સરકાર તેની તપાસ અને સર્ચ ઓપરેશનમાં સતત દખલ કરી રહ્યા છે અને કામમાં અવરોધ પેદા કરવામાં આવી રહ્યો છે. સુપ્રીમ કોર્ટમાં ઈડી દ્વારા દાખલ અરજીમાં જણાવ્યું છે કે, ગુરુવારે જ્યારે એજન્સીએ ઈન્ડિયન પોલિટિકલ એક્શન કમિટીના મુખ્યાલય અને કોલકાતામાં તેના નિર્દેશક પ્રતીક જૈનના ઘરે સર્ચ ઓપરેશન ચલાવ્યું હતું. ત્યારે સરકાર અને પોલીસ તંત્રની તરફથી અવરોધ પેદા કરવામાં આવ્યા.

## 'સ્વદેશી અપનાવવાથી જ ભારત આત્મનિર્ભર બનશે' જોધપુરમાં ગૃહમંત્રી અમિત શાહે કહ્યું

(એજન્સી) જોધપુર | તા.10

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે 'આત્મનિર્ભર ભારત' ના ધ્યેયને પ્રાપ્ત કરવા માટે 'સ્વદેશી' અને 'સ્વભાષા' અપનાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે. શનિવારે જોધપુરમાં આયોજિત મહેશ્વરી વૈશ્વિક સંમેલનને સંબોધતા શાહે લોકોને સ્થાનિક ઉત્પાદનોનું ઉત્પાદન અને ઉપયોગ કરવા અને ઘરે બાળકો સાથે ફક્ત તેમની માતૃભાષામાં જ વાતચીત કરવાની અપીલ કરી. અમિત શાહે કહ્યું કે ભાષા એ કોઈપણ સમાજ, સંસ્કૃતિ અને ધર્મને ટકાવી રાખવા



માટે સૌથી મોટી શક્તિ છે. તેમણે સ્પષ્ટતા કરી કે વૈશ્વિક સ્તરે પ્રગતિ કરવા માટે કોઈપણ ભાષા શીખવી કે બોલવી ખોટું નથી, પરંતુ ઘરે બાળકો સાથે વાતચીત હિન્દી અથવા સ્થાનિક માતૃભાષામાં થવી જોઈએ જેથી તેઓ તેમના મૂળ, ઈતિહાસ અને સંસ્કૃતિ સાથે જોડાયેલા રહે. તેમણે કહ્યું કે માતૃભાષા દ્વારા જ બાળકો તેમના રાજ્ય અને સમાજ સાથે કુદરતી જોડાણ વિકસાવે છે.

ગૃહમંત્રીએ કહ્યું કે 'સ્વદેશી' અને 'સ્વભાષા' ના મંત્રને અપનાવીને જ ભારત ખરેખર આત્મનિર્ભર બની શકે છે. તેમણે કહ્યું કે જો ભારતે 2047 સુધીમાં દરેક ક્ષેત્રમાં ટોચ પર પહોંચવું હોય, તો આત્મનિર્ભરતા એ એકમાત્ર રસ્તો છે, અને આ હાંસલ કરવાનો સૌથી અસરકારક રસ્તો સ્વદેશી ઉત્પાદનોને પ્રોત્સાહન આપવાનો છે.

### બંગાળની ખાડીમાં ચીન-બાંગ્લાદેશની વધતી ગતિવિધિઓ પર નજર

## નેવી પ. બંગાળના હલ્દિયામાં નેવી બેઝ બનાવી રહી છે

(એજન્સી) હલ્દિયા | તા.10

ભારતીય નૌકાદળ પશ્ચિમ બંગાળના હલ્દિયામાં એક નવો નેવી બેઝ બનાવવા જઈ રહ્યું છે. ઈન્ડિયા ટુડેએ સંરક્ષણ સૂત્રોને ટાંકીને આ સમાચાર આપ્યા છે. આ મુજબ, ચીનની વધતી નૌકાદળની ગતિવિધિઓ અને બાંગ્લાદેશ-પાકિસ્તાન સાથે સંકળાયેલી બદલાતી પ્રાદેશિક સુરક્ષા પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને આ પગલું ભરવામાં આવી રહ્યું છે. આનો હેતુ ઉત્તર બંગાળની ખાડીમાં ભારતની દરિયાઈ હાજરીને મજબૂત કરવાનો છે. આ નવો બેઝ સંપૂર્ણ નૌકાદળ કમાન્ડ ન હોઈને "નેવલ ડિટેચમેન્ટ" તરીકે કામ કરશે. અહીંથી નાના યુદ્ધ જહાજો અને હાઈસ્પીડ બોટ તહેનાત કરવામાં આવશે, જેથી દરિયાઈ દેખરેખ અને ઝડપી કાર્યવાહીની ક્ષમતા વધારી શકાય.



**લગભગ 100 નૌસૈનિકોની તહેનાતી થશે :** આ નવા બેઝ પર લગભગ 100 અધિકારીઓ અને નાવિકો તહેનાત કરવામાં આવશે. આના પરથી સ્પષ્ટ થાય છે કે આ એક નાનો પણ વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ બેઝ હશે. હલ્દિયા, કોલકાતાથી લગભગ 100 કિલોમીટર દૂર છે અને અહીંથી સીધા બંગાળની ખાડી સુધી પહોંચ મળે છે. આનાથી હુગલી નદીના માર્ગે થતી સમયની બચત કરી શકાશે.

12 સોનીને લાખોનો ચૂનો ચોપડ્યો : મહિલા સોનાની વીંટી હોય એવી જ બગસરાની વીંટીનો સ્ટોક રાખતી

# મહિલા સેકન્ડોમાં સોનાની વીંટીઓ લઈ બગસરાની પધરાવી દેતી : દાગીના જોવાના બહાને જ્વેલર્સ શોપમાં ખેલ પાડતી...

અમદાવાદ | અમદાવાદના વિવિધ જ્વેલર્સ શો-રૂમમાં ગ્રાહક બનીને સોનાની વીંટીઓ સેરવી લેતી શાતિર મહિલાને નરોડા પોલીસે ફિલ્મી ઢબે ઝડપી પાડી છે. આ મહિલાની ચોરી કરવાની મોડસ ઓપરેન્ડી જાણીને પોલીસ પણ સ્તબ્ધ થઈ ગઈ હતી. મહિલા પોતાની પાસે સોના જેવી જ દેખાતી બગસરાની વીંટીઓ રાખતી અને સેલ્સમેનની નજર ચૂકવી અસલી સોનાની વીંટી ઉઠાવી એની જગ્યાએ નકલી વીંટી પધરાવી દઈ ફરાર થઈ જતી હતી. ભૂતકાળમાં 7 ગુનામાં સંડોવાયેલી આ મહિલાએ હાલ અમદાવાદમાં વધુ 5 ચોરીની કબૂલાત કરી છે.

અમદાવાદમાં છેલ્લા ઘણા સમયથી શહેરના વિવિધ જ્વેલર્સ-શોપમાં શાતિર મહિલા પ્રવીણાએ ચોરી કરીને હાહાકાર મચાવી દીધો હતો. પ્રવીણા સોનાની વીંટી હોય એવી જ બગસરાની વીંટીનો સ્ટોક કરીને રાખતી હતી. જ્યારે પણ તે જ્વેલર્સ શોપમાં ચોરી કરવા માટે જાય ત્યારે બગસરાની વીંટી સાથે લઈને જતી હતી. સેલ્સમેન વીંટી બતાવે ત્યારે પ્રવીણા નજર ચૂકવીને બગસરાની વીંટી મૂકી દેતી હતી અને સોનાની વીંટી લઈ લેતી હતી.

એ બાદ વીંટી પસંદ નથી આવી એવું કહીને પ્રવીણા જતી રહેતી હતી. જ્યારે શોપમાલિક કે કર્મચારીઓને ખબર પડે ત્યાં સુધીમાં પ્રવીણા દૂર નીકળી જતી હતી.

એ દરમિયાન નરોડા પોલીસ સ્ટેશનની ટીમને બાતમી મળી હતી કે જ્વેલર્સની શોપમાંથી સોનાની વીંટીની ચોરી કરનાર એક મહિલા જાંબલી કલરનો ડ્રેસ પહેરીને નરોડા સ્મશાનની પાછળના ભાગે ઊભી છે. બાતમીના આધારે નરોડા પોલીસની ટીમે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી મહિલાની અટકાયત કરી લીધી હતી. પ્રાથમિક તપાસમાં મહિલાનું નામ પ્રવીણા સેનવા અને તે હાલ વડોદરા ખાતે આવેલા ઔડાના મકાનમાં રહેતી હોવાનું ખૂલ્યું હતું.

તે મૂળ ખેડા જિલ્લાના ઠાસરા તાલુકાના આંબલિયાળા ગામની રહેવાસી છે. પોલીસ મહિલાની પૂછપરછ કરતાં તેણે પાંચ મહિના પહેલાં વિનાયક ગોલ્ડ પેલેસ જ્વેલર્સમાં સોનાની વીંટીની ચોરી કરી હોવાની કબૂલાત કરી હતી. પોલીસે પ્રવીણાની ધરપકડ કરીને વધુ પૂછપરછ કરી હતી.




## મહિલા પાસેથી સોનાના દાગીના સહિત 2.90 લાખનો મુદ્દામલ જપ્ત

પ્રવીણાએ પોલીસની પૂછપરછમાં જણાવ્યું હતું કે તે જ્વેલર્સની શોપમાં સોનાના દાગીના ખરીદવાના બહાને જતી અને માલિક તેમજ કર્મચારીઓની નજર ચૂકવીને ચોરી કરતી હતી. પોલીસે પ્રવીણા પાસેથી 99 હજાર રૂપિયાની સોનાની રણી, 49 હજાર રૂપિયાની સોનાની ત્રણ વીંટી સહિત કુલ 2.90 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. તેણે નરોડા પોલીસ સ્ટેશનની હદમાં આવતા વિસ્તારમાં બે ગુના આચર્યા છે, જ્યારે ઓઢવમાં એક અને સાબરમતીમાં એક ગુના આચર્યો છે.

સાબરમતી વિસ્તારમાં આવેલા સુખધામ બંગલોઝમાં રહેતા સિદ્ધાર્થ કટારિયાએ સાબરમતી પોલીસ સ્ટેશનમાં અજાણી મહિલા વિરૂદ્ધ ચોરીની ફરિયાદ કરી હતી. સિદ્ધાર્થ મહાવીર જ્વેલર્સ નામની શોપ ધરાવે છે અને એમાં 9 કર્મચારી નોકરી કરે છે. 17 ઓગસ્ટના રોજ સિદ્ધાર્થ શોરૂમ પર દાગીનાનો સ્ટોક ગણી રહ્યો હતો ત્યારે એક સોનાની વીંટી મળી આવી નહીં. સિદ્ધાર્થે CCTV ચેક કરતાં જાણવા મળ્યું હતું કે એક મહિલા દાગીના જોવાના બહાને આવી હતી અને સેલ્સમેનની નજર ચૂકવીને ચોરીની ઘટનાને અંજામ આપીને ફરાર થઈ ગઈ હતી. સિદ્ધાર્થ બહારગામ હોવાથી તેણે ફરિયાદ કરવાનું ટાળ્યું હતું, પરંતુ નરોડા પોલીસે પ્રવીણાની ધરપકડ કરી, જે બાદ સિદ્ધાર્થના CCTV ફૂટેજમાં પણ તેજ ગ્રાહક બનીને આવી હોવાનું સામે આવતાં અંતે ગુનો નોંધાયો હતો.

સરકારે કર્યો મોટો આદેશ...

## સરકારી કોલેજોમાં બદલી માટે રાજકીય વગનો સહારો લેતા સાવધાન

અમદાવાદ | સામાન્ય વહીવટ વિભાગના વર્ષ 2005ના ઠરાવ મુજબ, સરકારી કર્મચારીઓ કે અધિકારીઓ જો પોતાની બદલી અથવા સેવા વિષયક બાબતોમાં કોઈ રાજકીય વગ કે દબાણ લાવે, તો તેમની સામે કડક કાર્યવાહી કરવાની જોગવાઈ છે. આ ઠરાવ અમલમાં હોવા છતાં, સરકારી કોલેજોના આચાર્યો, અધ્યાપકો અને કર્મચારીઓની બદલીઓમાં રાજકીય હસ્તક્ષેપ થતો હોવાનું જાણવા મળ્યું છે. આ બાબતને ગંભીરતાથી લેતા, શિક્ષણ વિભાગે હવે આવા અધિકારીઓ અને કર્મચારીઓ સામે તપાસ કરી શિક્ષાત્મક કાર્યવાહી કરવાનો આદેશ જાહેર કર્યો છે.
રાજ્યની સરકારી કોલેજોમાં આચાર્ય-અધ્યાપક કે કર્મચારીઓ પોતાની બદલીમાં અને અન્ય સેવાકીય બાબતોમાં બહારની વ્યક્તિઓની ભલામણ તેમજ રાજકીય વગનો ઉપયોગ કરતા હોય છે. જેથી સરકારી કામકાજમાં તથા તેના અમલીકરણમાં વહિવટી વિલંબ થાય છે.
બદલીઓ અને સેવાકીય બાબતોમાં જોવા મળેલી ગેરરીતિઓને પગલે શિક્ષણ વિભાગે નવો ઠરાવ અને આદેશ જાહેર કર્યો છે. જે મુજબ, હવેથી કર્મચારીઓની સેવાકીય બાબતો અંગેની તમામ વિધિસરની દરખાસ્તો જરૂરી આધાર-પુરાવા સાથે કચેરીના વડા મારફતે અને સક્ષમ અધિકારીના નિર્ણય કે અભિપ્રાય મેળવ્યા બાદ જ શિક્ષણ વિભાગને રજૂ કરવાની રહેશે. પોતાની પસંદગીની જગ્યાએ બદલી કરાવવા માટે સાંસદ, ધારાસભ્ય કે અન્ય કોઈ બિનસરકારી વ્યક્તિ મારફતે રાજકીય વગ કે દબાણ લાવશે.

## ગુજરાતમાં હાડ થીજવતી ઠંડી : રાજ્યભરમાં પારો ગગડ્યો, 48 કલાક સુધી રાહતના સંકેત નહીં

અમદાવાદ | ગુજરાતમાં શિયાળો બરાબરનો જામ્યો છે ત્યારે છેલ્લા 24 કલાકમાં લઘુત્તમ તાપમાનમાં થયેલા મોટા ઘટાડાને કારણે સમગ્ર રાજ્ય ગાત્રો થીજાવતી ઠંડીમાં ઠુંઠવાયું છે. ઉત્તર અને ઉત્તર-પૂર્વીય પવનો ફૂંકાવાને કારણે રાજ્યના ત્રણ સ્થળોએ તાપમાનનો પારો સિંગલ ડિજિટ એટલે કે એક આંકડામાં પહોંચી ગયો છે, જેમાં નલિયા 4.8 ડિગ્રી સાથે રાજ્યનું સૌથી ઠંડું શહેર રહ્યું છે. નોંધનીય છે કે નલિયામાં છેલ્લા 24 કલાકમાં તાપમાનમાં 4.2 ડિગ્રીનો ધરખમ ઘટાડો નોંધાયો છે.

અમદાવાદ શહેરમાં પણ ઠંડીએ જોર પકડ્યું છે અને તાપમાનનો પારો એક જ દિવસમાં 2.7 ડિગ્રી ગગડીને 11.7 ડિગ્રી પર પહોંચતા શહેરીજનો કડકડતી ઠંડીનો અનુભવ કરી રહ્યા છે. આ સિવાય રાજ્યના અન્ય મુખ્ય શહેરોમાં પણ ઠંડીનું મોજું ફરી વળ્યું છે, જેમાં અમરેલી 8.6 ડિગ્રી અને રાજકોટ 9.4 ડિગ્રી સાથે ઠંડીમાં ઠુંઠવાયા છે.

અન્ય શહેરોની વાત કરીએ તો ગાંધીનગરમાં 10.8, ડીસામાં 10.1, ભુજમાં 11.2, દાહોદમાં 11.7, કંડલામાં 11.9,



પોરબંદર અને ડાંગમાં 12.8, ભાવનગરમાં 13.8, વડોદરામાં 14.0, દ્વારકામાં 14.2, સુરતમાં 15.0 અને જામનગરમાં 15.9 ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું છે. હવામાન વિભાગની આગાહી મુજબ, આગામી 48 કલાક બાદ તાપમાનમાં 2થી 3 ડિગ્રીનો વધારો થવાની શક્યતા છે, જેના પરિણામે બે દિવસ પછી લોકોને આ આકરી ઠંડીમાંથી થોડી રાહત મળી શકે તેમ છે.

## દુકાન પાસે ક્રિકેટ મેચ પર હારજીતના સોદાનો જુગાર રમતા 8 ઝડપાયા...

જામનગર । જામનગરના સીટી એ ડીવી પો.સ્ટે. ના પોલીસ ઈન્સપેકટરની સુચનાથી સર્વેલન્સ સ્કોડના કર્મચારીઓ પેટ્રોલીંગમાં હતા. તે દરમ્યાન બાતમી મળી હતી કે પટણીવાડ સદામ રેસ્ટોરેન્ટ પાસે આવેલ કુરેશી પાન નામની દુકાનની બહાર અમુક ઈસમો ડોમેસ્ટીક સાઉથ આફ્રીકામાં ચાલતી મેચમાં જોબોર્ગ સુપર કિંગ વિ.પર્લ રોયલ વચ્ચે રમાતા 20-20 મેચનું ટીવી પર પ્રસારણ થતું હોય તે નિહાળી એકાબીજા સાથે રન ફેરના સોદા કરી તથા હારજીતના સોદોઓ કરી જુગાર રમાડે છે. આથી પોલીસે આ બાતમીના આધારે રેડ કરીને તોહિદ ગુલામહુશેન પઠાણ, યાસીન અબ્બાસભાઈ ચાવડા, બિપીનભાઈ નરોત્તમદાસ બોસમિયા, અલ્તાફહુશેન ગનીભાઈ ખતાઇ, રફીક ઈશાક તરકબાણ, યુનુશભાઈ બોદુભાઇ ખુરેશી અને હશનભાઈ અબ્બાસભાઈ અગવાનને ઝડપી લીધા હતા. પોલીસે આરોપીઓ પાસેથી રોકડા રૂ.12600 કબજે કર્યા હતા.

ખોડિયાર માતાજીના મંદિરનું સરનામું પૂછવાના બહાને વાતચીત શરૂ કરી હતી

## અમદાવાદમાં ધાર્મિક વિધિના નામે માતાજીનો ડર બતાવી વૃદ્ધાને 'હિપ્નોટાઇઝ' કરી, સોનાના ઘરેણાં લૂંટનાર ઝડપાયો

અમદાવાદ । અમદાવાદના વેજલપુર વિસ્તારમાં એક વૃદ્ધાને પોતાની વાતોમાં ફસાવી, ધાર્મિક વિધિ અને માતાજીના નામે સંમોહન (Hypnotism) કરી સોનાના દાગીના ચોરી જનાર 21 વર્ષીય યુવકની ઝોન-7 એલસીબી (LCB) એ ધરપકડ કરી છે. આ ટોળકી ધાર્મિક આસ્થાનો સહારો લઈને ભોળા નાગરિકોને પોતાની જાળમાં ફસાવતી હતી.

મળતી માહિતી અનુસાર, 23મી નવેમ્બર 2025ના રોજ વેજલપુર વિસ્તારમાં એક વૃદ્ધા મંદિર જઈ રહ્યા હતા, ત્યારે બે શખસોએ તેને રસ્તામાં અટકાવ્યા હતા. આ શખસોએ પોતાની ઓળખ ખોડિયાર માતાજી અને કાળકા માતાજીના સેવકો તરીકે આપી હતી અને ખોડિયાર માતાજીના મંદિરનું સરનામું પૂછવાના બહાને વાતચીત શરૂ કરી હતી. શરૂઆતમાં આ શખસોએ વૃદ્ધા પાસે એક રૂપિયો માંગ્યો હતો અને બદલામાં તેમને 100



રૂપિયા આપી વિશ્વાસમાં લીધા હતા. ત્યારબાદ, માતાજીના નામે વિધિ કરવાનું કહી વૃદ્ધા પર સંમોહનનો પ્રયોગ કર્યો હતો. આ શખસોની વાતોમાં આવી ગયેલા વૃદ્ધાએ પોતાની સોનાની બંગડી ઉતારી તેમને આપી દીધી હતી, જે લઈને બંને શખસો પલાયન થઈ ગયા હતા. વેજલપુર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયા બાદ, ઝોન-7 એલસીબીની ટીમે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. પેટ્રોલીંગ દરમિયાન મળેલી ચોક્કસ બાતમીના આધારે પોલીસે સુનીલનાથ ચૌહાણ ઉર્ફે મદારી (21)ને ઝડપી પાડ્યો હતો.

પોલીસ તપાસમાં આરોપી પાસેથી 13.160 ગ્રામ સોનાની બંગડી (કિંમત 1 લાખ રૂપિયા) અને સોનાની ચેન સહિત કુલ 1.8 લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. આ ગુનામાં સામેલ બીજો શખસ, પવનનાથ ઠાકોરનાથ ચૌહાણ હાલ ફરાર છે, જેને પકડવા પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે ઝડપાયેલ સુનીલનાથ ચૌહાણ રીઢો ગુનેગાર છે. તેની સામે અગાઉ પીપાવાવ (અમરેલી), વડનગર (મહેસાણા), ઉના (ગીર સોમનાથ) અને દહેગામમાં છેતરપિંડી અને ચોરીના અનેક ગુનાઓ નોંધાઈ ચૂક્યા છે.

# News Brief

## ગુજરાત વન વિભાગનો ઐતિહાસિક નિર્ણય, 427 વનરક્ષકોને વનપાલ તરીકે બઢતી આપવામાં આવી

ગાંધીનગર । ગુજરાત વન વિભાગે રાજ્યના વન અને વન્યજીવ સંરક્ષણને વધુ મજબૂત બનાવવા માટે એક ઐતિહાસિક પગલું ભર્યું છે. વિભાગે એક જ આદેશમાં 427 વનરક્ષકો (બીટ ગાર્ડ)ને વનપાલ (ફોરેસ્ટર) તરીકે બઢતી આપી છે. આ વિભાગના ઈતિહાસમાં અત્યાર સુધીનો સૌથી મોટો બઢતીનો આદેશ છે, જેનાથી ફિલ્ડમાં કામ કરતા કર્મચારીઓમાં પહેલીવાર આનંદની લહેર ફરી વળી છે.

છેલ્લા ઘણાં સમયથી વન વિભાગના કર્મચારીઓમાં વિવિધ સ્તરે નારાજગી જોવા મળી હતી. કેટલાંક મહિના પૂર્વે મોટા પાયે ગુજરાત રાજ્યના વન કર્મીઓએ ગાંધી ચીંધ્યા માર્ગે જઈને કેટલીક માંગણી પણ કરી હતી. લાંબા સમય પછી આ નિર્ણયથી વન સંરક્ષણની કામગીરીમાં વધુ બદલાવ આવશે અને પાયાના સ્તરે વહીવટી માળખું વધુ સુદ્દઢ બનશે.

બદલીનો આ આદેશ 8 જાન્યુઆરી, 2026ના રોજ વન અને પર્યાવરણ વિભાગના નાયબ સચિવ આસવ ગઢવી દ્વારા જારી કરવામાં આવ્યો છે.

વનરક્ષક, વર્ગ-3(પગાર ધોરણ 18,000- 56,900 રૂપિયા પે મેટ્રિક્સ લેવલ-1)માંથી વનપાલ, વર્ગ-3(પગાર ધોરણ 25,500-81,100, પે મેટ્રિક્સ લેવલ-1)માં બઢતી આપવામાં આવી છે. કુલ 425 કર્મચારીઓને તદ્દન હંગામી ધોરણે બઢતી મળી છે, જ્યારે 2 કર્મચારીઓને એડહોક ધોરણે બઢતી આપવામાં આવી છે.

આ બઢતીની પસંદગી યાદીમાં વિવિધ વર્ગો અને જિલ્લાઓના કર્મચારીઓનો સમાવેશ છે. જેમ કે, વડોદરા સર્કલ, સુરત સર્કલ, જૂનાગઢ વાઈલ્ડલાઈફ સર્કલ, વલસાડ સર્કલ વગેરેમાંથી કર્મચારીઓને બઢતી મળી છે. કેટલાક કર્મચારીઓ કેવડિયા જંગલ સફારી અને અન્ય ડેપ્યુટેશન પર કામ કરી રહ્યા છે. આ આદેશમાં ઉલ્લેખ છે કે બઢતી સિનિયોરિટી, કોર્ટ કેસ અને ખાતાકીય તપાસને આધીન રહેશે. વધુમાં કેટલાક કર્મચારીઓને હિન્દી પરીક્ષા પાસ કરવાની શરતે બઢતી આપવામાં આવી છે.

પંચમહાલમાં ખનીજ માફિયા બેફામ:

## વોટ્સએપ ગ્રુપ દ્વારા અધિકારીઓની રેકી કરતા ઓડિયો મેસેજ વાઈરલ

પંચમહાલ | પંચમહાલ જિલ્લામાં ખનીજ માફિયાઓ આધુનિક પદ્ધતિથી સરકારી તંત્રને પડકાર ફેંકી રહ્યા છે. જિલ્લામાં અધિકારીઓની ગાડીઓની રેકી કરવા માટે સોશિયલ મીડિયાનો ઉપયોગ થતો હોવાનો ચોંકાવનારો ઘટસ્ફોટ થયો છે. ' પંચમહાલના બંકા' નામના વોટ્સએપ ગ્રુપમાં અધિકારીઓના લોકેશન અને ઓડિયો મેસેજ શેર કરી ખનીજ ચોરીને અંજામ આપવામાં આવી રહ્યો છે, જેનાથી વહીવટી તંત્રમાં ભારે ખળભળાટ મચી ગયો છે. ખનીજ માફિયાઓએ અધિકારીઓની હિલચાલ પર નજર રાખવા માટે એક આખું જાળ બિછાવ્યું છે. 'પંચમહાલના બંકા' નામના ગ્રુપમાં અધિકારીઓ ક્યારે ઓફિસમાંથી બહાર નીકળે છે અને કયા રૂટ પર જઈ રહ્યા છે તેની પળેપળની માહિતી શેર કરવામાં આવે છે. ગોધરા અને કાલોલ વિસ્તારના રૂટ, ચોક્કસ લોકેશન અને સમયની વિગતો આ ગ્રુપમાં લાઈવ અપડેટ કરવામાં આવે છે.

વાઈરલ થયેલા ઓડિયો મેસેજમાં સ્પષ્ટ સાંભળવા મળે છે કે માફિયાઓ અધિકારીઓની ગાડીઓનો પીછો કરી રહ્યા છે અને એકબીજાને એલર્ટ કરી રહ્યા છે. ખનીજ માફિયાઓના આ હાઈટેક નેટવર્કને કારણે ખાણ-ખનીજ વિભાગ અને પોલીસની કામગીરી નિષ્ફળ સાબિત થઈ રહી છે. જ્યારે પણ અધિકારીઓ ઓચિંતું ચેકિંગ કરવા નીકળે છે, તે પહેલા જ માફિયાઓને 'એલર્ટ' મળી જાય છે અને સ્થળ પરથી ગેરકાયદે પ્રવૃત્તિઓ બંધ કરી વાહનો ગાયબ કરી દેવામાં આવે છે.

## જામનગરમાં ગોકુલ નગર વિસ્તારમાં પાડોશીઓ વચ્ચે તકરાર થતાં મામલો પોલીસ મથકે પહોંચ્યો

જામનગરના ગોકુલનગર વિસ્તારમાં ગઈકાલે બે પાડોશીઓ વચ્ચે તકરાર થઈ હતી, અને એક પાડોશીને બાજુમાં જ રહેતા એક મહિલા સહિતના પાંચ શખ્સોએ માર મારી તેના બે મોબાઈલ ફોન તોડી નાખ્યા હતા, ઉપરાંત ગળામાં પહેરેલો સોનાનો ચેઈન ઝુંટવી લીધો હતો. જે બનાવ અંગે સીટી સી. ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.

આ બનાવની વિગત એવી છે કે જામનગરમાં ગોકુલ નગર શેરી નં-2, ભાગ્યોદય સોસાયટીમાં રહેતા સંજય જીવણભાઈ કોરિયા નામના 35 વર્ષના યુવાન પર તેના પાડોશમાં જ રહેતી પ્રેમીલાબેન, ભીમભાઈ ઉર્ફે સરપંચ, નવીનભાઈ ગોરી, અને તેની સાથેના બે અજાણ્યા સાગરીતો વગેરેએ એક સંપ કરી પોતાને મારકુટ અને તોડફોડ કર્યાની ફરિયાદ નોંધાવી છે.

પોલીસમાં જાહેર કરાયા અનુસાર ફરિયાદી અને પાડોશી આરોપીઓ વચ્ચે અવારનવાર બોલા ચાલી અને ઝઘડા થતા હતા, જેનું મન દુ:ખ રાખીને ગઈકાલે તમામ આરોપીઓ ઘરમાં ઘૂસી આવ્યા હતા અને ઢીકાપાટુ નો માર મારી તેમના બે મોબાઈલ ફોન તોડી નાખ્યા હતા, તેમજ ગળામાં પહેરેલો સોનાનો ચેઈન બળજબરીથી આંચકી લીધો હતો.આખરે આ મામલો સિટી સી. ડિવિઝન પોલીસ મથકમાં લઈ જવાયો છે, અને પ્રેમીલાબેન નામની મહિલા સહિત પાંચ શખ્સો સામે ફરિયાદ નોંધાવતાં પોલીસે આ બનાવ અંગેની વધુ તપાસ હાથ ધરી છે.

## 12 જાન્યુઆરી - વિવેકાનંદ જન્મ જયંતિ

12 જાન્યુઆરી 1863 ના મકરસંક્રાતિના દિવસે કલકતામાં સ્વામી વિવેકાનંદજીનો જન્મ થયો. તેમના પિતાનું નામ વિશ્વનાથ દત્ત હતું. જેઓ હાઈકોર્ટમાં પ્રસિદ્ધ વકીલ હતા. તેમની માતાનું નામ ભુવનેશ્વરી દેવી હતું. તેમનું બાળપણનું નામ નરેન્દ્રનાથ હતું. નરેન્દ્રનાથને બાળપણથી આધ્યાત્મિક જ્ઞાન અને ભક્તિરસનું ભાથું તેમની માતા પાસેથી મળ્યું હતું. તેમણે ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરની સંસ્થામાં પ્રવેશ મેળવી ઉત્તમ શિક્ષણ મેળવ્યું. તે બાદ કોલકત્તાની પ્રેસિડેન્ટ કોલેજમાં અભ્યાસ કર્યો હતો. નરેન્દ્રનાથ અભ્યાસ સાથે અન્ય દરેક પ્રવૃતિમાં પ્રવિણ હતા. તેમણે તત્વજ્ઞાન, ઈતિહાસ, સમાજશાસ્ત્ર, સાહિત્ય એમ વિવિધ વિષયોમાં રસ હતો. તેમજ તેઓએ વેદ, ઉપનિષદો, ભગવદ્ ગીતા, રામાયણ, મહાભારત જેવા વિવિધ પુરાણોનો ઊંડાણપૂર્વક અભ્યાસ કર્યો હતો. તેઓ બાળપણથી જ ખૂબ મેધાવી હોશિયાર અને ખંતીલા હતા. તેમની યાદશક્તિ અદ્ભૂત હતી. તેઓ એકવાર કોઈ પુસ્તકનું વાંચન કરતા તો બધું જ યાદ રહી જતું. તેમજ તેઓ ખૂબ નીડર હતાં જ્યાં સુધી પોતે અનુભવ ન કરે ત્યાં સુધી તે કોઈ વાતને સાચી માનતા નહીં.

નરેન્દ્રનાથને બાળપણથી જ એક જ ધૂન હતી. ‘મારે ઈશ્વરને જોવા છે. ઈશ્વરનો સાક્ષાત્કાર કરવો છે.‘ ઈશ્વર પ્રાપ્તિની ઝંખનામાં તેઓ ગુરુની શોધમાં ઘણા મહાપુરુષોને મળ્યા પરંતુ, તેમને સંતોષ થયો નહીં. સ્વામી રામકૃષ્ણ પરમહંસને મળ્યા પછી નરેન્દ્રનાથને તેમનામાં સાચા ગુરુના દર્શન થયા. ત્રેવીસ વર્ષની ઉંમરે ભગવા વસ્ત્રો પહેરીને સંન્યાસી બની ગયા. સ્વામી રામકૃષ્ણ પરમહંસજી એ નરેન્દ્રનાથને વિવેકાનંદ નામ આપ્યું. વિવેકાનંદ બન્યા પછી એમણે ભારતનું ભ્રમણ કયું. ઉત્તર ભારત તીર્થો, હિમાલય, દિલ્હી, ગુજરાત, મહારાષ્ટ્ર તેમજ દક્ષિણ ભારતમાં કન્યાકુમારી સુધી ભ્રમણ કર્યું. દેશના લોકોની સ્થિતિનો અભ્યાસ કર્યો. દેશબંધુઓના દુ:ખ અને પરિસ્થિતિ જોઈને તેમને દેશભક્તિમાં જ સંન્યાસ દેખાયો. અને દેશનાં વિકાસ માટે ચિંતા દાખવીને અમેરિકા જવાનું વિચાર્યું.



નંદની વાસાણી ,
દેશલપર (ભુજ)

11 સપ્ટેમ્બર 1893ના રોજ શિકાગોના આર્ટ ઈન્સ્ટિટ્યૂટ ખાતે વિશ્વધર્મ સંસદની શરૂઆત થઈ. સ્વામી વિવેકાનંદજીએ તેના વક્તવ્યની શરૂઆત ‘અમેરિકાના મારા ભાઈઓ અને બહેનો‘ સંબોધી ને કરી. આ શબ્દોની સાથે જ સૌ કોઈએ તાળીઓના ગડગડાટથી સ્વામીજીને વધાવી લીધા. શિકાગોની વિશ્વધર્મ પરિષદ ના એમના મહાવિજયની વાતો ભારતીય સમાચારપત્રોમાં છવાઈ ગઈ. સ્વામી વિવેકાનંદ ભારતના ગરીબજનોને ભૂલ્યા ન હતા. ક્યાં ગરીબીમાં સબડતું એમનું પ્રિય ભારત અને કયાં ધનવૈભવમાં આળોટતું અમેરિકા. પોતાના દેશને કઈ રીતે સબળ અને પ્રગતિશીલ બનાવી શકાય તેની ચિંતા સતત કરતા રહ્યા. પરદેશથી સ્વામીજી જ્યારે પાછા આવી રહ્યા હતા ત્યારે એક અંગ્રેજ વ્યક્તિ એ તેમને પૂછ્યું કે, પશ્ચિમના વૈભવ વિલાસની વચ્ચે રહ્યા પછી તમારી માતૃભૂમિ તમને કેવી લાગશે? સ્વામીજીએ જવાબ આપ્યો કે ‘વિદેશ જતાં પહેલા પણ હું મારી માતૃભૂમિને ચાહતો હતો. અને હવે મને એવું લાગે છે કે જાણે ભારતનું એક એક રજકણ માટે માટે પવિત્ર છે. ભારત મારી પુણ્યભૂમિ છે, તે મારું તીર્થસ્થાન છે.‘ સ્વામીજીએ 1 મે 1897ના રોજ કલકત્તા ખાતે રામકૃષ્ણ મઠની સ્થાપના કરી. રામકૃષ્ણ મિશનનો મુખ્ય ઉદેશ શૈક્ષણિક, સાંસ્કૃતિક, તબીબી અને રાહત કાર્યો દ્વારા જનસમૂહને મદદ કરવાનો હતો. સ્વામીજીએ પોતાના સમગ્ર જીવન દરમિયાન સખત અને કઠિન પુરુષાર્થ કર્યો હતો. તેમને દેશબંધુઓને ‘ઉઠો જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડ્યા રહો‘ નો સંદેશ આપ્યો હતો. તેઓ યુવાનોને કહેતા કે ‘હિંમતવાન બનો, તાકાતવાન થાઓ. બધી જવાબદારી પોતાને શિરે ઓઢી લો. અમે સમજો કે તમારા નસીબના ઘડનારા તમે પોતે જ છો. જે કંઈ શક્તિ અને સહાય તમારે જોઈએ તે તમારી અંદર જ છે. માટે તમારું ભાવી તમે પોતે જ ઘડો. આજે પણ ભારતમાં પ્રતિવર્ષ સ્વામી વિવેકાનંદજી ની જન્મ જયંતિ ને રાષ્ટ્રીય યુવા દિવસ તરીકે મનાવવામાં આવે છે. સ્વામીજી તેના અંતકાળ સુધી દેશના લોકોની સતત ચિંતા કરતા રહ્યા. લોકોને યોગ્ય ઉપદેશ શીખવતા રહ્યા અને સહાય પ્રેરણા આપતા રહ્યા. 4 જુલાઈ 1902ના રોજ જાણે થાકેલ બાળક માં જગદંબાના ખોળામાં સૂઈ જાય તેમ સ્વામીજીએ સમાધિ લીધી. તેમના જીવનનો તો અંત થયો પરંતુ, તેમને આપેલા શાશ્વત પ્રેરણાસ્ત્રોત સમા ઉપદેશો આજે પણ જીવંત છે. આ ઉપદેશોમાંથી પ્રેરણા મેળવીને સમસ્યાઓ અને મુશ્કેલીઓનો સામનો કરીને સફળ જીવન જીવી શકાય. સ્વામીજી ના વિચારો ને આપણા જીવનમાં ઉતારી નૈતિક અને આધ્યાત્મિક જીવન જીવીને પોતાના જીવનને સાર્થક બનાવીએ.

## એન.જે. ગ્રૂપના સહયોગથી ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી દ્વારા આયોજિત અંડર-11 એથ્લેટિક્સ મીટમાં

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી દ્વારા એન.જે. ગ્રૂપના સહયોગથી સુરતના વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સિટીના સ્પોર્ટ્સ કોમ્પલેક્ષમાં અંડર-11 એથ્લેટિક્સ મીટનું આયોજન કરવામાં આવ્યું છે. ચાર દિવસીય આ મિની ઓલિમ્પિક ગેમ્સના બીજા દિવસે અંડર-9 ભાઈઓ માટે 11 પ્રકારની સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાંથી સ્ટેન્ડિંગ બ્રોડ જમ્પ સ્પર્ધામાં પ્રથમ ક્રમાંકે અમદાવાદના દસ્ક્રોઈ તાલુકાના મીરોલી ગામમાં રહેતાં બાળખેલાડી તાહેડ જયપાલ મહેશભાઈ વિજેતા બન્યા હતા. અત્યંત કઠીન પરિસ્થિતિમાં રમતગમત ક્ષેત્રે હરળફાળ ભરતાં જયપાલ તાહેડની સફલ્યગાથા જાણવા જેવી છે. 9 વર્ષીય તાહેડ જયપાલ મહેશભાઈ હાલ અમદાવાદના દસ્ક્રોઈ તાલુકાના મીરોલી ગામમાં આવેલી મીરોલી પ્રાથમિક શાળામાં ધોરણ 4માં અભ્યાસ કરે છે. જયપાલના માતા-પિતા મીરોલી ગામમાં ખેતમજૂરી કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. મહેશભાઈના પરિવારમાં ચાર ભાઈ અને બે બહેનો છે. જેમાં જયપાલ પોતાના માતા-પિતાનું ચોથા નંબરનું સંતાન છે.

જયપાલના પિતાશ્રી મહેશભાઈ મૂળ દાહોદ જિલ્લાના ઉડાર ગામના છે અને અમદાવાદના મીરોલી ગામમાં પોતાની ધર્મપત્ની સાથે ખેતમજૂરી કરે છે. જયપાલનું સ્વપ્ન ભવિષ્યમાં ભારતીય સેનામાં જોડાવવાનું છે. તેને રમતગમત ક્ષેત્રે આગળ વધવું છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

### વડોદરા તળાવ મત્સ્ય વૈવિધ્ય સૌથી વધુ છે, માછલી પ્રજાતિ ડીએનએ ટેસ્ટિંગ રિપોર્ટ જાહેર થયો

# મધ્ય ગુજરાત માછલી પ્રજાતિ સંશોધન 400 તળાવોમાં 42 પ્રજાતિ

(એજન્સી) વડોદરા । તા. 10

મધ્ય ગુજરાતના જળચર પર્યાવરણને લઈને એક અત્યંત મહત્વપૂર્ણ અને આંખ ઉઘાડનારો ખુલાસો થયો છે. વડોદરાની પ્રખ્યાત એમ.એસ. યુનિવર્સિટીના ઝૂઓલોજી વિભાગના સંશોધકોએ પાંચ જિલ્લાના ૪૦૦ જેટલા તળાવોમાં ઊંડાણપૂર્વક અભ્યાસ હાથ ધર્યો હતો. આ સંશોધનમાં જાણવા મળ્યું છે કે આ પ્રદેશના મીઠા પાણીના જળાશયોમાં માછલીઓની કુલ ૪૨ જેટલી વિવિધ પ્રજાતિઓ વસવાટ કરી રહી છે. ખાસ વાત એ છે કે, ઈતિહાસમાં પહેલીવાર આ માછલીઓનું માત્ર ડોક્યુમેન્ટેશન જ નહીં, પરંતુ તેમનું ડીએનએ ટેસ્ટિંગ પણ કરવામાં આવ્યું છે, જે જૈવવિવિધતાના સંરક્ષણ માટે એક મોટું કદમ માનવામાં આવે છે.



### પાંચ જિલ્લાઓમાં જૈવવિવિધતાનું ચિત્ર

જાણો સમગ્ર ઘટનાક્રમ મુજબ, વડોદરા, આણંદ, ખેડા, પંચમહાલ અને દાહોદ જિલ્લાના તળાવો પર આ અભ્યાસ કેન્દ્રિત હતો. સંશોધક ડો. ગઝાલા શેખે પ્રોફેસર પી. સી. મંકોડીના માર્ગદર્શન હેઠળ આ ભગીરથ કાર્ય પૂર્ણ કર્યું છે. અભ્યાસ મુજબ, વડોદરા જિલ્લો માછલીઓની વસ્તી અને પ્રજાતિના વૈવિધ્યમાં સમગ્ર મધ્ય ગુજરાતમાં મોખરે છે. અહીં બારેમાસ પાણીની ઉપલબ્ધતા હોવાથી સ્થાનિક અને વિદેશી બંને પ્રકારની માછલીઓ અહીં પુષ્કળ પ્રમાણમાં જોવા મળે છે. તેની સરખામણીએ પંચમહાલ અને દાહોદમાં પાણીની અનિશ્ચિતતા અને ઋતુ આધારિત પરિસ્થિતિઓને કારણે મત્સ્ય સંપત્તિ ઓછી નોંધાઈ છે.

### પ્રદૂષણ અને વિદેશી પ્રજાતિઓનો ખતરો

અત્યાર સુધીની પરિસ્થિતિ જોતા, શહેરી તળાવોમાં વધતું પ્રદૂષણ માછલીઓ માટે જોખમરૂપ સાબિત થઈ રહ્યું છે. આશ્ચર્યજનક રીતે, પ્રદૂષિત પાણીમાં પણ આફ્રિકન પ્રજાતિની 'તિલાપિયા' અને 'કોમન કાર્પ' જેવી વિદેશી માછલીઓનું વર્ચસ્વ વધ્યું છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આફ્રિકન તિલાપિયા માછલી સ્થાનિક પ્રજાતિઓ કરતા વધુ ઝડપથી ઈંડા મૂકે છે, જેને કારણે તે સ્થાનિક માછલીઓના અસ્તિત્વ માટે ખતરો બની ગઈ છે. આણંદ અને ખેડાના કેટલાક તળાવોમાં 'યુટ્રોફિકેશન' એટલે કે લીલનું સામ્રાજ્ય વધવાને કારણે ઓક્સિજનનું પ્રમાણ ઘટતા માછલીઓના જીવન પર જોખમ તોળાઈ રહ્યું છે.

### વડોદરા શહેરની ચોંકાવનારી વિગતો

વડોદરા શહેરના ગોરવા અને લક્ષ્મીપુરા જેવા વિસ્તારોમાં કરવામાં આવેલા નિરીક્ષણમાં જાણવા મળ્યું છે કે અહીં સ્થાનિક માછલીઓની સરખામણીએ વિદેશી પ્રજાતિઓનું પ્રમાણ ચિંતાજનક હદે વધારે છે. સંશોધકોનું માનવું છે કે જો સ્થાનિક ઈકોસિસ્ટમને બચાવવી હશે, તો પ્રદૂષણ પર નિયંત્રણ મેળવવું અને સ્થાનિક પ્રજાતિઓના સંવર્ધન માટે યોગ્ય પગલાં લેવા અનિવાર્ય છે. આ ડીએનએ ડોક્યુમેન્ટેશન હવે ભવિષ્યમાં મત્સ્ય ઉદ્યોગ અને પર્યાવરણ નીતિ ઘડવામાં પાયાનો પથ્થર સાબિત થશે.

### તળાવોની સ્થિતિ અને પ્રજનન ક્ષમતા પર અસર

સર્વે કરવામાં આવેલા ૪૦૦ પૈકી ૮૫ ટકા તળાવોમાં જ માછલીઓ જોવા મળી હતી. બાકીના ૧૫ ટકા તળાવો કાં તો સુકાઈ ગયા હતા અથવા તો અત્યંત ઝેરી પ્રદૂષણને કારણે મત્સ્ય વિહોણા બની ગયા હતા. પ્રદૂષણને કારણે પાણીમાં એમોનિયા અને સીઓડી (COD) નું પ્રમાણ વધતા માછલીઓમાં માનસિક તણાવ વધે છે, જે લાંબા ગાળે તેમની કુદરતી પ્રજનન ક્ષમતામાં ઘટાડો કરે છે. આ અભ્યાસમાં શાકાહારી માછલીઓ જેવી કે રોહુ, કટલા અને મૃગલની સાથે માંસાહારી પ્રજાતિઓ જેવી કે બોયલ અને મગુરની હાજરી પણ નોંધાઈ છે.

## બૂટલેગરો અને પોલીસ વચ્ચેના સંપર્કની તપાસ શરૂ : વાઘોડિયા પોલીસમાં ફફડાટ

(એજન્સી) વડોદરા/વાઘોડિયા । તા. 10

વડોદરા શહેર પોલીસની કડકાઈને કારણે બૂટલેગરોએ હવે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોને પોતાનો અડ્ડો બનાવ્યો છે. વાઘોડિયામાં સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) એ પાડેલા દરોડામાં ૧૭.૭૨ લાખનો દારૂ ઝડપાતા જિલ્લા પોલીસની ઊંઘ ઉડી ગઈ છે. આ મામલે હવે બૂટલેગરો અને પોલીસના કહેવાતા 'વહીવટદારો' વચ્ચેના કથિત આર્થિક વ્યવહારોની તપાસ શરૂ થતા પોલીસ બેડામાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

૮ દિવસના રિમાન્ડમાં ખુલશે મોટા માથાઓના નામ વાઘોડિયાના આનંદનગરી વિસ્તારમાં ચાલતા દારૂના કટિંગના કેસમાં પકડાયેલા વિનોદ વસાવા અને કરણ બારીયા સહિતના ૯ આરોપીઓને કોર્ટમાં રજૂ કરી પોલીસે ૮ દિવસના રિમાન્ડ મેળવ્યા છે. તપાસ અધિકારીઓ હવે એ દિશામાં કામ કરી રહ્યા છે કે આ બૂટલેગરો કેટલા સમયથી સક્રિય હતા અને મધ્યપ્રદેશના સપ્લાયરો પાસેથી મંગાવેલો જથ્થો કોને કોને સપ્લાય કરવામાં આવતો હતો.

આ તપાસમાં ટેકનિકલ પુરાવાઓ પર વધુ ભાર મૂકવામાં આવી રહ્યો છે. આરોપીઓના મોબાઈલ ફોનની કોલ ડિટેલ (CDR) અને ખાસ કરીને વોટ્સએપ કોલ તથા ડિલીટ કરી નાખેલી ચેટ્સ રિસ્ટોર કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

## News Brief

### વડોદરામાં ડુપ્લિકેટ પોલીસ ઝડપાયો : કર્ણાટકના વેપારીને ડરાવનાર અનવર પઠાણ જેલભેગો



વડોદરા | વડોદરા શહેર ક્રાઈમ બ્રાન્ચે કર્ણાટકના એક વેપારી સાથે આચરવામાં આવેલી રૂા. 4.92 કરોડની મસમોટી ઠગાઈના કેસમાં એક મહત્વની સફળતા મેળવી છે. આ ટોળકીમાં સામેલ અને વેપારીને પોલીસ હોવાનો રૂઆબ બતાવી ડરાવનાર 'ડુપ્લિકેટ પોલીસ' અનવરખાન પઠાણને પોલીસે તાંદલજા વિસ્તારમાંથી ઝડપી પાડ્યો છે. આ કેસમાં અગાઉ ચાર આરોપીઓ પકડાઈ ચુક્યા છે, જ્યારે મુખ્ય સૂત્રધાર હજુ પોલીસ પકડથી દૂર છે. સસ્તું સોનું અને 10 કરોડની લોનનું લાલચ ઘટનાની વિગત મુજબ, કર્ણાટકના વેપારીને વડોદરા બોલાવી 10 કરોડની લોન અપાવવાના બહાને રૂા. 30 લાખ પડાવ્યા હતા. ત્યારબાદ સસ્તું સોનું અપાવવાની લાલચ આપી કુલ રૂા. 4.92 કરોડ ખંખેરી લેવામાં આવ્યા હતા. આ કેસની તપાસ કરી રહેલા PI હેતલ તુવરને જાણવા મળ્યું હતું કે, જ્યારે પણ વેપારી પોતાના પૈસાની ઉઘરાણી કરવા વડોદરા આવતો, ત્યારે અનવર પઠાણ નકલી પોલીસ બનીને તેને જેલની ધમકી આપી ભગાડી દેતો હતો.

### વડોદરામાં BCA ના વિદ્યાર્થીનો આપઘાત : સ્કોલરશિપનું ફોર્મ ભરવા પિતા ઘરે આવ્યા ને લાશ જોઈ



વડોદરા | શહેરના નવાયાર્ડ વિસ્તારમાં એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે, જેમાં BCA ના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતા ૧૯ વર્ષીય વિદ્યાર્થીએ પોતાના ઘરે ગળાફાંસો ખાઈને આપઘાત કરી લીધો છે. જે સમયે પિતા પુત્રને સ્કોલરશિપનું ફોર્મ ભરવામાં મદદ કરવા માટે ઉત્સાહભેર ઘરે વહેલા આવ્યા હતા, તે જ સમયે પુત્રને મૃત હાલતમાં જોઈ પિતાના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. ફતેગંજ પોલીસે આ મામલે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પિતા ઘરે આવ્યા ત્યારે જ બની ઘટના નવાયાર્ડ વિસ્તારમાં રહેતા આ પરિવારમાં માતા-પિતા બંને ખાનગી કંપનીમાં નોકરી કરી પુત્રના ભવિષ્ય માટે મહેનત કરી રહ્યા છે. મૃતક યુવાન વાસદની એક કોલેજમાં BCA ના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતો હતો. શુક્રવારે સાંજે ૫ વાગ્યે તે કોલેજથી ઘરે આવ્યો હતો. તેના પિતા દરરોજ સાત વાગ્યે ઘરે આવતા હોય છે.

### વડોદરા જિલ્લા પોલીસે ૩૬ લાખનો દારૂ પકડ્યો : SMC ના દરોડા બાદ પોલીસ એક્શનમાં



સાવલી/વડોદરા | સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) દ્વારા વડોદરા જિલ્લામાં કરવામાં આવેલા તાજેતરના દરોડા બાદ સ્થાનિક પોલીસ હરકતમાં આવી છે. જિલ્લા એલ.સી.બી.ની ટીમે ગઈકાલે રાત્રે એક્સપ્રેસ હાઈવે પર બાતમીના આધારે વોચ ગોઠવીને એક શંકાસ્પદ ટ્રકને અટકાવી હતી. તપાસ દરમિયાન ટ્રકમાં બનાવેલા ગુપ્ત ચોરખાનામાંથી રૂા. ૩૬.૬૬ લાખની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો મળી આવતા પોલીસ પણ ચોંકી ઉઠી હતી. આ કાર્યવાહીમાં પોલીસે કુલ ૪૬.૮૯ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. કુલરના બોક્સની આડમાં સંતાડ્યો હતો દારૂ પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે બુટલેગરોએ ધરપકડથી બચવા માટે ટ્રકમાં અત્યંત ચાલાકીપૂર્વક ચોરખાનું બનાવ્યું હતું. ટ્રકમાં ઉપરના ભાગે કુલરના જૂના બોક્સ ગોઠવવામાં આવ્યા હતા, જેની નીચે સંતાડેલી વિદેશી દારૂની ૭,૦૬૮ બોટલો પોલીસે શોધી કાઢી હતી.

## પોલીસ ભરતીની તૈયારી કરતા યુવાનનું મોત : ખાખી વર્દી પહેરવાનું સપનું રોળાયું

(એજન્સી) સુરત । તા. 10

રાજ્યમાં નાની વયના યુવાનોમાં હાર્ટએટેકનું પ્રમાણ ચિંતાજનક સ્તરે વધી રહ્યું છે, ત્યારે અમરેલી જિલ્લાના જાફરાબાદમાં એક અત્યંત દુઃખદ ઘટના સામે આવી છે. ટ્રાફિક બ્રિગેડ (TRB) માં ફરજ બજાવતા અને પોલીસમાં જોડાઈને દેશસેવા કરવાનું સપનું જોતા ૨૪ વર્ષીય હર્ષ મકવાણાનું સવારે પ્રેક્ટિસ દરમિયાન હાર્ટએટેકથી મોત નીપજ્યું છે. આ ઘટનાને પગલે સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે અને મકવાણા પરિવાર પર આભ તૂટી પડ્યું છે. ચાલતા-ચાલતા છાતીમાં દુખાવો ઉપડ્યો પ્રાપ્ત માહિતી અનુસાર, હર્ષ મકવાણા દરરોજની જેમ શનિવારે સવારે વોકિંગ અને પોલીસ ભરતી માટેની પ્રેક્ટિસ કરી રહ્યો હતો. આ દરમિયાન અચાનક તેને છાતીમાં અસહ્ય દુખાવો ઉપડ્યો હતો. તબિયત લથડતા તેને તાત્કાલિક સ્થાનિક હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર માટે રાજુલા ખસેડવામાં આવ્યો હતો. જોકે, હોસ્પિટલ પહોંચે તે પહેલા જ રસ્તામાં હર્ષે અંતિમ શ્વાસ લીધા હતા. તબીબોએ તેને મૃત જાહેર કરતા પરિવારમાં આક્રંદ છવાઈ ગયો હતો. મૃતક હર્ષ મકવાણા જાફરાબાદમાં ટીઆરબી જવાન તરીકે નિષ્ઠાપૂર્વક ફરજ બજાવતો હતો. તેની આંખોમાં પોલીસ અધિકારી બનવાનું અને ખાખી વર્દી પહેરવાનું મોટું સપનું હતું, જેના માટે તે દિવસ-રાત મહેનત કરી રહ્યો હતો. માત્ર ૨૪ વર્ષની ઉંમરે હૃદયરોગનો હુમલો એક આશાસ્પદ યુવાનના જીવનનો દીવો બુઝાવી ગયો. આ ઘટનાએ ફરી એકવાર યુવાનોમાં વધતા હૃદયરોગના જોખમ સામે લાલબત્તી ધરી છે.

### કામ પર રહ્યાના ચોથા દિવસે જ રૂા. 36.51 લાખનું સોનું લઈ પલાયન

## રાજકોટમાં કારીગર સોનું ચોરી ફરાર : વેપારી નાસ્તો કરવા ગયા ને તિજોરી સાફ

(એજન્સી) રાજકોટ । તા. 10

રાજકોટની સોની બજારમાં ફરી એકવાર કારીગર દ્વારા વેપારીનો વિશ્વાસઘાત કરી મોટી ચોરી કરવાની ઘટના સામે આવી છે. દરબારગઢ ચોક વિસ્તારમાં 'માણેક ગોલ્ડ કોસ્ટિંગ' નામે કારખાનું ધરાવતા કલ્પેશભાઈ કાતરિયાનું રૂા. 36.51 લાખનું સોનું તેમનો જ કારીગર અક્ષય બાઉળી માત્ર 7 મિનિટમાં ચોરી કરીને ફરાર થઈ ગયો છે. પશ્ચિમ બંગાળના આ કારીગરે કામ પર જોડાયાના ચોથા દિવસે જ આ કાંડને અંજામ આપ્યો છે.



નાસ્તો કરવા જવું મોંઘું પડ્યું ઘટનાની વિગત મુજબ, ગત 4 જાન્યુઆરીના રોજ સવારે વેપારી કલ્પેશભાઈ કારખાનું ખોલીને ઉપરના માળે નાસ્તો કરવા ગયા હતા. આ દરમિયાન તેમની પત્નીએ નીચે દરવાજો ખોલતા કારીગર અક્ષય કામે આવ્યો હતો. કલ્પેશભાઈને યાદ આવ્યું કે તિજોરીની ચાવી અંદર જ રહી ગઈ છે, પરંતુ તેઓ નીચે પહોંચે તે પહેલા જ અક્ષય તિજોરીમાંથી 270 ગ્રામ શુદ્ધ સોનું અને સોનાનો ભૂક્કો લઈને ગાયબ થઈ ગયો હતો.

આરોપી અક્ષય અને વેપારી કલ્પેશભાઈ બાર વર્ષ પહેલા સુરતમાં સાથે નોકરી કરતા હતા.

## સુરત મ્યુનિસિપલ કમિશનરનો સપાટો : ભ્રષ્ટ કોન્ટ્રાક્ટરને ફટકાર્યો અઢી કરોડનો દંડ

(એજન્સી) સુરત । તા. 10

સુરત મહાનગરપાલિકામાં રાજકીય આશીર્વાદ હેઠળ ચાલતા કચરા નિકાલના કૌભાંડ પર મ્યુનિસિપલ કમિશનરે જોરદાર હથોડો વીંઝ્યો છે. સુરતના કચરાનો વૈજ્ઞાનિક રીતે નિકાલ કરવાના બદલે મહુવાના કાંકરિયા ગામમાં ગેરકાયદે કચરો ઠાલવી પાલિકાની છબી ખરડનાર વાપીની 'સી ડી ટ્રાન્સપોર્ટ' કંપની સામે આકરી કાર્યવાહી કરવામાં આવી છે. કમિશનરે આ એજન્સીને અઢી કરોડ રૂપિયાનો દંડ ફટકારવા સાથે નવા ટેન્ડર તાત્કાલિક બહાર પાડવાનો આદેશ આપ્યો છે. રાજકીય આશીર્વાદ અને પાલિકાની ક્ષોભજનક સ્થિતિ ખજોદ સાઈટ પર દરરોજના ૨૫૦૦ મેટ્રિક ટન કચરાના નિકાલ માટે આ કંપનીને ત્રણ વર્ષનો કોન્ટ્રાક્ટ અપાયો હતો. ભાજપના નેતાઓની નજીકની ગણાતી આ એજન્સી સામે અગાઉ સોલિડ વેસ્ટ વિભાગ લાચાર દેખાતો હતો. મહુવા ખાતે કચરો ઠાલવવાની ઘટનામાં જ્યારે પોલીસ ફરિયાદ થઈ ત્યારે પાલિકાની પોલ ખુલી હતી.

### શકમંદ હાલતમાં ફરતા શાંતિલાલ મકવાણા પાસેથી ચોરીનું બાઈક જપ્ત

## વડોદરામાં બાઈક ચોર આધેડની ધરપકડ : કોઠી વિસ્તારમાંથી ચોરેલી બાઈક મળી આવી



(એજન્સી) વડોદરા । તા. 10

વડોદરા શહેર ક્રાઈમ બ્રાન્ચની ટીમે વાહન ચોરીના ગુનાઓ ઉકેલવા માટે હાથ ધરેલી ઝુંબેશમાં મોટી સફળતા મેળવી છે. શહેરના કોઠી વિસ્તારમાં આવેલી જૂની કલેક્ટર કચેરી પાસેથી ૨૦ દિવસ પહેલા મોટરસાયકલ ચોરી કરનાર આધેડ વયના શખ્સને પોલીસે બાતમીના આધારે ઝડપી પાડ્યો છે. આરોપીની કડક પૂછપરછમાં અન્ય વાહન ચોરીના ભેદ ઉકેલાય તેવી શક્યતા સેવાઈ રહી છે.

બરોડા ડેરી પાસે ચેકિંગ દરમિયાન પકડાયો ક્રાઈમ બ્રાન્ચની ટીમ તરસાલી અને બરોડા ડેરી વચ્ચેના માર્ગ પર શકમંદો પર નજર રાખી રહી હતી. આ દરમિયાન એક મોટરસાયકલ પર પસાર થઈ રહેલા આધેડ વ્યક્તિની હિલચાલ શંકાસ્પદ જણાતા પોલીસે તેને અટકાવ્યો હતો. પોલીસે વાહનના કાગળો માંગતા ચાલક ગલ્લાતલ્લા કરવા લાગ્યો હતો અને તેની પાસે કોઈ જ દસ્તાવેજ મળી આવ્યા ન હતા.

## સાવલીથી પાદરા જતું રેતી ભરેલું ડમ્પર કબજે, ખેડાના ચાલકની ધરપકડ

(એજન્સી) વડોદરા । તા. 10

વડોદરા શહેરમાં ભારદારી વાહનો દ્વારા થતા અકસ્માતોમાં નિર્દોષ નાગરિકોના મોતના કિસ્સાઓ ચિંતાજનક રીતે વધી રહ્યા છે. ગતરોજ શહેરમાં અલગ-અલગ અકસ્માતોમાં ત્રણ સિનિયર સિટિઝનોના કરુણ મોત નીપજ્યા હતા. આ ગંભીર સ્થિતિને ધ્યાનમાં રાખી પોલીસ દ્વારા રાત્રિના સમયે સઘન વાહન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું, જે દરમિયાન અટલાદરા ચેક પોસ્ટ પાસેથી નશામાં ધૂત હાલતમાં પૂરઝડપે ડમ્પર ચલાવતા એક ડ્રાઈવરને ઝડપી પાડવામાં આવ્યો છે. સ્વામિનારાયણ મંદિર પાસે પૂરઝડપે આવતું ડમ્પર રોક્યું અટલાદરા પોલીસ ચેક પોસ્ટ પાસે શુક્રવારે રાત્રે ૧ વાગ્યે વાહન ચેકિંગ ચાલતું હતું ત્યારે સ્વામિનારાયણ મંદિર તરફથી એક ડમ્પર અત્યંત પૂરઝડપે આવતું જણાયું હતું. પોલીસે શંકાના આધારે ડમ્પરને અટકાવી ડ્રાઈવરની તપાસ કરતા તે દારૂના નશામાં ચૂર હોવાનું માલૂમ પડ્યું હતું.

### સોમનાથ મંદિર દિગ્વિજય દ્વાર રાષ્ટ્રભક્તિનું પ્રતીક

## જામ સાહેબ દિગ્વિજયસિંહજી પ્રદાન પાયાનું છે, સોમનાથ ટ્રસ્ટ પ્રથમ પ્રમુખ તરીકે સેવા આપી

(એજન્સી) વડોદરા । તા. 10

ભારતની આઝાદીના અમૃતકાળમાં જ્યારે સોમનાથ સ્વાભિમાન પર્વની ઉજવણી કરવામાં આવી રહી છે, ત્યારે સોમનાથ મંદિરના પુનઃનિર્માણના ઈતિહાસને વાગોળવો અનિવાર્ય છે. પ્રભાસ પાટણની પવિત્ર ભૂમિ પર બિરાજમાન પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવના જીર્ણોદ્ધારમાં જામનગરના મહારાજા જામ સાહેબ દિગ્વિજયસિંહજી રણજીતસિંહજી જાડેજાનું યોગદાન સુવર્ણ અક્ષરે અંકિત થયેલું છે. આજે મંદિર પરિસરમાં શાનથી ઊભેલું ભવ્ય 'દિગ્વિજય દ્વાર' માત્ર પ્રવેશદ્વાર નથી, પરંતુ મહારાજાની અડગ રાષ્ટ્રભાવના અને અતૂટ શ્રદ્ધાનું જીવંત શિલ્પિત સ્મરણ છે. જાણો સમગ્ર ઘટનાક્રમ મુજબ, જ્યારે મંદિરના



સુવ્યવસ્થિત સંચાલન માટે 'સોમનાથ ટ્રસ્ટ'ની સ્થાપના કરવામાં આવી, ત્યારે જામ સાહેબ દિગ્વિજયસિંહજી તેના પ્રથમ પ્રમુખ બન્યા હતા. તેમણે પોતાની આ નિમણૂકને માત્ર પદ તરીકે નહીં, પણ મહાદેવની સેવા તરીકે સ્વીકારી હતી અને આજીવન આ પદ પર રહીને નિઃસ્વાર્થ સેવા આપી હતી. આર્થિક સહયોગની વાત આવે ત્યારે પણ જામ સાહેબે ઉદારતાનો અનન્ય દાખલો બેસાડ્યો હતો.

### સરદારના સંકલ્પને સાકાર કરવામાં પાયાની ભૂમિકા

અત્યાર સુધીની પરિસ્થિતિ મુજબ, ભારત આઝાદ થયા બાદ જ્યારે લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલે સોમનાથ મંદિરના પુનઃનિર્માણનો ઐતિહાસિક સંકલ્પ લીધો, ત્યારે સૌરાષ્ટ્રના રાજપ્રમુખ તરીકે મહારાજા દિગ્વિજયસિંહજી તેમની પડખે પહાડની જેમ ઉભા રહ્યા હતા. તેમણે માત્ર વહીવટી દ્રઢતા જ નહીં, પરંતુ સાંસ્કૃતિક રક્ષક તરીકેની ભૂમિકા પણ નિભાવી હતી. જમીન સંપાદનથી લઈને નિર્માણની સુરક્ષા વ્યવસ્થા સુધીની તમામ જટિલ પ્રક્રિયાઓમાં મહારાજાએ રાષ્ટ્રીય ગૌરવને પ્રાથમિકતા આપી હતી. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, મહારાજાના નૈતિક સમર્થન વગર આ ભગીરથ કાર્ય આટલું ઝડપથી પૂર્ણ કરવું અશક્ય હતું.

### વારસો | વિલિંગ્ડન ડેમ ઉદઘાટન ઈતિહાસ ગૌરવશાળી છે

## જૂનાગઢ વિલિંગ્ડન ડેમ 90 વર્ષ પૂર્ણ અડીખમ વારસો

(એજન્સી) જૂનાગઢ । તા. 10

ગિરનારની ગોદમાં વસેલા અને ઐતિહાસિક ધરોહર ધરાવતા જૂનાગઢ શહેર માટે આજનો દિવસ સુવર્ણ અક્ષરે લખવા જેવો છે. નવાબી શાસન દરમિયાન નિર્મિત અને પ્રકૃતિના સૌંદર્યથી છલોછલ એવા વિલિંગ્ડન ડેમના ઉદઘાટનને આજે ૧૦ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ પૂરા ૯૦ વર્ષ પૂર્ણ થયા છે. નવ દાયકાનો લાંબો સમય વીત્યા છતાં, આ જળાશય આજે પણ એટલું જ મજબૂત અને અડીખમ ઉભું છે, જે તે સમયના આયોજન અને બાંધકામની ગુણવત્તાની સાક્ષી પૂરે છે.

### પાણીની સમસ્યાનો કાયમી ઉકેલ અને દાર્શનિક દ્રષ્ટિ

અત્યાર સુધીની પરિસ્થિતિ મુજબ, જૂનાગઢના ત્રીજા નવાબ મહાબતખાનજી અને દીવાન શેખ મહમદે તે સમયે શહેરની પ્રજાને પડતી પાણીની તકલીફ જોઈને એક મજબૂત ડેમ બનાવવાનું સ્વપ્ન જોયું હતું. ઓછામાં ઓછા ખર્ચે અને કુદરતી રીતે પાણીનો સંગ્રહ થઈ શકે તે માટે દાતાર પર્વતની ટેકરીઓની પસંદગી કરવામાં



આવી હતી. ત્રણ બાજુ પહાડોની કુદરતી દીવાલ અને એક બાજુ મજબૂત બાંધકામ કરીને આ સરોવર તૈયાર કરવાનું નક્કી કરાયું હતું. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ૧૧ મે ૧૯૨૯ ના રોજ આ ડેમનો પાયો નાખવામાં આવ્યો હતો અને તે સમયે દાતારની તળેટીમાં ભવ્ય દરબાર ભરીને આ કાર્યનો પ્રારંભ કરાયો હતો.

### લોર્ડ વિલિંગ્ડન સાથેનો સંબંધ અને ઐતિહાસિક ઉદઘાટન

જાણો સમગ્ર ઘટનાક્રમ મુજબ, સાત વર્ષના અથાક પરિશ્રમ બાદ આ ડેમ તૈયાર થયો હતો. નવાબને લોર્ડ વિલિંગ્ડન સાથે ગાઢ સંબંધો હોવાથી આ ડેમનું નામ તેમની યાદમાં રાખવામાં આવ્યું હતું. ૯ જાન્યુઆરી ૧૯૩૬ ના રોજ લોર્ડ વિલિંગ્ડન ખાસ જૂનાગઢ આવ્યા હતા અને તેમણે શહેરના મોતીબાગ તથા અન્ય સ્થળોની મુલાકાત લીધી હતી. ત્યારબાદ, ૧૦ જાન્યુઆરી ૧૯૩૬ ના રોજ વિલિંગ્ડન ડેમનું વિધિવત ઉદઘાટન કરવામાં આવ્યું હતું. મીડિયા અહેવાલ મુજબ, તે સમયે આ ડેમ જૂનાગઢના આધુનિકીકરણનું પ્રતીક બન્યો હતો.

આજે જ્યારે આધુનિક ટેકનોલોજીથી બનતા પુલ અને રસ્તાઓ થોડા જ વર્ષોમાં તૂટી જતા હોય છે અથવા તેમાં તિરાડો પડી જતી હોય છે, ત્યારે ૯૦ વર્ષ જૂનો આ વિલિંગ્ડન ડેમ ઈજનેરો માટે અભ્યાસનો વિષય છે. નવ દશકા સુધી અનેક ભારે વરસાદ અને કુદરતી થાપટો સહન કર્યા પછી પણ આ ડેમની દીવાલોમાં કોઈ ફેર પડ્યો નથી. દાતારની ટેકરીઓ વચ્ચે આવેલું આ સ્થળ આજે જૂનાગઢનું શ્રેષ્ઠ પર્યટન સ્થળ પણ બની ચૂક્યું છે. ચોમાસા દરમિયાન જ્યારે આ ડેમ ઓવરફ્લો થાય છે ત્યારે તેનું દ્રશ્ય અદભૂત હોય છે.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

તમે તમારી જાત અંગે સારી અનુભૂતિ કરો એ સમય આવી ગયો છે-તેને તમારી દૈનિક ક્રિયાનો નિયમિત હિસ્સો બનાવો અને તેને વળગી રહો. આજ ના દિવસે ઘર માં કોઈ ઈલેક્ટ્રિક વસ્તુ ખરાબ થવા ના લીધે તમારું ધન ખર્ચ થયી શકે છે.

**વૃષભ : બ. વ. ઉ.**

ધ્યાન તથા યોગ આધ્યાત્મિક તથા શારીરિક લાભ માટે ઉપયોગી સાબિત થશે. ખર્ચ પર અંકુશ મૂકો અને આજે તમારા ખર્ચમાં વધુ પડતા ઉડાઉ થવાનું ટાળો. દિવસના ઉત્તરાર્ધમાં અણધાર્યા સારા સમાચાર ખુશી લાવશે તથા આખા પરિવારો ઉત્સાહ વધારશે.

**મિથુન : ક. છ. ઘ.**

દોડધામભર્યો દિવસ હોવા છતાં સારો દિવસ. જીવન ના ખરાબ તબક્કા માં પૈસા તમારા કામ આવશે તેથી આજ થીજ પોતાના પૈસા બચત કરવા ના વિષે વિચારો નહિ તો તમને તકલીફો આવી શકે છે. પરિવારના સભ્યો કદાચ તમારી અપેક્ષાઓ પૂર્ણ નહીં કરે.

**કર્ક : ડ. હ.**

તમારા ખર્ચ પર અંકુશ લાવવાનો પ્રયાસ કરો- અને આજે જરૂરી હોય એવી ચીજો જ ખરીદજો. તમારા માતા-પિતાને ખુશ કરવામાં તમને મુશ્કેલી પડશે. હકારાત્મક પરિણામ આપવા માટે સમજવાનો પ્રયાસ કરો.

**સિંહ : મ. ટ.**

સ્વાસ્થ્યને દરકારની જરૂર પડશે. લાંબા ગાળાથી આવવાના બાકી નાણાં અથવા કોઈને ઉછીની આપેલી રકમ પરત આખરે પરત મળશે. તમારો વિનોદી સ્વભાવ તમને સામાજિક મેળાવડાઓમાં લોકપ્રિય બનાવશે.

**કન્યા : પ. ઠ. ણ.**

દિવસ ની શરૂઆત તમે યોગ અને ધ્યાન થી કરી શકો છો આવું કરવું તમારા માટે ફાયદાકારક રહેશે અને તમારી અંદર ઉર્જા કાયમ રહેશે। બૅન્કને લગતા કાર્યો ખૂબ જ તકેદારીપૂર્વક પાર પાડવાની જરૂર પડશે. તમે જેને પ્રેમ કરે છો.

**તુલા : ર. ત.**

તમારૂં મગજ સારી બાબતોને સ્વીકારશે. તમે પ્રવાસ કરવાના તથા ખર્ચ કરવાના મૂડમાં હશો-પણ તમે જો એવું કરસો તો તમે પછીથી દિલગીરી અનુભવશો. તમારા મહેમાનો સાથે અનાડી જેવું વર્તન ન કરતા.

**વૃશ્ચિક : ન. ય.**

ઉત્સાહિત કરનારી તથા તમને નિરાંતવા રાખતી પ્રવૃત્તિઓ સાથે સંકળાઓ. તમારા ઘરને લગતું રોકાણ ફાયદાકારક પુરવાર થશે. પારિવારિક મેળાવડામાં તમે કેન્દ્રસ્થાને રહેશો. તમારે તમારૂં શ્રેષ્ઠ વર્તન દાખવવું જોઈએ.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

બીમારી તરફથી તમારૂં ધ્યાન અન્યત્ર દોરવા તમારી જાતને કોઈક કામમાં પરોવો કેમ કે તમારી બીમારી વિશે તમે જેટલી વધારે વાતો કરશો એટલી જ તે વધુ વકરશે. આજ ના દિવસે તમારે દારૂ જેવી માદક વસ્તુ નું સેવન ના કરવું જોઈએ.

**મકર : ખ. જ.**

આજે તમે જે કંઈ કરશો તેમાં-ઊર્જાથી સભર હશો-તમે દરેક કામ સામાન્યપણે લાગતા સમય કરતાં અડધા સમયમાં પાર પાડી શકશો. મનોરંજન અથવા કૉસ્મૅટિક્સ સુધારા પાછળ વધુ પડતો ખર્ચ કરતા નહીં.

**કુંભ : ગ. સ. શ. ષ.**

વધુ પડતી કૅલૅરી ધરાવતું ભોજન ટાળો અને તમારા વ્યાયામને ભક્તિભાવપૂર્વક વળગી રહો. અનિચ્છીત કોઈ મહેમાન આજે ઘરે આવી શકે છે જેના આવવા થી તમારે તે વસ્તુઓ ઉપર પણ ખર્ચ કરવો પડી શકે છે જેને તમે આવતા મહિને કરવાનું વિચાર્યું હતું.

**મીન : દ. ચ. ઝ. થ.**

આજે તમારા ભાઈ બહેનો તમારા થી આર્થિક સહાય માંગી શકે છે અને તેમની આર્થિક મદદ કરી તમે પોતે આર્થિક દબાણ માં આવી શકો છો. જોકે પરિસ્થિતિઓ જલ્દી સુધરી જશે. તમારે તમારો ફાજલ સ્ય બાળકોની સોબત માણવામાં વિતાવવો જોઈએ.

## એમ્બ્રોઈડરી વર્ક ડિઝાઈનવાળા વાઘાનો દિવ્ય શણગાર

# ધનુર્માસ શનિવારે શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજીને ચાંદીનો મુગટ અને વૃંદાવનમાં તૈયાર થયેલા શણગાર

| નરેન્દ્ર દવે | જૂનાગઢ તા.10

શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ ખાતે પ.પૂ. શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા)ની પ્રેરણા થી આજે તારીખ 10-01-2026, શનિવાર અને ધનુર્માસ શનિવારે શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી દાદાને વિશેષ શણગાર કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે દાદાને ચાંદીનો ભવ્ય મુગટ અને વૃંદાવનમાં ખાસ તૈયાર કરવામાં આવેલા એમ્બ્રોઈડરી વર્ક ડિઝાઈનવાળા વાઘા ધરાવવામાં આવ્યા હતા. વહેલી સવારે 5:30 કલાકે પૂજારી સ્વામી દ્વારા મંગળા આરતી અને ત્યારબાદ સવારે 7:00 કલાકે કોઠારી શ્રી વિવેકસાગરદાસજી સ્વામી દ્વારા શણગાર આરતી કરવામાં આવી હતી. આ દિવ્ય દર્શનનો લાભ લેવા માટે વહેલી સવારથી જ હજારોની સંખ્યામાં હરિભક્તો ઉમટી પડ્યા હતા અને દર્શન કરી ધન્યતા અનુભવી હતી. આજે સાંજે 4:30 કલાકે દિવ્ય રાજોપચાર પૂજનનું વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. મંદિરના પટાંગણમાં ભક્તિભાવપૂર્વક મારુતિ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. વિશ્વ કલ્યાણ અને પારિવારિક શાંતિના અર્થે ધનુર્માસ (તા.16 ડિસેમ્બર 2025 થી 14 જાન્યુઆરી 2026) દરમિયાન શ્રી હરિ મંદિરમાં "શ્રી હનુમાન ચાલીસા" ના પાઠ અને "ૐ નમો હનુમતે ભયભંજનાય સુખમ્ કુરુ ફટ્ સ્વાહા" મંત્રના જપ યજ્ઞનું આયોજન ચાલુ છે, જે દરરોજ સવારે 7 થી 12 અને સાંજે 3 થી 6:30 કલાક દરમિયાન યોજાય છે.



# નર્મદા કિનારે આશ્રમમાં રહેતા સાધુ સંતોનું આઈકાર્ડ ચેક કરવામાં આવે તેવી માંગ

| ભરત શાહ | નર્મદા : તા. 10

નર્મદા જિલ્લા સંત સમિતિ દ્વારા જન હિત માટે નર્મદા કિનારે આવેલા તમામ આશ્રમમાં રહેતા સાધુ સંતોનું આઈકાર્ડ ચેક કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી રહી છે છતાં તંત્ર આ બાબત ને ગંભીરતાથી નહીં લેતા જિલ્લા સંત સમિતિ ના જિલ્લા મંત્રી સદાનંદ મહારાજ એ નારાજગી વ્યક્ત કરી છે.નર્મદા જિલ્લો ખૂબ જ આધ્યાત્મિક ઊર્જાથી ભરેલો છે, વિશ્વની સૌથી મોટી પ્રતિમા છે ખૂબ જ પ્રતિષ્ઠિત મહાનુભાવો આપણા વિસ્તારમાં આવતા હોય છે ત્યારે સંવેદનશીલ પ્રશાસન પાસે એક આશા અપેક્ષા છે કે નર્મદા કિનારે આવેલા તમામ આશ્રમમાં રહેતા સાધુ સંતોનું આઈકાર્ડ ચેક કરવામાં આવે કેટલા ટાઈમ થી રહે છે, જન્મભૂમિ ક્યાં છે વર્તમાન પ્રવૃત્તિ શું છે તે ખાસ તપાસ કરવામાં આવે તે જન હિતમાં છે. અગાઉ જિલ્લા કલેકટર ને રજૂઆત કરેલી કે નર્મદા જિલ્લામાં આવેલા આશ્રમોની યાદી બનાવવામાં આવે ચોક્કસ જન્મભૂમિ ક્યાં છે કર્મ ક્ષેત્ર ધર્મ ક્ષેત્ર ક્યાં છે તે વિષયોને તપાસ કરવામાં આવે જિલ્લા સંત સમિતિ દ્વારા આ બાબતે અગાઉ કલેક્ટર ને રજૂઆત કરેલ છે પરંતુ આ દિશામાં કંઈ જ કાર્યવાહી થઈ નથી તો દુર્ભાગ્યપૂર્ણ ઘટના ઘટે તો જવાબદાર કોણ..? તેમ જિલ્લા સંત સમિતિ એ સવાલ કર્યા છે

## પુત્ર વિરુદ્ધ ગુનો દાખલ

# સાગબારા ના નાના ડોરાઆંબા ગામે નજીવી બાબતે પુત્ર એ માતા, પિતા ને લાકડું મારી ઈજા

| ભરત શાહ | નર્મદા : તા. 10

નર્મદા જિલ્લાના સાગબારા તાલુકાના નાના ડોરાઆંબા ગામમાં.નજીવી બાબતે પુત્ર એ માતા, પિતાને લાકડું મારી ઈજા કરી જાન થી મારી નાખવાની ધમકી આપી. મળતી માહિતી.અનુસાર સુરતાભાઈ ચેતર્યાભાઈ વસાવા નાઓ એ આપેલ ફરિયાદ મુજબ તેમના દિકરા કિશનભાઈ સુરતાભાઈ વસાવા એ ઘાસના પુળામાંથી ઘાસ તેની ગાયોને ખવડાવતા હોય જેથી પિતા સુરતા ભાઈ એ તેને ના પાડતા પુત્ર કિશન ગમે તેમ ગાળો બોલતો હોય જેથી પિતા એ ગાળો બોલવાની ના પાડતા ઘરમાં પડેલ લાકડા વડે પિતા ને માથાના પાછળના ભાગે એક સપાટો મારી ઈજા કરી તથા કિશન ની માતા વંતુબેન ને પણ જમણા હાથે તથા જમણા થાપાના ભાગે એક એક સપાટો મારી મુઢ ઈજા કરી આજે તો બચી ગયા છો બીજીવાર તમને જીવતા નહિ રહેવા દઉ તેવી જાનથી મારી નાખવાની ધમકી આપી આપતા સાગબારા પોલીસે પુત્ર વિરુદ્ધ ગુનો દાખલ કર્યો છે.

## પાટણ આરટીઓની બેદરકારી બહાર આવી

ચાણસ્મા : ૧૦ જાન્યુઆરી બીજા શનિવારે સરકારી કચેરીમાં રજા હોવા છતાં ચાણસ્મા ના યુવકને આરટીઓ કચેરીએ ડ્રાઈવીંગ ટેસ્ટ માટે બોલાવાયો. જાહેર તહેવારો રવિવાર અને તેમજ મહિનાના બીજા અને ચોથા સરકારી કચેરીઓ સરકારી કામકાજમાં રજા નો દિવસ હોય છે પરંતુ પાટણ આરટીઓ કચેરી દ્વારા ચાણસ્માના સરકારી કચેરીઓમાં રજા હોવા છતાં ચાણસ્માના યુવકને ડ્રાયવિંગ ટેસ્ટ આપવા માટે બોલાવાયો હોવાથી ટેસ્ટ આપનાર યુવકને પાટણ આરટીઓ કચેરીએ જવાનો ઘરમધક્કો થયો હતો સરકારી કચેરીની ગંભીર બેદરકારી જોવા મળ્યો હતો

## કરંટ લાગતા મોત

# તિલકવાડા ના ચુડેશ્વર ગામમાં ગાયો ના ઝુંડ માં એક ગાય ને કરંટ લાગતા મોત

| ભરત શાહ | નર્મદા : તા.10

નર્મદા જિલ્લાના તિલકવાડા તાલુકાના ચુડેશ્વર ગામમાં ચરવા જતી ગાયો ના ટોળા માંથી એક ગાય ને કરંટ લાગતા મોત થયું છે

મળતી.માહિતી અનુસાર જાહેરાત આપનાર મહેશભાઈ છીતાભાઈ રબારી રહે. ચુડેશ્વર તા.તિલકવાડા જી.નર્મદા નાઓ પોતાના ઘરેથી તેમની ગાયો ચરાવવા માટે જતા હતા તે વખતે ચુડેશ્વર ગામની નજીક રોડની બાજુમાં જાકીર હુશેન અકબરખા રાઠોડ નાઓના ખેતરમાં વીજ થાંભલા નજીક તેમની ગાયો જતા વીજ થાંભલાના તાણીયા સાથે અડી જતા કરંટ લાગતા બીજી ગાયો ભાગી ગયેલ અને એક જર્સી ગાય ઉ.વ.૦૪ ની ને કરંટ લાગવાથી સ્થળ પર જ તેનું મોત નીપજ્યું હતું.



## નાંદોદ બ્લોકના ટંકારી ગ્રામ પંચાયત

# પ્રાથમિક શાળામાં વાલીઓ માટે જાગૃતિ વર્કશોપનું આયોજન



ભરત શાહ, નર્મદા : તા. 10

10 જાન્યુઆરી 2026ના રોજ નાંદોદ બ્લોકની ટંકારી ગ્રામ પંચાયતની પ્રાથમિક શાળા, ટંકારી ખાતે વાલીઓમાં જાગૃતિ વધારવાના હેતુસર એક વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું. આ વર્કશોપનું સંકલન પિરામલ ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવ્યું હતું, જેમાં શાળા સ્ટાફ, ગ્રામ પંચાયત તથા સ્વસહાય જૂથોનો સહયોગ પ્રાપ્ત થયો. કાર્યક્રમમાં કુલ ૪૭ વાલીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. વર્કશોપ દરમિયાન પિરામલ ફાઉન્ડેશન દ્વારા વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું. આ પ્રવૃત્તિઓ દરમિયાન બાળકની નિયમિત શાળાની હાજરી, મોબાઈલ ફોનનો ઓછો અને યોગ્ય ઉપયોગ, ઘરે બાળકોને ભણાવવામાં વાલીઓની ભૂમિકા તેમજ શાળા અને પરિવાર બંને તરફથી બાળકના અભ્યાસ માટે મળતો સહકાર જેવા મુદ્દાઓ પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો. સાથે જ શાળાના આચાર્ય વર્ષાબેન તડવી તથા તમામ શિક્ષકો દ્વારા બાળકોના ગેરવર્તન, વ્યક્તિગત સ્વચ્છતા, શાળાની પ્રવૃત્તિઓ, આવનારી સ્પર્ધાત્મક પરીક્ષાઓ તથા શાળાને લગતા જરૂરી દસ્તાવેજો અંગે વાલીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું.

આ વર્કશોપમાં પંચાયતના ડેપ્યુટી સરપંચ જ્યોતિબેન તડવી અને વોર્ડ મેમ્બરો ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત પિરામલ ફાઉન્ડેશન તરફથી પ્રોગ્રામ લીડર ક્રિષ્ના ભાવસાર તેમજ ગાંધી ફેલો અદિતિ સિન્હા, રાની રાજપૂત અને મહક જૈન હાજર રહ્યા. પિરામલ ફાઉન્ડેશન દ્વારા લેવામાં આવેલો આ પ્રયાસ શાળા, પરિવાર, પંચાયત અને સમુદાય વચ્ચે સંવાદ અને સહકાર મજબૂત કરવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું સાબિત થયો છે.

# પ્રાથમિક શાળામાં સવારના સમયમાં ઠંડીના કારણે ફેરફાર કરવા પ્રાથમિક જિલ્લા શિક્ષણ અધિકારીને આવેદનપત્ર

| નરેન્દ્ર દવે | જૂનાગઢ તા.10

આ વર્ષે શિયાળાની મોડી શરૂઆત થઈ છે શિયાળામાં રાત લાંબી અને દિવસ ટૂંકા હોય છે સવાર વહેલી પડે અને તેમાં પણ હવે સવારના ઠંડો પવન અને ઝાકળ ખૂબ જ હોય છે. તેથી પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા નાના બાળકો, વિદ્યાર્થીઓને સ્કૂલે જવા માટે તકલીફનો સામનો કરવો પડે છે જેથી મહાગુજરાત વાલી મંડળના મહામંત્રીશ્રી કિશોરભાઈ ચોટલીયા, તેજસભાઈ વેગડ, રાજેશભાઈ પુરોહિત, ચિરાગ કડેચા દ્વારા જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને આવેદન પત્ર આપી પ્રાથમિક કક્ષાની સરકારી તેમજ પ્રાઈવેટ સ્કૂલના વિદ્યાર્થીઓ માટે સવારની શાળાના સમયમાં 30 થી 40 મિનિટ જેટલો મોડો સમય કરી તે સમયને બપોરના છુટવાના સમયને વધારી વિદ્યાર્થીઓના ભણતરનો સમય બરાબર જળવાઈ રહે તેવી વ્યવસ્થા ગોઠવવી જેથી અભ્યાસના નિયત કલાકો ઘટે નહીં તેવી વ્યવસ્થા કરી દરેક શાળામાં પરીપત્ર મોકલી અમલ કરવા વિનંતી કરવામાં આવેલ છે. વધુમાં શ્રી કિશોરભાઈ ચોટલીયાએ જણાવેલ છે કે ઠંડીના પ્રકોપ અંગે હવામાન ખાતા દ્વારા જણાવ્યા મુજબ હવેપછી ખૂબ જ વધશે જેના કારણે બાળકોને તાવ, શરદી, ખાંસી, અને વાયરલ ઈન્ફેક્શન જેવી બીમારીઓ ન ફેલાય તે માટે પણ સવારના સમયમાં ફેરફાર કરવો જરૂરી જણાય છે, આવેદનપત્રના પ્રત્યુતરમાં પ્રાથમિક જિલ્લા શિક્ષણ અધિકારી સુશ્રી લતાબેન ઉપાધ્યાયએ જણાવ્યું કે, વહેલામાં વહેલી તકે વિદ્યાર્થીઓ માટે આ વ્યવસ્થા કરવામાં આવશે તેમ જણાવેલ છે.



# સોમનાથ ખાતે શૌર્ય યાત્રાના રૂટ પર 'એક ભારત-શ્રેષ્ઠ ભારત'ને ચરિતાર્થ કરતા સાંસ્કૃતિક કાર્યક્રમોની રમઝટ

| નરેન્દ્ર દવે | સોમનાથ તા.10

"સોમનાથ સ્વાભિમાન પર્વ " 'માં "એક ભારત-શ્રેષ્ઠ ભારત"'ની વિભાવના ચરિતાર્થ કરતા શંખ સર્કલથી હમીરજી સર્કલ સુધી શૌર્ય યાત્રાના રૂટ પર કુલ ૨૦ જેટલા સ્ટેજ પર કર્ણાટક, પશ્ચિમ બંગાળ વગેરે રાજ્યોની કૃતિ રજૂ થઈ રહી છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈના આગમન પૂર્વે શૌર્ય યાત્રાના રૂટ પર યક્ષગાન, કૂચિપુડી નૃત્ય મણિયારો રાસ, ભરત-નાટ્યમ સહિત વિવિધતામાં એકતા દર્શાવતા રાજ્યભરના કલાકારો દ્વારા રજૂ થતાં અલગ-અલગ સાંસ્કૃતિક કાર્યક્રમને નિહાળવા શ્રદ્ધાળુઓ અને સ્થાનિક નાગરિકો ઉમટી પડ્યા છે.

## સમાજના કારોબારી સભ્યો દ્વારા દીપ પ્રગટાવી કરવામાં આવી હતી

# વડોદરા ખાતે ૨૮ ગામ વરધરી-વીરપુર લેઉઆ પાટીદાર સમાજનો પ્રથમ સ્નેહમિલન

(એજન્સી) વડોદરા | તા.10

ત્યારબાદ સમાજના અગ્રણીઓએ સમાજ વધુ સંગઠિત બને તેમજ શિક્ષણ ક્ષેત્રે નોંધપાત્ર પ્રગતિ કરે તે હેતુથી મહત્વપૂર્ણ માર્ગદર્શન આપ્યું હતું. તેમના પ્રવચનમાં યુવા પેઢીને શિક્ષણ, એકતા અને સામૂહિક વિકાસ પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો.કાર્યક્રમ દરમિયાન બાળકો દ્વારા યોગાસન, વક્તવ્ય જેવી વિવિધ પ્રવૃત્તિઓ રજૂ કરવામાં આવી હતી, જેના કારણે કાર્યક્રમમાં વિશેષ આકર્ષણ ઊભું થયું હતું. ઉપરાંત હાજર સભ્યો માટે ટીમ બિલ્ડિંગ રમતોનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સૌએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.કાર્યક્રમના અંતે આભારવિધિ કરવામાં આવી હતી અને ત્યારબાદ તમામ સભ્યોએ સાથે મળી સ્નેહભોજનનો આનંદ માણ્યો હતો. સમગ્ર કાર્યક્રમ સ્નેહ, એકતા અને ઉત્સાહના માહોલમાં સફળતાપૂર્વક સંપન્ન થયો હતો. જેમાં વડોદરા સ્થિત 150 કુટુંબના 500 થી વધારે સમાજના અગ્રણી ભેગા થયા હતા.



## અખંડ ૐકાર

# શિક્ષણ મંત્રી અને કાયદો તથા ઉર્જા રાજ્ય મંત્રી સોમનાથ સ્વાભિમાન પર્વ અંતર્ગત ૭૨ કલાકના અખંડ ૐકાર જાપમાં ભાવપૂર્વક સહભાગી થયા



| નરેન્દ્ર દવે | ગીર સોમનાથ તા.10

સોમનાથ સ્વાભિમાન પર્વ અંતર્ગત રાજ્યના શિક્ષણ મંત્રીશ્રી ડૉ. પ્રદ્યુમનભાઈ વાજા તથા કાયદો અને ઉર્જા રાજ્ય મંત્રીશ્રી, કૌશિકભાઈ વેકરીયાએ ઋષિકુમારો દ્વારા યોજાઈ રહેલા ૭૨ કલાકના અખંડ "ૐકાર જાપ"માં ભાવપૂર્વક સહભાગિતા નોંધાવી હતી. આ અવસરે મંત્રીશ્રીઓ સાથે જૂનાગઢના ધારાસભ્યશ્રી, સંજયભાઈ કારડીયાએ પણ અખંડ જાપમાં ભાગ લીધો હતો. મહાનુભાવોએ શ્રીસોમનાથ મહાદેવના પાવન દર્શન કરી રાજ્યના નાગરિકો ની સુખાકારી, શાંતિ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી હતી. આ ઉપરાત રાજકોટના ધારાસભ્યશ્રી, દર્શિતાબહેન શાહ એ પણ શ્રી સોમનાથ મહાદેવના દર્શન કર્યા હતા.સોમનાથ સ્વાભિમાન પર્વ અંતર્ગત આયોજિત આ આધ્યાત્મિક કાર્યક્રમ દ્વારા શ્રદ્ધા, સંસ્કૃતિ અને સ્વાભિમાનની ભાવનાને વધુ મજબૂત બનાવવામાં આવી રહી છે.

## સોમનાથ સ્વાભિમાન પર્વ'

# સોમનાથ સાગર અને સંગીતના ત્રિવેણી સંગમમાં ભક્તિના રંગે રંગાયા શ્રદ્ધાળુઓ

| નરેન્દ્ર દવે | ગીર સોમનાથ તા.10

સોમનાથ સ્વાભિમાન પર્વ અંતર્ગત મંદિર પરિસર ખાતે દરરોજ રાત્રે આયોજિત થતી સાંસ્કૃતિક કાર્યક્રમોની શ્રેણીમાં ૯ જાન્યુઆરીની રાતે સાગર, સોમનાથ અને સંગીતનો અનોખો તથા અલૌકિક સમન્વય સર્જાયો હતો. સાગરની લહેરોની ગર્જના, સોમનાથ મહાદેવની પાવન હાજરી અને સંગીતની સુમધુર સૂરલહેરીઓ એ સમગ્ર પરિસરને આધ્યાત્મિક અને સાંસ્કૃતિક ઊર્જાથી ભરપૂર બનાવી દીધુ હતું. આ ભવ્ય સાંસ્કૃતિક સાંજમાં પ્રખ્યાત ગાયક કીર્તિ સાગઠીયા તથા લોકપ્રિય લોકગાયક કરશન સાગઠિયાની જોડીએ મહાદેવના ભાવસભર ભજનો, વિવિધ ગરબા અને લોકપ્રિય ગીતોની મનમોહક રજૂઆત કરી હતી. સંગીતના તાલ સાથે શ્રોતાઓ ઝૂમી ઉઠ્યા હતા અને દરેક રચનાએ ભક્તિ, સંસ્કૃતિ અને લોકભાવનાનો સંગમ સર્જ્યો હતો. સાથે જ કલાકાર હાર્દિક દવેએ શિવ સ્તુતિ, શિવ ભજન અને પાનબાઈના ભજનની રંગત જમાવી હતી, જેમાં એકતારા ના સૂરે અલગ જ ભક્તિમય માહોલ બાંધ્યો હતો. કાર્યક્રમના અંતમાં જાણીતા લોક સાહિત્યકાર રાજભા ગઢવીએ લોક સાહિત્યના વિવિધ રસની શૈલીમાં રજૂઆત કરી હતી જેને ઉપસ્થિત સૌ કોઈએ મન ભરીને માણી હતી. રાજભા ગઢવીએ સોમનાથના ઐતિહાસિક પ્રસંગો રજૂ કર્યા હતા જેનાથી માહોલમાં શિવભક્તિ અને દેશભક્તિનું અદભૂત સંયોજન જોવા મળ્યું હતું. સોમનાથ મંદિર પરિસરમાં યોજાયેલા આ કાર્યક્રમ દરમિયાન યાત્રાળુઓ અને સ્થાનિક નાગરિકોએ એક અલૌકિક અનુભૂતિ માણી હતી. સંગીતની સૂરલહેરીઓ સાગરની લહેરોમાં ગૂંજી ઉઠી હતી અને સોમનાથ સ્વાભિમાન પર્વની ઉજવણીને વધુ ગૌરવસભર અને સ્મરણિય બનાવી હતી. આ સાંસ્કૃતિક કાર્યક્રમ દ્વારા ગુજરાતની લોકસંસ્કૃતિ, આધ્યાત્મિક પરંપરા અને સાંસ્કૃતિક વારસાનું સુંદર પ્રસ્તુતિકરણ થયું હતું. આ પ્રસંગે કેબિનેટ મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણી તથા ડો.પ્રદુમનભાઈ વાજા, સાંસદ શ્રી રાજેશભાઈ ચુડાસમા, ધારાસભ્યશ્રી ભગવાનભાઈ બારડ, અગ્રણીશ્રી શિવાભાઈ સોલંકી સહિત બહોળી સંખ્યામાં ભાવિકો ઉપસ્થિત રહ્યા હતા.





## અમેરિકા સ્થિત શ્રી દિલીપભાઈ પટેલ અને રશ્મિબેનના સહયોગ

# જેસીઆઈ જુનાગઢ ઝૂંપડપટ્ટી વિસ્તારમાં જરૂરતમંદોને ભોજન કરાવ્યું




| નરેન્દ્ર દવે | જૂનાગઢ

જેસીઆઈ,જૂનાગઢ અને અમેરિકા સ્થિત શ્રી દિલીપભાઈ પટેલ અને રશ્મિબેનના સહયોગ અને શ્રી યતીનભાઈ કારીયાના સંકલનથી તાજેતરમાં ઝૂંપડપટ્ટી વિસ્તારમાં જરૂરતમંદોને ભોજન કરાવ્યું તેમાં અડદીયા, ચવાણું, પુરી,શાક, દાળ,ભાત જમાડેલ આ સમયે જેસીઆઈ, જૂનાગઢના ડાયરેક્ટરશ્રી કિશોરભાઈ ચોટલીયા, પ્રમુખશ્રી જગદીશ મદનાણી સેક્રેટરીશ્રી રવિ ધીનોજા, વિરલ કડેચા, શ્રી ચિરાગ કરેચા, શ્રી રાજેશ પુરોહિત હાજર રહ્યા હતા તેમ જગદીશ મદનાની એ એક યાદીમાં જણાવ્યું છે.

## વૈશ્વિક વ્યાપાર : ઈલેક્ટ્રોનિક્સ નિકાસ વૃદ્ધિ હવે ચીની બજારમાં સર્વોપરી

# ભારત ચીન નિકાસ ક્ષેત્રે નોંધાયો ઐતિહાસિક તોતિંગ ઉછાળો

નવી દિલ્હી: વૈશ્વિક વ્યાપારના બદલાતા પ્રવાહ વચ્ચે ભારત માટે એક અત્યંત ઉત્સાહજનક સમાચાર સામે આવ્યા છે. એક તરફ જ્યારે અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પ પ્રશાસન દ્વારા લાદવામાં આવેલા આકરા કરવેરા અને જટિલ વ્યાપારી શરતોને કારણે ભારતીય નિકાસકારો ચિંતામાં છે, ત્યારે બીજી તરફ પાડોશી દેશ ચીન ભારત માટે સૌથી મોટું આશાનું કિરણ બનીને ઉભર્યું છે. ચાલુ નાણાકીય વર્ષ 2025-26 દરમિયાન ભારતની નિકાસ વ્યૂહરચનામાં આશ્ચર્યજનક પલટો આવ્યો છે, જેમાં ચીન હવે ભારતનું સૌથી વિશાળ નિકાસ બજાર બની ગયું છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો મુજબ, છેલ્લા આઠ મહિનામાં ભારતીય ઉત્પાદનોની માંગમાં જે રીતે ઉછાળો આવ્યો છે, તેણે તમામ જૂના રેકોર્ડ તોડી નાખ્યા છે.વાણિજ્ય મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા તાજેતરના અહેવાલો મુજબ, એપ્રિલથી નવેમ્બરના સમયગાળા દરમિયાન ભારતની ચીન ખાતેની નિકાસમાં 33 ટકાનો જંગી વધારો નોંધાયો છે. આ આંકડો 12.22 અબજ અમેરિકન ડોલર પર પહોંચી ગયો છે, જે છેલ્લા ચાર વર્ષની સર્વોચ્ચ સપાટી છે. વર્ષ 2024-25ના સમાન ગાળામાં આ નિકાસ ઘટીને 9.2 અબજ ડોલર થઈ ગઈ હતી, પરંતુ આ વર્ષે ભારતીય માલની માંગમાં થયેલો આ વધારો સ્પષ્ટ કરે છે કે ભારતે ચીની બજારમાં પોતાની પકડ મજબૂત બનાવી લીધી છે.



આ આંકડાકીય માળખું સૂચવે છે કે ભારત હવે વૈશ્વિક સ્તરે આક્રમક વ્યાપાર નીતિ અપનાવી રહ્યું છે.ભારત હવે માત્ર કાચો માલ મોકલતો દેશ રહ્યો નથી, પરંતુ 'મેક ઈન ઈન્ડિયા' અભિયાન હેઠળ તૈયાર થયેલી અત્યાધુનિક ટેકનોલોજી પણ હવે ડ્રેગનના દેશમાં ધૂમ મચાવી રહી છે. આ પરિવર્તનમાં સૌથી મોટો ફાળો ઈલેક્ટ્રોનિક્સ ક્ષેત્રનો છે. ખાસ કરીને 'પોપ્યુલેટેડ પ્રિન્ટેડ સર્કિટ બોર્ડ' (PCBs) ની નિકાસમાં અકલ્પનીય પ્રગતિ જોવા મળી છે. અગાઉ જે નિકાસ માત્ર 2.39 કરોડ ડોલરની હતી, તે હવે સીધી વધીને 92.24 કરોડ ડોલર પર પહોંચી ગઈ છે. આ ઉપરાંત, ફ્લેટ પેનલ ડિસ્પ્લે મોડ્યુલ અને ટેલિફોનીના આધુનિક ઉપકરણોની માંગમાં પણ ધરખમ વધારો થયો છે, જે સાબિત કરે છે કે ભારત હાઈ-ટેક મેન્યુફેક્ચરિંગ હબ બની રહ્યું છે.ઔદ્યોગિક ઉત્પાદનોની સાથે સાથે ભારતની પરંપરાગત ચીજવસ્તુઓ પણ ચીની લોકોની પહેલી પસંદ બની રહી છે. દરિયાઈ ખાદ્ય ઉત્પાદનોમાં ખાસ કરીને બ્લેક ટાઈગર પ્રોન્સ અને વન્નામેઈ ઝીંગાની નિકાસમાં મોટો ઉછાળો જોવા મળ્યો છે. કૃષિ ક્ષેત્રની વાત કરીએ તો, ભારતની સૂકી મરચી અને તેલીબિયાંના તેલના ખોળની માંગમાં ભારે તેજી જોવા મળી છે. ઔદ્યોગિક કાચા માલ તરીકે એલ્યુમિનિયમ અને રિફાઈન્ડ કોપર બિલેટ્સ જેવા ધાતુ ઉત્પાદનોએ પણ ચીનના બજારમાં ભારતનું સ્થાન નિશ્ચિત કર્યું છે. નિષ્ણાતો આ સ્થિતિને ભારત માટે એક સાનુકૂળ તક તરીકે જોઈ રહ્યા છે. અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પની સત્તામાં વાપસી બાદ ટેરિફ વધારવાના જે નિર્ણયો લેવાયા છે, તેની સીધી અસર ભારતીય નિકાસકારો પર પડી છે. અમેરિકન બજારમાં સર્જાયેલી આ અનિશ્ચિતતાને કારણે ભારતીય ઉદ્યોગોએ ચીન તરફ નજર દોડાવી છે.

## એમએસસીઆઈ ઈન્ડિયા ઈન્ડેક્સ ઘટતા બજેટ પહેલા બજાર સુસ્ત બન્યું



અમદાવાદ: ભારતીય શેરબજારમાં અત્યારે એક અજીબ શાંતિ અને સુસ્તીનો માહોલ જોવા મળી રહ્યો છે. નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ ના આગામી કેન્દ્રીય બજેટની તૈયારીઓ પુરજોશમાં ચાલી રહી છે, ત્યારે બજારના મહત્વના માપદંડ ગણાતા એમએસસીઆઈ ઈન્ડિયા ઈન્ડેક્સમાં પીછેહઠ જોવા મળી છે. ઐતિહાસિક રીતે જાન્યુઆરી મહિનો ભારતીય શેરબજાર માટે દબાણનો સમય રહ્યો છે, અને આ વર્ષે પણ તે વલણ યથાવત રહે તેવી પૂરેપૂરી શક્યતા છે. વિશ્લેષકોના મતે, જ્યાં સુધી સરકારની નવી આર્થિક નીતિઓ પર સ્પષ્ટતા ન થાય ત્યાં સુધી મોટા રોકાણકારો કોઈ પણ મોટો દાવ લગાવવા તૈયાર નથી, જેના કારણે બજાર એકીકરણ ના તબક્કામાંથી પસાર થઈ રહ્યું છે.

તાજેતરના મીડિયા અહેવાલ મુજબ, વર્ષ ૨૦૦૩થી અત્યાર સુધીના આંકડાઓનું વિશ્લેષણ કરવામાં આવે તો જાન્યુઆરી મહિનામાં એમએસસીઆઈ ઈન્ડિયા ઈન્ડેક્સ સરેરાશ ૧ ટકા જેટલો ઘટ્યો છે. આ સમયગાળા દરમિયાન બજારમાં ભાગ્યે જ તેજી જોવા મળે છે. પ્રાપ્ત વિગતો અનુસાર, છેલ્લા કેટલાક વર્ષોમાં જાન્યુઆરી દરમિયાન ૩ ટકાથી વધુનો ઉછાળો માત્ર બે વખત નોંધાયો છે, જ્યારે આટલો જ ઘટાડો નવ વખત જોવા મળ્યો છે. આ આંકડા સ્પષ્ટ કરે છે કે બજેટ પહેલાનો સમયગાળો રોકાણકારો માટે 'થોભો અને રાહ જુઓ' ની નીતિ સમાન હોય છે.માત્ર એમએસસીઆઈ જ નહીં, પરંતુ નિફ્ટી ૫૦ અને નિફ્ટી ૫૦૦ જેવા મુખ્ય સૂચકાંકો પણ જાન્યુઆરી મહિનામાં નબળો દેખાવ કરી રહ્યા છે.

જાન્યુઆરી ૨૦૨૫માં નિફ્ટી ઈન્ડેક્સમાં ૦.૫૮ ટકા અને ૨૦૨૧ થી ૨૦૨૩ દરમિયાન પણ સતત ઘટાડાનું વલણ જોવા મળ્યું હતું. જાન્યુઆરી ૨૦૨૫માં તો નિફ્ટી ૫૦૦ સૂચકાંક ૩.૫ ટકા જેટલો ગબડ્યો હતો. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ, આ વર્ષે પણ જાન્યુઆરીમાં બજાર દિશાહીન રહેવાની ધારણા છે. વૈશ્વિક સંકેતો અને ટ્રમ્પ પ્રશાસનની ટેરિફ નીતિઓની અસરો વચ્ચે ભારતીય બજાર અત્યારે પોતાની જમીન શોધવાનો પ્રયાસ કરી રહ્યું છે.

## News Brief

### આશિષ કચોલિયા સમર્થિત ઈન્ડો એસએમસીનો IPO ૧૩ જાન્યુઆરીએ ખુલશે

મુંબઈ: ૨૦૨૧ માં સ્થાપિત, ઈન્ડો એસએમસી લિમિટેડ ત્રણ મુખ્ય વર્ટિકલ્સમાં કાર્યરત છે - શીટ મોલ્ડિંગ કમ્પાઉન્ડ (SMC) ઉત્પાદનો, ફાઈબરગ્લાસ રિઈનફોર્સ્ડ પ્લાસ્ટિક (FRP) ઉત્પાદનો અને વર્તમાન અને સંભવિત ટ્રાન્સફોર્મર્સ સહિત ઈલેક્ટ્રિકલ ઘટકો. કંપની તેના પ્રારંભિક જાહેર ઓફર (IPO) માટે તૈયાર છે, જેમાં ૬૧,૭૧,૦૦૦ નવા ઈક્વિટી શેર જારી કરીને રૂ. ૯૧.૯૫ કરોડ એકત્ર કરવાની યોજના છે.તેના SME પ્રારંભિક જાહેર ઓફર (IPO) માટે, ઈન્ડો SMC લિમિટેડે રૂ. ૧૪૧ થી રૂ. ૧૪૯ ની પ્રાઈસ બેન્ડ નક્કી કરી છે. કંપનીના શેર મંગળવાર, ૧૩ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ગુરુવાર, ૧૫ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ બંધ થશે. આ શેર BSE SME પર લિસ્ટેડ થશે, જેની લિસ્ટિંગ તારીખ મંગળવાર, ૨૦ જાન્યુઆરી, ૨૦૨૬ ની અંદાજિત તારીખ સાથે છે.આ ઈશ્યૂને પ્રખ્યાત ભારતીય ઈક્વિટી રોકાણકાર શ્રી આશિષ કચોલિયા દ્વારા સમર્થન આપવામાં આવ્યું છે જેમની પાસે ૩.૩૬% હિસ્સો છે, જે કંપનીની વૃદ્ધિ વ્યૂહરચના, અમલીકરણ ક્ષમતાઓ અને વ્યવસાયિક મૂળભૂત બાબતોમાં રોકાણકારોના મજબૂત વિશ્વાસ પર ભાર મૂકે છે.GYR કેપિટલ એડવાઈઝર્સ પ્રા. લિ. આ ઈશ્યૂના બુક રનિંગ લીડ મેનેજર છે અને Kfin ટેક્નોલોજીસ લિ. આ ઈશ્યૂના રજિસ્ટ્રાર છે. કંપનીના માર્કેટ મેકર ગિરિરાજ સ્ટોક બ્રોકિંગ પ્રા. લિ., નિકુંજ સ્ટોક બ્રોકર્સ લિ. છે.

## મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગ એયુએમ એંસી લાખ કરોડને પાર

# એસઆઈપી રોકાણ પ્રવાહ રૂ.૩૧૦૦૧ કરોડની ઐતિહાસિક ઉચ્ચ સપાટીએ

મુંબઈ: ભારતીય મૂડી બજારમાં નાના રોકાણકારોનો ભરોસો અતૂટ રહ્યો છે, જેના પરિણામે સિસ્ટેમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન એટલે કે એસઆઈપી દ્વારા થતું રોકાણ ડિસેમ્બર મહિનામાં નવા શિખરો સર કરી ગયું છે. શેરબજારમાં જોવા મળેલી વધ-ઘટ અને મિડ-કેપ તથા સ્મોલ-કેપ શેરોમાં મળેલા નકારાત્મક વળતર છતાં, રોકાણકારોએ શિસ્તબદ્ધ રોકાણ ચાલુ રાખ્યું છે. ડિસેમ્બર ૨૦૨૫માં એસઆઈપી મારફતે રોકાણનો આંકડો પ્રથમ વખત રૂ. ૩૧,૦૦૦ કરોડની સપાટી વટાવી ગયો છે. જોકે, બીજી તરફ ઈક્વિટી ફંડોમાં સીધા રોકાણ પ્રવાહમાં સામાન્ય ઘટાડો જોવા મળ્યો છે, જે રોકાણકારોની સાવચેતીભરી વ્યૂહરચના દર્શાવે છે. મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગના સત્તાવાર આંકડાઓ અનુસાર, ડિસેમ્બરમાં એસઆઈપી રોકાણ પ્રવાહ રૂ. ૩૧,૦૦૧.૬૭ કરોડની સર્વકાલીન ઉચ્ચ સપાટીએ પહોંચ્યો છે. આ સતત વધતા પ્રવાહને કારણે એસઆઈપી હેઠળની કુલ એસેટ્સ વધીને રૂ.



૧૬.૬૩ લાખ કરોડ થઈ ગઈ છે. નિષ્ણાતોના મતે, બજારની અસ્થિરતા વચ્ચે પણ મધ્યમ વર્ગના રોકાણકારો હવે લાંબા ગાળાના લક્ષ્યો માટે એસઆઈપીને શ્રેષ્ઠ માધ્યમ ગણી રહ્યા છે. આ આંકડો દર્શાવે છે કે રોકાણકારો હવે બજારના ટૂંકા ગાળાના ઉતાર-ચઢાવથી ડરવાને બદલે નિયમિત રોકાણમાં માને છે.

મીડિયા અહેવાલ મુજબ, ભારતીય મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગની કુલ એસેટ અન્ડર મેનેજમેન્ટ (AUM) હવે રૂ. ૮૦.૨૩ લાખ કરોડની ઐતિહાસિક સપાટી પર પહોંચી ગઈ છે. વાર્ષિક ધોરણે ઉદ્યોગની એયુએમમાં ૧૯.૯ ટકાનો મજબૂત વધારો નોંધાયો છે. મ્યુચ્યુઅલ ફંડ એસોસિએશનના મુખ્ય હોદ્દેદારોના જણાવ્યા અનુસાર, રોકાણકારોમાં વધેલી જાગૃતિ અને ફંડ હાઉસિસની પારદર્શક કામગીરીને કારણે આ સફળતા મળી છે. ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ સુધીમાં ઓપન-એન્ડેડ ઈક્વિટી સ્કિમ્સ પાસે રૂ. ૩૫.૭૩ લાખ કરોડનું ભંડોળ એકત્ર થયું છે.

ડિસેમ્બર મહિના દરમિયાન ઈક્વિટી ફંડોમાં રોકાણ પ્રવાહમાં ૬ ટકાનો ઘટાડો નોંધાયો છે. નવેમ્બરમાં જે પ્રવાહ રૂ. ૨૯,૯૧૧ કરોડ હતો, તે ઘટીને રૂ. ૨૮,૦૫૪ કરોડ રહ્યો છે. ખાસ કરીને સ્મોલ-કેપ અને મિડ-કેપ ફંડોમાં રોકાણકારોએ નફો બુક કરવાનું વલણ અપનાવ્યું હોય તેવું જણાય છે. જોકે, ફ્લેક્સી-કેપ ફંડો હજુ પણ રોકાણકારોની પહેલી પસંદ બનેલા છે. બીજી તરફ, ટેક્સ સેવિંગ ફંડ્સ (ELSS) માંથી રોકાણકારોએ રૂ. ૭૧૮ કરોડનો ચોખ્ખો ઉપાડ કર્યો છે, જે કરવેરાના બદલાતા સમીકરણો સૂચવે છે.

### NPSTએ ઓળખ કાર્ડમાં ડિજિટલ પેમેન્ટને એમ્બેડ કરવા માટે ઈન્ફિનિટી ઈન્ફોવે સાથે ભાગીદારી કરી

મુંબઈ | નેટવર્ક પીપલ સર્વિસીસ ટેક્નોલોજીસ લિમિટેડ (NPST), એક અગ્રણી ડિજિટલ બેંકિંગ અને પેમેન્ટ ટેકનોલોજી કંપનીએ આજે ઈન્ફિનિટી ઈન્ફોવે લિમિટેડ સાથેની એક વ્યૂહાત્મક ભાગીદારીની જાહેરાત કરી છે જેથી એક એમ્બેડેડ, ઈઆરપી-ઈન્ટિગ્રેટેડ પ્લેટફોર્મ દ્વારા આઈડેંટિટી-લિંક્ડ ડિજિટલ પેમેન્ટ્સને ઈનેબલ બનાવી શકાય.ઈન્ફિનિટી ઈન્ફોવે સાથે NPSTનું ટાઈમપે પ્રીપેડ કાર્ડ, ઈઆરપી આગેવાની હેઠળના બિઝનેસ વર્કફ્લો સાથે પ્રીપેડ પેમેન્ટ ક્ષમતાઓને એકીકૃત કરીને એન્ટરપ્રાઈઝ ઓપરેશંસના કેન્દ્રમાં એમ્બેડેડ પેમેન્ટ્સ લાવે છે. વિદ્યાર્થી ઓળખકાર્ડ, કર્મચારી ઓળખકાર્ડ અને ડ્રાઈવર ઓળખકાર્ડને સુરક્ષિત, પ્રીપેડ ક્રેડેંશિયલમાં રૂપાંતરિત કરવામાં આવે છે જે ઓપરેશનલ યૂઝ કેસોને સપોર્ટ કરે છે, જેમાં પેમેન્ટ આ વાતનું એક કુદરતી વિસ્તરણ હોય છે કે ઓર્ગેનાઈઝેશન પહેલાથી જ કેવી રીતે કાર્ય કરે છે.

### મકર સંક્રાંતિ 2026: કેલિફોર્નિયા બદામ સાથે લણણીની ઉજવણીમાં પોષણ ઉમેરો

નવી દિલ્હી: મકર સંક્રાંતિ ભારતભરમાં લાંબા દિવસો, તાજી ફસલ અને નવી ઊર્જાના આગમનનો પ્રતિક છે. પોંગલ, લોહરી, ઉત્તરાયણ અને મઘ બિહૂ જેવા વિવિધ રૂપોમાં ઉજવાતો આ ઉત્સવ સમૃદ્ધિ, કૃતજ્ઞતા અને નવા પ્રારંભનો પ્રતીક છે. જેમ જેમ પરિવારો પરંપરાગત વાનગીઓ અને મીઠાઈઓ તૈયાર કરે છે, આ ઋતુ કેલિફોર્નિયા બદામને સમાવેશ કરીને ઉજવણી અને સચેત પોષણ વચ્ચે સંતુલન સાધવાનો અવસર પ્રદાન કરે છે.પ્રોટીન, સ્વસ્થ ચરબી અને એન્ટીઑકિસડન્ટોના અનોખા મિશ્રણ સાથે, બદામ શક્તિ બનાવવામાં, રોગપ્રતિકારક શક્તિને ટેકો આપવા અને સતત ઉર્જા પ્રદાન કરવામાં મદદ કરે છે. તેમની પોષક તત્વોથી ભરપૂર પ્રોફાઈલ તેમને ઉત્સવના ભોજનમાં કુદરતી ઉમેરો બનાવે છે, ઉજવણી દરમિયાન એકંદર સુખાકારીને ટેકો આપતી વખતે ભોગવિલાસને સંતુલિત કરવામાં મદદ કરે છે.

## ટાટા મોટર્સ પેસેન્જર વ્હીકલ્સે હેરિયર અને સફારીને બહુ અપેક્ષિત પેટ્રોલ પાવરટ્રેનમાં લૉન્ચ કર્યા

મુંબઈ | ટાટા મોટર્સ પેસેન્જર વ્હીકલ્સ લિમિટેડ (TMPV), ભારતનો અગ્રણી SUV ઉત્પાદક, આજે બહુ અપેક્ષિત હેરિયર અને સફારી પેટ્રોલ મોડલની કિંમતોની જાહેરાત કરી. 1.5L હાઈપેરિયન ટર્બો-GDi પેટ્રોલ એન્જિનથી સંચાલિત, હેરિયર પેટ્રોલ 12.89 લાખ (એક્સ-શોરૂમ, નવી દિલ્હી) થી શરૂ થાય છે, જ્યારે સફારી પેટ્રોલ 13.29 લાખ (એક્સ-શોરૂમ, નવી દિલ્હી)થી ઉપલબ્ધ છે.

ઉચ્ચ સેગમેન્ટમાંથી લક્ઝરી ફીચર્સ સાથે, આ બંને SUV પ્રીમિયમ SUV જગ્યા ફરી વ્યાખ્યાયિત કરે છે. 36.9 સે.મી. સિનેમેટિક ઈન્ફોટેઈનમેન્ટ ડિસ્પ્લે (Samsung NeoQLED), ડોલ્બી એટમોસ ઓડિયો, Vision-X E-IRVM ડ્યુઅલ ડેશ કેમ અને DVR, VisionSync મેમરી ORVM Auto Reverse Dip, ClearView ડ્યુઅલ કેમેરા વોશર જેવી નવીનતાઓ સાથે સજ્જ છે.

સેગમેન્ટની શ્રેષ્ઠ ઈંધણ કાર્યક્ષમતા આપવાની સાથે, નવી 1.5L હાઈપેરિયન ટર્બો-GDi પેટ્રોલ એન્જિન બુદ્ધિશાળી ટેકનોલોજીથી સજ્જ છે, જે હેરિયર અને સફારીને પ્રીમિયમ SUV સેગમેન્ટને ફરી વ્યાખ્યાયિત કરવાની ક્ષમતા આપે છે.

## એચસીજી હોસ્પિટલના ડોકટરોએ એક દુર્લભ CCHF વાયરલ ફીવર કેસની સફળતાપૂર્વક સારવાર કરી.

અમદાવાદ | મીઠાખળીની એચસીજી હોસ્પિટલે, ડાયાબિટીસ, હાયપરટેન્શન અને બાયપાસ સર્જરીનો ભૂતકાળનો ઈતિહાસ ધરાવતા ૫૪ વર્ષીય પુરુષની સફળતાપૂર્વક સારવાર કરી, જે ગંભીર ક્રિમિઅન-કોંગો હેમોરેજિક ફીવર (CCHF) થી પીડાતા હતા, જે એક દુર્લભ પરંતુ સંભવિત જીવલેણ વાયરલ બીમારી છે અને સારવારના વિકલ્પો મર્યાદિત છે.દર્દી છેલ્લા લગભગ 10 થી 12 દિવસથી ખૂબ જ તાવ, શરીરમાં દુખાવો અને ભારે નબળાઈથી પીડાતા હતા. પેશાબ અને અન્ય અવયવોમાં બેક્ટેરિયલ ચેપ હોવાનું ખોટું નિદાન થતાં તેને શરૂઆતમાં લગભગ 2 થી 3 દિવસ સુધી બીજી હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી હતી. તેમ છતાં તેની સ્થિતિમાં સુધારો ન થતાં, સંબંધીઓ તેને અમદાવાદની એચસીજી હોસ્પિટલ ખાતે લાવ્યા. દર્દીને વધુ સારવાર માટે ક્રિટિકલ કેર મેડિસિન વિભાગના વડા ડૉ. બિનિત ઝવેરી - ની દેખરેખ હેઠળ દાખલ કરવામાં આવ્યા હતા.વ્યાપક તબીબી મૂલ્યાંકનમાં તાવ, તીવ્ર નબળાઈ, સામાન્ય શરીરમાં દુખાવો, પેટમાં અસ્વસ્થતા, મૌખિક સેવનમાં ઘટાડો, સુસ્તી અને જઠરાંત્રિય રક્તસ્રાવના લક્ષણો દૂર થવાના તબક્કામાં જોવા મળ્યા.

## સ્ટીલ કંપનીઓ વિસ્તરણ માટે લાવશે ચાર હજાર કરોડના આઈપીઓ



મુંબઈ: ભારતીય સ્ટીલ ઉદ્યોગ માટે નવા વર્ષની શરૂઆત અત્યંત આશાસ્પદ રહી છે. કેન્દ્ર સરકાર દ્વારા ચીન સહિતના દેશોમાંથી આવતા સસ્તા સ્ટીલ પર સેફગાર્ડ ડ્યૂટી લાદવાના નિર્ણયથી સ્થાનિક કંપનીઓમાં નવી ઉર્જાનો સંચાર થયો છે. આ રક્ષણાત્મક પગલાને કારણે હવે સ્ટીલ કંપનીઓ વિસ્તરણના પંથે આગળ વધી રહી છે. આગામી એક વર્ષમાં સ્ટીલ અને તેને સંલગ્ન કંપનીઓ પોતાના ક્ષમતા વિસ્તરણ અને દેવા મુક્તિ માટે મૂડી બજારમાંથી અંદાજે રૂ. ૩,૮૦૦ કરોડથી રૂ. ૪,૦૦૦ કરોડ જેટલું જંગી ભંડોળ એકત્ર કરવાની તૈયારી કરી રહી છે. આ પગલાથી લાંબા સમયથી મંદીનો સામનો કરી રહેલા આ ક્ષેત્રમાં ફરી તેજીના એંધાણ વર્તાઈ રહ્યા છે.લાંબા સમયથી ચીન, નેપાળ અને વિયેતનામ જેવા દેશોમાંથી સસ્તું સ્ટીલ ભારતીય બજારમાં ઠલવાતું હતું, જેના કારણે દેશી ઉત્પાદકોને ભારે સ્પર્ધા અને નુકસાનનો સામનો કરવો પડતો હતો. સરકારના નાણાં મંત્રાલયે તાજેતરમાં જારી કરેલા નોટિફિકેશન મુજબ, હવે સ્ટીલની આયાત પર ત્રણ વર્ષ માટે ૧૨ ટકા સુધીની સેફગાર્ડ ડ્યૂટી વસૂલવામાં આવશે. પ્રથમ વર્ષે ૧૨ ટકા, બીજા વર્ષે ૧૧.૫૦ ટકા અને ત્રીજા વર્ષે ૧૧ ટકા ડ્યૂટી લાગુ થવાથી સ્થાનિક બજારમાં ભાવમાં શિસ્તતા આવશે. સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો મુજબ, આ નિર્ણયથી રોકાણકારોનો વિશ્વાસ સ્ટીલ ક્ષેત્રમાં ફરી સ્થાપિત થયો છે.સ્ટીલ ક્ષેત્રમાં આવેલી આ સાનુકૂળતાનો લાભ લેવા માટે એક ડઝનથી વધુ કંપનીઓ શેરબજારમાં લિસ્ટિંગ માટે તૈયાર છે. એક મરચંટ બેન્કરના જણાવ્યા અનુસાર, મેઈનબોર્ડ ઉપરાંત એસએમઈ (SME) સેગમેન્ટમાં પણ સ્ટીલ કંપનીઓના જાહેર ભરણાંની કતાર લાગેલી છે.

## વૈશ્વિક વ્યાપાર નીતિઓ વગર સમજૂતી શક્ય નથી

# ભારત અમેરિકા વ્યાપાર સમજૂતી માટે નીતિ વિષયક સમાનતા જરૂરી

નવી દિલ્હી: ભારત અને અમેરિકા વચ્ચેના વ્યાપાર સંબંધોમાં હાલમાં જે ગતિરોધ જોવા મળી રહ્યો છે, તેને લઈને એક નવો વિવાદ છેડાયો છે. અમેરિકાના વાણિજ્ય સચિવ હાવર્ડ લુટનિકે કરેલા આશ્ચર્યજનક દાવા બાદ ભારતીય થિંક ટેન્ક 'ગ્લોબલ ટ્રેડ રિસર્ચ ઈનિશિયેટિવ' (GTRI) એ સ્પષ્ટ કર્યું છે કે વ્યાપાર સમજૂતીઓ નેતાઓ વચ્ચેની અંગત વાતચીત કે પ્રતીકાત્મક હાવભાવથી નહીં, પરંતુ મજબૂત નીતિ વિષયક સમાનતાથી થાય છે. લુટનિકે દાવો કર્યો હતો કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને વ્યક્તિગત ફોન ન કર્યો હોવાથી દ્વિપક્ષીય વ્યાપાર સમજૂતી થઈ શકી નથી. જોકે, જીટીઆરઆઈના મતે આ દાવો વાસ્તવિકતાથી દૂર છે અને તે વ્યાપારી વાટાઘાટોની ગંભીરતાને ઓછી કરી રહ્યો છે.જીટીઆરઆઈના અહેવાલ મુજબ, ભારત-અમેરિકા વચ્ચેની વ્યાપાર મડાગાંઠનું મુખ્ય કારણ ટેરિફ, કૃષિ, ડિજિટલ ટ્રેડ અને નિયમનકારી સ્વાયત્તતા જેવા ગંભીર મુદ્દાઓ પરના મતભેદો છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ઓગસ્ટ ૨૦૨૫થી અમેરિકાએ ભારતમાંથી આવતા માલ પર ૫૦ ટકા જેટલો ભારે ટેરિફ લાદી દીધો છે.

## ભારતીય શેરબજાર આઉટલુક હવે ન્યુટ્રલ શ્રેણીમાં મુકાયું નક્કી

નવી દિલ્હી: વૈશ્વિક બ્રોકરેજ ફર્મ બર્નસ્ટાઈને વર્ષ ૨૦૨૬ માટે ભારતીય ઈક્વિટી માર્કેટ અંગેના તેના વલણમાં મોટો ફેરફાર કર્યો છે. અત્યાર સુધી 'સિલેક્ટિવ બાય' રેટિંગ ધરાવતા ભારતીય બજારને હવે 'ન્યુટ્રલ' શ્રેણીમાં મૂકવામાં આવ્યું છે. બર્નસ્ટાઈનના મતે, ભારતીય શેરબજાર અત્યારે તેના સર્વોચ્ચ વેલ્યુએશન પર છે અને હવે બજારને વધુ ઉપર લઈ જવા માટે કોઈ નવા મજબૂત પરિબળો (ટેલવિન્ડ્સ) દેખાઈ રહ્યા નથી. આ અહેવાલ બાદ રોકાણકારોમાં સાવચેતીનો માહોલ જોવા મળી રહ્યો છે, કારણ કે બ્રોકરેજ ફર્મે સ્પષ્ટ કર્યું છે કે ૨૦૨૬માં અસાધારણ વળતરની અપેક્ષા રાખવી મુશ્કેલ છે.બર્નસ્ટાઈનના ઈન્ડિયા સ્ટ્રેટેજી આઉટલુક મુજબ, ભારતીય શેરબજારમાં છેલ્લા કેટલાક વર્ષોમાં જે તેજી જોવા મળી હતી તે હવે શાંત પડવાના આરે છે. અહેવાલમાં જણાવાયું છે કે ભારતીય બજાર હાલમાં ૨૦ ગણા ફોરવર્ડ પી/ઈ (P/E) રેશિયો પર ટ્રેડ થઈ રહ્યું છે, જે અન્ય મુખ્ય અર્થતંત્રોના ૧૫ ગણા સરેરાશ રેશિયો કરતા ઘણો વધારે છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો મુજબ, સરકારના મૂડી ખર્ચ (Capex) ની મર્યાદાઓ અને ખાનગી ક્ષેત્રના નબળા રોકાણને કારણે બજારની ગતિ ધીમી પડી શકે છે.બ્રોકરેજ ફર્મે વર્ષ ૨૦૨૬ માટે નિફ્ટી ૫૦ નો લક્ષ્યાંક ૨૮,૧૦૦ નિર્ધારિત કર્યો છે, જે વર્તમાન સ્તરેથી માત્ર ૭.૫ ટકાના સાધારણ વળતરનો સંકેત આપે છે. મીડિયા અહેવાલ અનુસાર, વર્ષ ૨૦૨૬ એ "થોડું થોડું બધું જ" જેવું વર્ષ હશે, જેમાં વ્યાજ દરોમાં નજીવો ઘટાડો અને ટ્રેડ ડીલની આશા જેવી બાબતો હશે, પરંતુ આ પરિબળો બજારને નવી ઊંચાઈએ લઈ જવા માટે પૂરતી ગતિ ધરાવતા નથી. બર્નસ્ટાઈનનું માનવું છે કે વાસ્તવિક જીડીપી ગ્રોથ હવે તેની ટોચની નજીક છે, જે આગળ જતાં બજાર માટે પડકારરૂપ બની શકે છે.

## દેશ આત્મનિર્ભર

### ખાતર ઉત્પાદન આત્મનિર્ભરતા ક્ષેત્રે ભારતે નોંધાવી ઐતિહાસિક સિદ્ધિ

નવી દિલ્હી: ભારત સરકારે કૃષિ ક્ષેત્રે આત્મનિર્ભરતા તરફ એક મોટું અને ઐતિહાસિક ડગલું ભર્યું છે. વિતેલા વર્ષ ૨૦૨૫માં દેશની ખાતરની કુલ જરૂરિયાતના અંદાજે ૭૩ ટકા જેટલો હિસ્સો ઘરઆંગણે ઉત્પાદન દ્વારા પૂરો કરવામાં આવ્યો છે. કેન્દ્રીય રસાયણ અને ખાતર મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલા સત્તાવાર નિવેદન મુજબ, ભારત હવે ખાતરની આયાત પરની પોતાની નિર્ભરતામાં ધરખમ ઘટાડો કરી રહ્યું છે. આ સિદ્ધિ 'આત્મનિર્ભર ભારત' ના વિઝનને સાકાર કરવાની દિશામાં એક માઈલસ્ટોન સમાન છે, જેનો સીધો લાભ દેશના કરોડો ખેડૂતોને સમયસર અને સસ્તા ખાતરના પુરવઠા તરીકે મળશે.



છેલ્લા પાંચ વર્ષના આંકડાઓ પર નજર કરીએ તો, ભારતની ખાતર ઉત્પાદન ક્ષમતામાં સતત વધારો જોવા મળ્યો છે. વર્ષ ૨૦૨૧માં જે કુલ ઉત્પાદન ૪૩૩.૨૯ લાખ ટન હતું, તે ૨૦૨૨માં વધીને ૪૬૭.૮૭ લાખ ટન અને ૨૦૨૩માં ૫૦૭.૯૩ લાખ ટન પર પહોંચ્યું હતું. વૃદ્ધિનો આ સિલસિલો ૨૦૨૪માં પણ જારી રહ્યો હતો અને વર્ષ ૨૦૨૫માં ઉત્પાદન ૫૨૪.૬૨ લાખ ટનની સર્વકાલીન ઉચ્ચ સપાટીએ પહોંચી ગયું છે. આ રેકોર્ડબ્રેક ઉત્પાદનમાં યુરિયા, ડીએપી (DAP), એનપીકે (NPKs) અને એસએસપી (SSP) જેવા મહત્વના ખાતરોનો સમાવેશ થાય છે. ઘરઆંગણે ખાતર ઉત્પાદન વધારવા પાછળ સરકારની વ્યૂહાત્મક નીતિઓ જવાબદાર છે. મીડિયા અહેવાલ મુજબ, સરકારે બંધ પડેલા જૂના ખાતરના કારખાનાઓને ફરીથી કાર્યરત કર્યા છે અને અનેક નવા આધુનિક પ્લાન્ટ્સની સ્થાપના કરી છે. સ્વદેશી ઉત્પાદનને પ્રોત્સાહન આપવા સાથે કાચા માલની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા માટે લાંબા ગાળાના કરારો પણ કરવામાં આવ્યા છે.

## ટન દીઠ તેર હજાર ડોલર પાર | એઆઈ ટેકનોલોજી માંગ બનશે કોપરની તંગીનું કારણ

# એઆઈ ક્રાંતિથી કોપરની વૈશ્વિક અછત સર્જાવાના એંધાણ વર્તાયા

મુંબઈ: વૈશ્વિક ટેકનોલોજી જગતમાં અત્યારે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) નો દબદબો વધી રહ્યો છે, પરંતુ આ પ્રગતિની પાછળ એક ગંભીર ખતરો પણ આકાર લઈ રહ્યો છે. તાજેતરના અહેવાલો મુજબ, એઆઈ અને સંરક્ષણ ક્ષેત્ર તરફથી વધતી જતી જોરદાર માંગને કારણે લાલ ધાતુ ગણાતા કોપરની વૈશ્વિક અછત અંદાજ કરતાં વધુ ઘેરી બનવાની શક્યતા છે. એસએન્ડપી ગ્લોબલના એક વિશેષ અહેવાલ દ્વારા ચેતવણી આપવામાં આવી છે કે જો સમયસર પુરવઠાનું વ્યવસ્થાપન કરવામાં નહીં આવે, તો આ આર્થિક વિકાસ અને ભવિષ્યના ટેકનોલોજીકલ વિસ્તરણ સામે એક નવો અને જટિલ પડકાર ઊભો કરશે.

અત્યાર સુધી કોપરની માંગ મુખ્યત્વે બાંધકામ, પરિવહન અને વીજ ઉત્પાદન જેવા પરંપરાગત ક્ષેત્રો પૂરતી મર્યાદિત હતી. પરંતુ બદલાતા સમય સાથે હવે



રિન્યુએબલ એનર્જી, ઈલેક્ટ્રિક વાહનો (EV) અને ખાસ કરીને એઆઈ ડેટા સેન્ટરોમાં કોપરનો વપરાશ અકલ્પનીય રીતે વધી રહ્યો છે. મીડિયા અહેવાલ અનુસાર, એઆઈ ક્ષેત્ર કોપરની માંગ માટે એક નવું અને અત્યંત સક્રિય પરિબળ છે. નિષ્ણાતો માને છે કે ૨૦૪૦ સુધીમાં કોપરની કુલ માંગ હાલના સ્તરથી ૫૦ ટકા જેટલી વધીને ૪.૨૦ કરોડ ટન સુધી પહોંચી શકે છે, જે પુરવઠાની સરખામણીએ ઘણી વધારે છે.

કોપરની વધતી માંગ અને મર્યાદિત પુરવઠાની સીધી અસર આંતરરાષ્ટ્રીય બજારમાં જોવા મળી રહી છે. વિશ્વ બજારમાં કોપરના ભાવ ટન દીઠ ૧૩,૦૦૦ અમેરિકન ડોલરની વિક્રમી સપાટી વટાવી ગયા છે. અમેરિકા દ્વારા વિવિધ ચીજવસ્તુઓ પર ટેરિફ વધારવાની હિલચાલને કારણે પણ વ્યાપારીઓએ કોપરનો મોટો સ્ટોક કરવાનું શરૂ કર્યું છે, જેનાથી બજારમાં કૃત્રિમ અછત સર્જાઈ છે અને ભાવોમાં સતત ઉછાળો આવી રહ્યો છે. સ્થાનિક બજારોમાં પણ તેની અસર વર્તાતા મેન્યુફેક્ચરિંગ ખર્ચમાં વધારો થવાની ભીતિ સેવાઈ રહી છે.

માંગમાં જે ગતિએ વધારો થઈ રહ્યો છે, તેની સામે ઉત્પાદન વધારવામાં અનેક મુશ્કેલીઓ નડી રહી છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો મુજબ, વિશ્વની મોટી કોપરની ખાણો હાલમાં માળખાગત મર્યાદાઓનો સામનો કરી રહી છે. નવી ખાણોના પ્રોજેક્ટ્સ જટિલ નિયમનકારી ધોરણો અને પર્યાવરણીય મંજૂરીઓમાં અટવાયેલા છે. વધુમાં, પૃથ્વીના પેટાળમાંથી નીકળતા કોપર ઓરની ગુણવત્તા પણ ધીમે ધીમે કથળી રહી છે. ૨૦૩૦ સુધીમાં વૈશ્વિક ઉત્પાદન માત્ર ૩.૩૦ કરોડ ટન સુધી પહોંચવાની ધારણા છે, જે વધતી જતી માંગને સંતોષવા માટે અપૂરતું સાબિત થશે.કોપરની આ વૈશ્વિક અછત માત્ર ટેકનોલોજી જ નહીં, પણ સમગ્ર આર્થિક વિકાસને રૂંધી શકે છે. વીજળીના આધુનિકીકરણ અને હરિત ઊર્જાના લક્ષ્યોને પ્રાપ્ત કરવા માટે કોપર અનિવાર્ય છે. જો પુરવઠાની આ ખેંચ લાંબો સમય ચાલુ રહેશે, તો ઈલેક્ટ્રિક ઉપકરણોથી લઈને ઈલેક્ટ્રિક વાહનો સુધીની તમામ વસ્તુઓ મોંઘી બની શકે છે. VV

**તંત્રીની કલમે...**

વિક્રમ સંવત 2082, પોષ વદ-08

# હિન્દી વૈશ્વિક ભાષા બનવા તરફ આગળ વધી રહી છે

૧૦ જાન્યુઆરી, 'વિશ્વ હિન્દી દિવસ' ની ઉજવણી દ્વારા ચિહ્નિત, હિન્દી પ્રેમીઓને ઉત્સાહથી ભરી દે છે. તે હિન્દી ભાષાના ઐતિહાસિક પરિપ્રેક્ષ્ય, તેની વર્તમાન સ્થિતિ અને ભવિષ્યની સંભાવનાઓ પર ચિંતન કરવાની તક પણ પૂરી પાડે છે. આ વર્ષનો 'વિશ્વ હિન્દી દિવસ' આપણા માટે ઐતિહાસિક છે, કારણ કે તે નાગપુરમાં આયોજિત પ્રથમ વિશ્વ હિન્દી પરિષદની ૫૦મી વર્ષગાંઠને ચિહ્નિત કરે છે. ૧૦ જાન્યુઆરી ૧૯૭૫ ના રોજ નાગપુરમાં આયોજિત પ્રથમ વિશ્વ હિન્દી પરિષદ, 'વસુધૈવ કુટુંબકમ' ના સૂત્ર સાથે વૈશ્વિક સ્તરે હિન્દીને પ્રોત્સાહન આપવાનો એક મહત્વપૂર્ણ પ્રયાસ હતો. ૩૦ દેશોના ૧૨૨ પ્રતિનિધિઓએ તેમાં ભાગ લીધો હતો. તે પરિષદે ભારત અને વિદેશમાં રહેતા ભારતીયોમાં વૈશ્વિક પ્લેટફોર્મ પર તેમની ભાષાકીય અને સાંસ્કૃતિક ઓળખ સ્થાપિત કરવાની ઈચ્છા જગાવી. તેનાથી તેમનામાં માત્ર રાષ્ટ્રીય સ્તરે જ નહીં પરંતુ વૈશ્વિક સ્તરે પણ હિન્દીના પ્રચારમાં જોડાવાનો સંકલ્પ જાગ્યો. હિન્દી માત્ર રાષ્ટ્રીય અને સાંસ્કૃતિક દ્રષ્ટિકોણથી જ નહીં, પણ વૈશ્વિક દ્રષ્ટિકોણથી પણ મહત્વપૂર્ણ રહી છે. ઘણા વિદેશી વિદ્વાનોએ પણ હિન્દીની સેવા કરી છે. આ સંદર્ભમાં, બેલ્જિયમના ફાધર કામિલ બુલ્કે, મોરેશિયસના અભિમન્યુ અનંત, જાપાનના પ્રોફેસર ક્યુયા દોઈ, જર્મનીના લોથર લુત્ઝે, મોસ્કોના યેવજેની પેટ્રોવિચ ચેલિશ્ચેવ, શ્રીલંકાના ઈન્દ્ર દાસનાયક, ન્યુઝીલેન્ડના રોનાલ્ડ સ્ટુઅર્ટ મેકગ્રેગોર અને હંગેરીના ઈમરે બંધાનો ઉલ્લેખ કરી શકાય છે. ભાષા કોઈપણ દેશની સંસ્કૃતિની એક મૂલ્યવાન સિદ્ધિ છે. તે આપણી સંવેદના અને આત્મ-જાગૃતિનો એટલો ભાગ છે કે જો તેને આપણાથી અલગ કરવામાં આવે તો આપણું અસ્તિત્વ જોખમમાં મુકાઈ જશે. દરેક ભાષા તેના બોલનારાઓની આસપાસ એક જાદુઈ વર્તુળ દોરે છે. આ જાદુઈ વર્તુળ હકીકતમાં, ભાષાની જ પરિમિતિ છે, જેમાં આપણી ઓળખ સુરક્ષિત રહે છે, કારણ કે ભાષા એક જૂથના સાંસ્કૃતિક પ્રતીક તરીકે જીવે છે. આજે, હિન્દીની વૈશ્વિક હાજરીએ સાબિત કર્યું છે કે શબ્દ નિર્માણનો વ્યવસાય અનંત શક્યતાઓથી ભરેલો છે. વૈશ્વિક સ્તરે હિન્દીની માંગના નવા વ્યાપારી અને સામાજિક-સાંસ્કૃતિક સંદર્ભો ઉભરી રહ્યા છે. વિશ્વભરમાં રહેતા ભારતીયો હિન્દીની ગરિમા જાળવવા માટે સતત પ્રયત્નશીલ છે. તેઓ સારી રીતે જાણે છે કે દરેક ભાષાની રચના સામાજિક-સાંસ્કૃતિક મૂળ ધરાવે છે. તેથી, ભાષા આપણને આપણા ઈતિહાસ, પૌરાણિક કથાઓ અને પરંપરાઓ સાથે જોડે છે. આ જોડાણ એક સામૂહિક ઓળખ બની જાય છે, જે અત્યંત મૂલ્યવાન બની જાય છે. આમ, હિન્દીની વૈશ્વિક સમજણ રચાઈ રહી છે. ભારતની ઝડપી આર્થિક પ્રગતિનું અવલોકન કરતા, ભાષાશાસ્ત્રીઓ આગાહી કરે છે કે ભવિષ્યમાં, હિન્દી આંતરરાષ્ટ્રીય સંદેશાવ્યવહારની ટોચની દસ ભાષાઓમાંની એક હશે. તે જ્ઞાન, વિજ્ઞાન, ઉચ્ચ ટેકનોલોજી અને નવીનતાના વૈશ્વિક પરિદૃશ્યમાં તેની તાકાત સાબિત કરશે. વૈશ્વિકરણથી ઉદ્ભવતા સંજોગોએ વૈશ્વિક ભાષા તરીકે હિન્દીની સ્થિતિને પણ મજબૂત બનાવી છે. ઉપભોક્તાવાદી સંસ્કૃતિમાં, બજાર ભાષાની શક્તિ અને તાકાત માટેનો માપદંડ બની ગયું છે. આજે, ભાષા સમૃદ્ધિના માપદંડોના આધારે નિયંત્રણ અને નિર્ધારણની રમતને સ્વીકારે છે અથવા નકારે છે. ભારતના બદલાતા સાંસ્કૃતિક અને આર્થિક વાતાવરણે બહુરાષ્ટ્રીય કંપનીઓમાં તેમના ઉત્પાદનોને પ્રોત્સાહન આપવા માટે ભારતીયતાનો ઉપયોગ અસરકારક માર્કેટિંગ સાધન તરીકે કરવાના વલણને પ્રોત્સાહન આપ્યું છે. તેઓએ જાહેરાતોમાં ભારતીય માન્યતાઓ, પરંપરાઓ અને છબીઓને ઉજાગર કરવાનું શરૂ કર્યું છે. આ દિવસોમાં, જાહેરાતોમાં ભારતીય સાંસ્કૃતિક પ્રતીકોનો વ્યાપકપણે ઉપયોગ થઈ રહ્યો છે. જાહેરાતકર્તાઓ ભારતના રાષ્ટ્રીય ગૌરવને જાગૃત કરવા માટે હિન્દી અને ભારતીય ભાષાઓનો ઉપયોગ કરી રહ્યા છે. મનોરંજન ઉદ્યોગે હિન્દીના વૈશ્વિક ક્ષિતિજોને અભૂતપૂર્વ રીતે વિસ્તૃત કર્યા છે. હિન્દી ફિલ્મો દ્વારા હિન્દી વિશ્વભરના દેશોમાં ફેલાઈ રહી છે. દરેક ભાષા તેના યુગના સંજોગો અને પ્રેરણાઓ અનુસાર બદલાય છે. આજે, ટેકનોલોજીકલ પ્રભુત્વના યુગમાં, ટેકનોલોજી હિન્દીમાં નવીનતા લાવી રહી છે. પ્રાદેશિક ભાષાઓ અને બોલચાલના શબ્દો દ્વારા હિન્દીનું એક નવું સ્વરૂપ પણ ઉભરી રહ્યું છે. આવા ઘણા વિકાસલક્ષી તબક્કાઓમાંથી પસાર થઈને, હિન્દી તેની આંતરરાષ્ટ્રીય સંભાવના સ્થાપિત કરી રહી છે. હિન્દીની આંતરરાષ્ટ્રીય સંભાવનાનો વિકાસ વૈશ્વિક ગામ અને વૈશ્વિક જનતાની માંગ પણ છે, જે બજારની જરૂરિયાતો દ્વારા સંચાલિત છે. સત્તાવાર ભાષા, સંપર્ક ભાષા અને સામાન્ય ભાષાના તબક્કાઓ પાર કરીને, હિન્દી વૈશ્વિક ભાષા બનવા તરફ આગળ વધી રહી છે.

## પ્રાણી, પક્ષી અને માનવ વચ્ચે સમન્વય સાધવા માટે

# નડાબેટ ઈન્ટરપ્રિટેશન સેન્ટર મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે: શંકર ચૌધરી

માહિતી બ્યુરો | પાલનપુર

વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરીના અધ્યક્ષસ્થાને તથા રાજ્યના વન અને પર્યાવરણ, વાહનવ્યવહાર અને ક્લાયમેટ ચેન્જ રાજ્યમંત્રીશ્રી પ્રવીણભાઈ માળી તથા ખાદી, કુટીર અને ગ્રામોદ્યોગ રાજ્યમંત્રીશ્રી સ્વરૂપજી ઠાકોરની ગરિમામય ઉપસ્થિતિમાં વાવ-થરાદ જિલ્લાના નડાબેટ ખાતે તૈયાર કરવામાં આવેલ ઈન્ટરપ્રિટેશન સેન્ટરનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. મહાનુભાવોના હસ્તે યાયાવર પક્ષીઓની ડેટાબેઝ પુસ્તિકાનું વિમોચન કરાયું હતું.

આ પ્રસંગે વિધાનસભા અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું કે, પ્રકૃતિના સિદ્ધાંતોને અનુરૂપ આપણે આગળ વધવું જોઈએ. પ્રકૃતિ પાસેથી મળેલી તમામ સુવિધાઓ અને સંસાધનો પાછા પ્રકૃતિને આપવા તે આપણી ફરજ છે. વિકાસની સાથે પ્રકૃતિની અમૂલ્ય ધરોહર જાળવવી એ અત્યંત જરૂરી છે. નડાબેટને રાજ્ય સરકાર, કેન્દ્ર સરકાર અને વન વિભાગના સક્રિય સહયોગથી બોર્ડર ટુરિઝમ સેન્ટર તરીકે વિકસાવવામાં આવી રહ્યું છે, જેથી પ્રવાસીઓને પ્રકૃતિ, વન્યજીવન અને સ્થાનિક સંસ્કૃતિ વિષે શિક્ષણ અને જાગૃતિ મળી રહેશે.

અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું કે, નડાબેટ પર્યટન સ્થળ તરીકે વિકસિત થયું છે. આજે અહીં લાખોની સંખ્યામાં પ્રવાસીઓ આવે છે જેનાથી સ્થાનિક યુવાઓ માટે રોજગારી, તાલીમ અને કૌશલ્ય વિકાસની નવી તકો ઊભી થઈ રહી છે.

સરકારની યોજનાઓ અને સુવ્યવસ્થિત કામગીરી દ્વારા નડાબેટને સમગ્ર રાજ્ય અને દેશ માટે ઈકો-ટુરિઝમમાં એક આગવું અને પ્રેરણાદાયક કેન્દ્ર બનાવવાનું ધ્યેય છે. પ્રકૃતિ સાથે સંતુલિત વિકાસ કરીને સ્થાનિક આર્થિક



વિકાસ અને પર્યાવરણ સંરક્ષણ બંનેમાં સમન્વય સાધવો આપણું મુખ્ય લક્ષ્ય છે.

રાજ્ય કક્ષાના મંત્રીશ્રી પ્રવીણભાઈ માળીએ જણાવ્યું હતું કે, વિધાનસભા અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરીની કલ્પનાથી નડાબેટને બોર્ડર ટુરિઝમ તરીકે વિકસાવવાની શરૂઆત થઈ છે. દર વર્ષે મોટી સંખ્યામાં પ્રવાસીઓ અહીં આવે છે, જેના કારણે સ્થાનિકોને રોજગાર મળે છે. પ્રાણી, પશુ અને પંખી પ્રત્યે સંવેદનશીલતા વિકસે તે હેતુથી રાજ્ય સરકાર અને વન વિભાગ દ્વારા ઈન્ટરપ્રિટેશન સેન્ટર વિકસાવવામાં આવ્યું છે.

નડાબેટ ખાતે દર વર્ષે ૧૮૩થી વધુ યાયાવર પક્ષી પ્રજાતિઓનું આવાગમન થાય છે. અહીં ભારતમાં ઘુડખર માટેનું એકમાત્ર અભ્યારણ આવેલું છે.જેને જોવા માટે દેશ-વિદેશથી પ્રવાસીઓ આવે છે. પ્રાણી અને માનવ વચ્ચેના સમન્વય માટે જનજાગૃતિ ઊભી કરવા ઈન્ટરપ્રિટેશન સેન્ટર મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. આ વિસ્તારની ભૌગોલિક વિશિષ્ટતાઓને કારણે નડાબેટ ધાર્મિક તથા પર્યટન સ્થળ તરીકે વધુ વિકસશે.

રાજ્ય સરકારે સિરકિકથી ધોરડો, નડાબેટ, ડીસા, બાલારામ સફારી, અંબાજી, ધરોઈ, પાટણની રાણીની વાવ તથા અમદાવાદને જોડતી ટુરિઝમ સર્કિટ વિકસાવી છે, જેમાં ઈકો-ટુરિઝમને વિશેષ પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે.

આ પ્રસંગે કુટીર અને ગ્રામોદ્યોગ રાજ્યમંત્રીશ્રી સ્વરૂપજી ઠાકોરએ જણાવ્યું હતું કે, નડાબેટ રણ વિસ્તારમાં દર શિયાળે ૧૫ લાખથી વધુ પક્ષીઓ અને ૧૮૩ જેટલી પ્રજાતિઓ આવે છે. આ પક્ષીઓના સંરક્ષણ માટે સૌએ મળીને પ્રયાસ કરવો જરૂરી છે.

આ કાર્યક્રમ દરમિયાન વિધાનસભા અધ્યક્ષશ્રી તથા મંત્રીશ્રીઓએ ઈન્ટરપ્રિટેશન સેન્ટરની મુલાકાત લીધી અને વર્ચ્યુઅલ રિયાલિટી દ્વારા શોર્ટ ફિલ્મ નિહાળી હતી. ત્યારબાદ વુલ્ફ સોફ્ટ રીલીઝ સેન્ટર, નડાબેટની પણ મુલાકાત લેવામાં આવી.

નડાબેટ ઈન્ટરપ્રિટેશન સેન્ટર દ્વારા સરહદી વિસ્તારમાં આવેલા વન્યજીવન, પર્યાવરણ સંરક્ષણ, સરહદી સંસ્કૃતિ અને પ્રવાસન વિકાસ અંગે મુલાકાતીઓને માહિતગાર કરવાનો હેતુ રાખવામાં આવ્યો છે. જે પ્રવાસન ક્ષેત્રે નવી દિશા આપશે તથા સ્થાનિક વિકાસને વેગ આપશે. આ લોકાર્પણ કાર્યક્રમમાં આગેવાનશ્રી ડી.ડી. રાજપૂત, નાયબ વન સંરક્ષકશ્રી ચિરાગ અમીન, શ્રી પી.જી. ગાર્ડી, આમંત્રિત મહેમાનો તેમજ મોટી સંખ્યામાં નાગરિકો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# બગસરા મેઘાણી હાઈસ્કૂલના સ્નેહી PhDની પદવી મેળવી

અશોક મણવર | અમરેલી

અમરેલીના બગસરા શહેરમાં શ્રી રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી હાઈસ્કૂલના શિક્ષક શ્રી સ્નેહી પરમારે બાળ કવિતાની ભાષા ઉપર પ્રથમ વખત સંશોધન થયું. ગુજરાતી ભાષાના જાણીતા કવિ સ્નેહી પરમારે તાજેતર માં ચિલ્ડ્રન્સ યુનિવર્સીટી ગાંધીનગર ખાતે પાંચ વર્ષના સઘન સંશોધન પછી પી.એચ. ડી નિમિત્તે શોધનિબંધ રજૂ કરી પીએચ. ડી. ની ડિગ્રી મેળવી છે.



ગુજરાતી બાળ સાહિત્ય કે જેના પર બહુ ઓછું સંશોધન થયેલ છે તેમાં સંશોધન કર્યું છે. ''ગુજરાતી બાળકવિતાની ભાષા: એક અભ્યાસ'' વિષય પર પાંચ વર્ષ જેટલા સમયગાળામાં સંશોધન કાર્ય પૂર્ણ કરેલ છે. ગુજરાતી બાળકવિતાની ભાષા જેવા વણખેડાયેલ વિષય પરનું આ સંશોધન આ પ્રકારનું આગવું સંશોધન લેખાય છે. સુધારકયુગ, પંડિત યુગ, ગાંધીયુગ, અનુગાંધીયુગ, આધુનિકયુગ, અનુઆધુનિક યુગ જેવા યુગવિભાજન સાથે દરેક કાળે બાળકવિતાની ભાષામાં કેવાં ફેરફાર આવ્યા તેનો તલસ્પર્શી અભ્યાસ આ સંશોધનમાં કરવામાં આવેલ છે.

સંશોધક અંગ્રેજી વિષયના શિક્ષક છે અને ગુજરાતી વિષય પર સંશોધન કર્યું છે તે રીતે આ સંશોધનમાં બે ભાષાની શિસ્તનું રસપ્રદ સાયુજ્ય જોવા મળી શકે છે. ડૉ. સ્નેહી પરમારે ડૉ. પ્રશાંત પટેલના માર્ગદર્શનમાં આ સંશોધન કાર્ય કરેલ છે. તાજેતરમાં યુનિવર્સીટીના વાઈસ ચાંસેલર શ્રી ડૉ એ. ટી. જોશીના વરદ હસ્તે આ ડિગ્રી અર્પણ કરવામાં આવેલ છે. એક્સપર્ટ તરીકે ઉપસ્થિત રહેલ ડૉ. સંજય મકવાણાએ આ સંશોધનની પ્રશંસા કરતા સંતોષ વ્યક્ત કરેલ.કવિતા તો સંશોધનના નિષ્ણાંત શ્રી કુમાર જૈમિની શાસ્ત્રી અને ભાષાવિદ ડૉ. પિન્કી પંડ્યાએ આ સંશોધનને શુભકામનો પાઠવી છે. જેમની કવિતા ઉપર અનેક યુનિવર્સીટીમાં પીએચ. ડી થઈ રહેલું છે તેવા સ્નેહી પરમારે કરેલ સંશોધનને ભાષાના જાણકારોનો આવકાર પ્રાપ્ત થઈ રહ્યો છે.



# ચાણસ્માની ભારતી સોસાયટીની સેવાર્થી મહિલાઓ દ્વારા શ્વાન માટે લાડુ કરાયા

નિતીન ઠાકર | ચાણસ્મા

શિયાળાની ઠંડી ઋતુની સિઝનમાં અબોલ જીવો માટે સેવાર્થીઓ દ્વારા લોકફાળા દ્વારા. શિરો લાડુ ખિચડી બનાવી શ્વાનોને ખવડાવવાનું. પૂણ્યકાર્ય કરે છે ત્યારે ચાણસ્મા નગરમાં આવેલી ભારતી સોસાયટીમાં સોસાયટીની સેવાર્થી મહિલા દ્વારા ૧૦ દિવસ પહેલાં રોટલા ત્યારબાદ છેલ્લા ચાર દિવસમાં બીજી વખત શ્વાનોને ખવડાવવા માટે લાડુ તૈયાર કરાયા હતા આ ભગીરથ કાર્ય છે ૬ વર્ષથી શિયાળાની સિઝનમાં સોસાયટીના. લોકફાળાથી શ્વાનો માટે લાડુ . ખિચડી. તેમજ રોટલા સોસાયટીની સેવાભાવી મહીલાઓની મદદથી બનાવી સોસાયટી આજુબાજુના શ્વાનોને ખવડાવી પૂર્ણ્યનું સેવાભાવીકાર્ય કરવામાં આવતું હોવાનું.કૈલાશબેન.દરબારે જણાવ્યું હતું.



# સોમનાથ સ્વાભિમાન પર્વ અંતર્ગત ગળતેશ્વર મહાદેવ મંદિરે ધુન તથા પુજા અર્ચના કરાઇ....

અશેષ વ્યાસ | ખેડા

ભારતીય જનતા પાર્ટી દ્વારા સોમનાથ મંદિર ખાતે ત્રિદિવસીય ભવ્ય કાર્યક્રમો યોજાવા જઈ રહ્યા છે ત્યારે ખેડા જિલ્લાના ગળતેશ્વર તાલુકાના અતિ પ્રાચીન ગળતેશ્વર મહાદેવ મંદિરમાં પણ પુજા અર્ચના શિવધુન તથા આરતી કરી ને ઉજવવામાં આવશે આ સહિત ગળતેશ્વર તાલુકા સહિત સમગ્ર ખેડા જિલ્લાના શિવાલયોમાં પણ આવા ધાર્મિક કાર્યક્રમો યોજાવા ના છે જે અંતર્ગત આજે ઠાસરા વિધાનસભા ના ધારાસભ્ય શ્રી યોગેન્દ્ર સિંહ પરમાર ખેડા જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખ શ્રીમતી નયનાબેન પટેલ, પ્રદેશ કારોબારી સદસ્ય વિનુભાઈ પટેલ દ્વારા ગળતેશ્વર મહાદેવ ની પુજા કરવામાં આવી હતી અને મંદિરમાં ચાલી રહેલ શિવ ધુન માં ભાગ લીધો હતો આ પ્રસંગે ૭૨ કલાક સુધી ઠાસરા વિધાનસભા ના અનેક ભજન મંડળો દ્વારા ભજન કીર્તન કરવામાં આવશે આ પર્વ ની ઉજવણી પ્રસંગે મહાનુભાવો



શાથે ગળતેશ્વર તાલુકા ભાજપ સંગઠન પ્રમુખ નિરવ ઉપાધ્યાય ગળતેશ્વર તાલુકા મહામંત્રી રીપલ ઠાસરા શહેર પ્રમુખ મહેન્દ્ર પરમાર ઠાસરા મહામંત્રી શ્રીકર પટેલ ઠાસરા ના પુર્વ સંગઠન પ્રમુખ શ્રી રણછોડભાઈ પંચાલ ગળતેશ્વર તાલુકા પુર્વ ઉપ પ્રમુખ નિતિન ભાઈ પટેલ સંગઠન ઉપ પ્રમુખ અશેષ વ્યાસ સહિત ભાજપના અનેક આગેવાનો આ ભવ્ય કાર્યક્રમ ઉપસ્થિત રહી આ અવસર ને ભવ્ય બનાવ્યો હતો.

# બાલાસિનોર પીટીસી ગર્લ્સ કોલેજ ખાતે મહેંદી તથા કેશ ગુથણ સ્પર્ધા યોજાઈ



અશેષ વ્યાસ | અંજુમન એજ્યુકેશન ટ્રસ્ટ, બાલાસિનોર સંચાલિત પી.ટી.સી.કોલેજ ફોર ગર્લ્સ ખાતે મહેંદી સ્પર્ધા તથા કેશગુથન સ્પર્ધા નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મહેંદી સ્પર્ધા માં પ્રથમ વિજેતા તમન્ના બેન, દ્વીતીય વિજેતા કૃપાલીબેન સુથાર, તૃતીય વિજેતા સાનિયાબેન શેખ રહ્યા હતા જ્યારે કેશગુથન સ્પર્ધા માં પ્રથમ વિજેતા સોલંકી સેજલબેન દ્વીતીય વિજેતા ચૌહાણ હિતેશ્વરીબેન તૃતીય વિજેતા માછી મહિતાબેન રહ્યા હતા આ સ્પર્ધા માં વિજેતાઓને અધ્યાપકગણ દ્વારા પ્રોત્સાહન ઈનામ આપી અભિનંદન પાઠવવામાં આવ્યા હતાં.

# શ્રી રામાનંદ સંપ્રદાય દ્વારા રક્તદાનનો મહાયજ્ઞ:- બે દિવસમાં ચાર કેમ્પ થકી 370 યુનિટ રક્ત એકત્રિત..

નરેન્દ્ર દવે | જૂનાગઢ

માનવ સેવા એ જ પ્રભુ સેવાના મંત્રને સાર્થક કરતા, ડાંગ જિલ્લામાં જગતગુરુ શ્રીમદ્ રામાનંદાચાર્ય નરેન્દ્રચાર્યજી મહારાજની પ્રેરણાથી ભવ્ય રક્તદાન શિબિરોનું આયોજન કરવામાં આવ્યું હતુ.ડાંગ જિલ્લા રામાનંદ સંપ્રદાય દ્વારા આયોજિત આ અભિયાન અંતર્ગત બે દિવસમાં જિલ્લાના વિવિધ ચાર સ્થળોએ કેમ્પ યોજી કુલ ૩૭૦ યુનિટ રક્ત એકત્રિત કરવામાં આવ્યું હતું.આ રક્તદાન કેમ્પનો પ્રારંભ ડાંગ જિલ્લાના ધારાસભ્ય અને નાયબ દંડક વિજયભાઈ પટેલના હસ્તે કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે આહવા નગરના સરપંચ હરિચંદ ભોયે,આદિજાતિ મોરચા મંત્રી સુભાષ ગાઈન,



આર.એફ.ઓ.વિનય પવર, નરેશ ગવળી અને મનીષ મારકણા જેવા અગ્રણીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને રક્તદાતાઓનો ઉત્સાહ વધાર્યો હતો.જિલ્લાના મુખ્ય પ્રવાસન અને વહીવટી મથકો પર યોજાયેલા આ કેમ્પમાં લોકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સાપુતારામાં ૧૩૫ યુનિટ,સાકરપાતળમાં ૮૭ યુનિટ,સુબીર (પીપલદહાડ)માં ૮૪ યુનિટ,આહવામાં ૬૪ યુનિટ એમ મળી કુલ ૩૭૦ યુનિટ રક્ત એકત્ર કરવામાં આવેલ છે.આ કેમ્પની વિશેષતા એ રહી કે તેમાં સમાજના દરેક વર્ગે ફાળો આપ્યો હતો. સ્થાનિક વેપારીઓ, હોટેલ સંચાલકો, લારી-ગલ્લા ધારકો સહિત વિવિધ સરકારી કચેરીઓના કર્મચારીઓ અને આસપાસના ગ્રામીણ વિસ્તારના નાગરિકોએ સ્વૈચ્છિક રીતે રક્તદાન કરી માનવતા મહેકાવી હતી.સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન અને સંચાલન ડાંગ જિલ્લા રામાનંદ સંપ્રદાયના કાર્યકરો દ્વારા કરવામાં આવ્યું હતું, જે બદલ તમામ રક્તદાતાઓનો આભાર વ્યક્ત કરાયો હતો.

# દેવપર યક્ષના જાણીતા ચિત્રકારનું હાર્ટ એટેક કારણે અવસાન થતાં શોક ફેલાયો



મહેશ એલ.સોની | નખત્રાણા

દેવપર યક્ષના જાણીતા ચિત્રકાર તુલસીભાઈ પરમાર ( પેઈન્ટર તુલસી) શિવધારા આર્ટ્સવાળાનું આજે વહેલી સવારે હાર્ટ એટેકને કારણે ખૂબ જ નાની વયે દુ:ખદ અવસાન થતાં દેવપર યક્ષ વિસ્તાર તેમજ કચ્છ આર્ટિસ્ટ વર્તુળમાં ઘેરા શોકની લાગણી ફેલાઈ હતી. તેઓ પોતાના મિલનસાર સ્વભાવને કારણે દેવપર યક્ષ સહિત આસપાસ ના વિસ્તારમાં ખૂબ જ લોકપ્રિયતા ધરાવતા હતા. દેવપર યક્ષના વિવિધ સમાજોના અગ્રણીઓએ તેમના નિધન બદલ દુ:ખ વ્યક્ત કરી શ્રધાંજલિ અર્પણ કરી હતી.

## SOUના એકતાનગર ખાતે આજે રોજ...

# રાજ્યકક્ષાના મંત્રી ઈશ્વરસિંહ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ યોજાશે





**દેશ-વિદેશના પતંગબાજો દ્વારા અવનવા અને આકર્ષક પતંગોના કરતબો રજૂ કરાશે**

ભરત શાહ | નર્મદા

સ્ટેચ્યુ ઓફ યુનિટીના એકતાનગર ખાતે આજે રવિવારના રોજ જળસંપત્તિ અને પાણી પુરવઠાના રાજ્યકક્ષા મંત્રી તથા નર્મદા જિલ્લાના પ્રભારી મંત્રી ઈશ્વરસિંહ પટેલના પ્રેરક ઉપસ્થિતિમાં "આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ-૨૦૨૬" નું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે.

જિલ્લા વહિવટીતંત્ર, ગુજરાત પ્રવાસન નિગમ ગાંધીનગર તથા સ્ટેચ્યુ ઓફ યુનિટી (SOU)ના સંયુક્ત ઉપક્રમે યોજાનાર આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ સ્ટેચ્યુ ઓફ યુનિટી, એકતાનગરના ડેમ વ્યુ પોઈન્ટ -૧ ખાતે સવારે ૯:૩૦ કલાકે યોજાશે. આ કાર્યક્રમમાં ભરૂચના સાંસદ મનસુખભાઈ વસાવા, છોટાઉદેપુરના સાંસદ જશુભાઈ રાઠવા, નાંદોદના ધારાસભ્ય ડો. દર્શનાબેન દેશમુખ તેમજ દેડિયાપાડાના ધારાસભ્ય ચૈતરભાઈ વસાવાની વિશેષ ઉપસ્થિતિ રહેશે.

આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ દરમિયાન દેશ-વિદેશના પતંગબાજો દ્વારા અવનવા અને આકર્ષક પતંગોના કરતબો રજૂ કરવામાં આવશે.

# PMના અમદાવાદ પ્રવાસના કારણે મંદિર ઢાંકવામાં આવતા AAPએ કર્યો વિરોધ

(એજન્સી) અમદાવાદ | તા.10

PM અમદાવાદ આવી રહ્યા છે ત્યારે અમદાવાદ સ્થિત ખોડિયાર માતાના મંદિરને ઢાંકી દેવામાં આવ્યું હતું, જેના કારણે લોકોની આસ્થાને ખૂબ જ ઠેસ પહોંચી હતી. આ મુદ્દા પર આમ આદમી પાર્ટીના યુવા નેતા અને પ્રદેશ મુખ્ય પ્રવક્તા ડૉ. કરન બારોટે એક વીડિયોના માધ્યમથી જણાવ્યું હતું કે, હિન્દુઓના નામે ભાજપે વોટ લીધા અને એ વોટ લઈને પછી ભ્રષ્ટાચાર કરીને પોતાના પેટ ભર્યા. પરંતુ આજે જ્યારે પ્રધાનમંત્રી ગુજરાતમાં ત્રણ દિવસ માટે આવી રહ્યા છે અને એમાં પણ ખાસ કરીને સોમનાથ જઈ રહ્યા છે તો ત્યાં સોમનાથનું મંદિર ખુલ્લું રહેશે પરંતુ બીજી બાજુ તેઓ અમદાવાદ આવશે ત્યારે અમદાવાદના મંદિરોને ઢાંકી દેવામાં આવ્યા છે. અહીંયા ભગવાનને પણ મતદાર બનાવવાનું કામ ભાજપે કર્યું છે. તો હું સવાલ પૂછવા માગું છું કે એક મંદિરને ઢાંકી દેવામાં આવ્યું છે તો ક્યાં છે વિશ્વ હિન્દુ પરિષદના લોકો ક્યાં છે? આરએસએસના લોકો ક્યાં છે? બજરંગ દળના લોકો ક્યાં છે? આ લોકો હિન્દુઓની આસ્થાના નામે વિપક્ષના નેતાઓને ટાર્ગેટ કરે છે.

વધુમાં ડૉ. કરન બારોટે જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી પતંગોત્સવમાં આવી રહ્યા છે, તો ત્યાંના સોસાયટીના લોકોને એવું કહેવામાં આવ્યું છે કે "તમારા બારી અને દરવાજા બંધ કરી દો". જો તમારા આવાને આવા કારનામા રહ્યા તો આવનારા સમયમાં તમે લોકો જ્યાં જ્યાં જશો ત્યાં લોકો પોતાના ઘરના બારી અને દરવાજા બંધ કરી દેશે. આજે જ્યારે આ મંદિરના મુદ્દે લોકો જાગૃત થયા અને લોકોએ અવાજ ઉઠાવ્યો ત્યારે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આ મંદિર સામેના પોસ્ટરો હટાવવામાં આવી રહ્યા છે.

# ઘાટ માર્ગે સ્ટીલનાં સળિયા ભરેલી ટ્રકની બ્રેક ફેલ:- ડ્રાઈવરનો ચમત્કારિક બચાવ

સુશીલ પવાર | ડાંગ

ડાંગ જિલ્લાનાં સાપુતારા ઘાટમાં આજે એક મોટી દુર્ઘટના ટળી હતી.જાલનાથી સ્ટીલના સળિયા ભરીને સુરત તરફ જઈ રહેલી એક ટ્રકને સાપુતારાના વળાંકવાળા ઘાટમાં અકસ્માત નડ્યો હતો.ટ્રકની બ્રેક ફેઈલ થઈ જવાને કારણે ચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો, જેના પરિણામે ટ્રક રોડની બાજુમાં આવેલી ઊંચી ભેખડ સાથે જોરદાર રીતે અથડાઈ હતી.મળતી માહિતી મુજબ, મહારાષ્ટ્રના જાલનાથી સૂરત તરફ જઈ રહેલી ટ્રક.ન.એમ. એચ.46.સી.યુ.1095 જ્યારે સાપુતારા ઘાટ ઉતરી રહી હતી, ત્યારે અચાનક તેની બ્રેક ફેઈલ થઈ ગઈ હતી. ઘાટના જોખમી વળાંક પર બ્રેકે કામ ન આપતા ચાલકે ટ્રકને ખીણમાં ખાબકતી બચાવવા માટે સમયસૂચકતા વાપરી ટ્રકને રોડની



સાઈડમાં આવેલી પહાડની ભેખડ તરફ વાળી દીધી હતી. ભેખડ સાથે ટ્રક અથડાતા કેબિનના ભાગે નુકસાન થયું હતું, પરંતુ સદનસીબે ટ્રક ચાલકનો આબાદ બચાવ થયો છે.ટ્રકમાં ભરેલા સ્ટીલના સળિયાનો જથ્થો સુરક્ષિત રહ્યો છે, જોકે ટક્કર એટલી જોરદાર હતી કે ટ્રકનું પાછળની ટ્રોલી વળી ગઈ હતી.સાપુતારા ઘાટમાં અવારનવાર બ્રેક ફેઈલ થવાના કારણે અકસ્માતો સર્જાતા હોય છે, ત્યારે આ ઘટનામાં ડ્રાઈવરની સતર્કતાને કારણે મોટી જાનહાનિ ટળી છે.

# 30 વર્ષમાં કેન્દ્રને બબ્બે ટેક્સટાઇલ મંત્રી સુરતથી મળ્યાં, છતાં પણ કાપડ વેપારીઓની સમસ્યા ઠેરની ઠેર : ગોપાલ ઇટાલિયા

(એજન્સી) અમદાવાદ/સુરત | તા.10

છેલ્લા ઘણાં સમયથી ટેક્સટાઇલ માર્કેટમાં ચાલી આવતી મંદી વચ્ચે આજરોજ આમ આદમી પાર્ટીના વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાએ અચાનક સુરત રિંગરોડ સ્થિત મિલેનિયમ ટેક્સટાઇલ માર્કેટની મુલાકાત લીધી હતી. ટેક્સટાઇલ માર્કેટમાં વેપારીઓ તેમજ નાના મોટા ધંધાર્થીઓને મળીને ગોપાલ ઈટાલિયાએ તેમની ધંધાની પરિસ્થિતિ જાણી, વેપાર ધંધાના ક્ષેમ કુશળ પૂછ્યા હતા. અચાનક આવી ચઢેલા ધારાસભ્ય ગોપાલને જોઈને સૌ કોઈ સુખદ આશ્ચર્યમાં મુકાઈ ગયા હતા અને ભવ્ય આવકાર આપ્યો હતો.

ગોપાલ ઈટાલિયાની ટેક્સટાઇલ બજારની મુલાકાત વખતે કાપડના વેપારીઓએ પોતાની વ્યથા જણાવતાં કહ્યું હતું કે, ટેક્સટાઇલ માર્કેટ છેલ્લા ઘણાં સમયથી ખૂબ જ કપરા સમયમાંથી પસાર થાય છે. સરકાર પણ ટેક્સટાઇલ ઉદ્યોગને બેઠો કરવામાં કોઈ ધ્યાન નથી આપી રહી. કોઈ રાહત પણ નથી આપતી. સુરતે બબ્બે ટેક્સટાઇલ મંત્રી કેન્દ્રને આપ્યા છતાં સ્થિતિ ઠેર ની ઠેર છે. વેપારીઓની પરિસ્થિતિ દિવસે ને દિવસે વધુ ખરાબ થતી જાય છે. મંદીનો અજગર ભરડો સમસ્ત કાપડ બજાર પર પડી ગયો છે. તેમાંથી બેઠા થવા સરકારને રજૂઆત કરવા સૌ ટેક્સટાઇલ બજારના ધંધાર્થીઓએ એકસૂરમાં ગોપાલ ઈટાલિયાને કહ્યું



હતું. ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાએ તમામ વેપારીઓની રજૂઆત ધ્યાનથી સાંભળી હતી, તેમજ તેઓને જણાવ્યું હતું કે, જ્યાં સુધી મોટા ઉદ્યોગકારોને છાવરતી આ સરકાર છે ત્યાં સુધી નાના વેપારીઓ કે માણસોનું ભલું થવાનું નથી જ. ગોપાલ ઈટાલિયાએ સ્પષ્ટપણે જણાવ્યું કે, ભાજપ સરકારમાં ખુદ ભાજપના ધારાસભ્યો અટવાઈ રહ્યાં છે, તેઓ પ્રજાના કામો માટે વલખાં મારે છે, તો સામાન્ય માણસની તો શું વિસાત? જો ટેક્સટાઇલ ઉદ્યોગને મંદીમાંથી બહાર કાઢવો હોય અને બજારમાં ફરીથી પહેલા જેવી ચમક લાવવી હોય તો સરકાર પર ઝાડું ફેરવવું અત્યંત જરૂરી છે. ગોપાલ ઈટાલિયાએ જણાવ્યું હતું કે, અમારી પાસે વિઝન છે, અમે નાના માણસોની પરિસ્થિતિથી વાકેફ છીએ, અમને એમની પીડા સમજાય છે, પરંતુ જ્યાં સુધી નાના માણસો અને ધંધાર્થીઓ જાગૃત ન થાય ત્યાં સુધી કશું થઈ શકવાનું નથી. વડોદરાનો દાખલો આપતા ગોપાલ ઈટાલિયાએ જણાવ્યું હતું કે, ભાજપ રાજમાં ખુદ એમના જ ધારાસભ્યોની રજૂઆતો કોઈ સાંભળવા તૈયાર નથી. આને માટે તમારે સરકાર બદલવી જ રહી, જે નાના માણસોના દુઃખ દર્દ, વેપારમાં ઉતાર ચઢાવ, નાની મોટી સમસ્યાઓ સમજી શકે.

સમગ્ર મુલાકાત દરમિયાન ટેક્સટાઇલ માર્કેટમાં ઉપસ્થિત સૌ કોઈ વેપારી કે નાના ધંધાર્થીઓએ જણાવ્યું કે, આજ સુધી અનેક ધારાસભ્યોને ફક્ત રીબીન કાપવા આવતા જ જોયા છે, ગોપાલ ઈટાલિયા પહેલા એવા ધારાસભ્ય જોયા કે જે લોકોની સમસ્યા સાંભળવા અને પીડા સમજવા તેમની પાસે જાય છે.

## કૃષિમંત્રી જીતુ વાઘાણીએ સોમનાથ મહાદેવના દર્શન કરી મંદિર પરિસરમાં ભાવપૂર્વક ૐકાર જાપ કર્યા



ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

રાજ્યના કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ શ્રી, સોમનાથ મહાદેવના શ્રદ્ધાપૂર્વક દર્શન કરી ધન્યતા અનુભવી હતી. આ સાથે જ મંત્રીશ્રી એ સોમનાથ મંદિર પરિસરમાં બેસી ને સોમનાથની આધ્યાત્મિક ચેતનાને અનુભવતા ભાવપૂર્વક ૐકાર જાપ પણ કર્યા હતા જેમાં તેમની સાથે પરિવાર પણ સહભાગી થયો હતો. સોમનાથ સ્વાભિમાન પર્વ અંતર્ગત શ્રી સોમનાથ મહાદેવના પાવન મંદિર પરિસરમાં ઋષિકુમારો દ્વારા ૭૨ કલાકના અખંડ "ૐકાર જાપ" યોજાઈ રહ્યા છે. સોમનાથ સ્વાભિમાન પર્વ અંતર્ગત આયોજિત આ આધ્યાત્મિક અનુષ્ઠાન દ્વારા ભારતની પ્રાચીન સંસ્કૃતિ, શ્રદ્ધા અને રાષ્ટ્ર સ્વાભિમાનની ભાવનાને નવી દિશા મળી રહી છે. ઉલ્લેખનીય છે કે સોમનાથ સ્વાભિમાન પર્વ અંતર્ગત યોજાતા વિવિધ ધાર્મિક, સાંસ્કૃતિક અને રાષ્ટ્રીય ચેતનાના કાર્યક્રમોમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ભાગ લઈ રહ્યા છે, જેનાથી સોમનાથની આધ્યાત્મિક મહત્તા વધુ ઉજાગર થઈ રહી છે.

## વડોદરામાં લેઉઆ પાટીદારોનું મહાસંમેલન
# 28 ગામનો સ્નેહ અને સંસ્કારનો સંગમ

કમલેશ પટેલ | સંખેડા

સંસ્કારી નગરી વડોદરા આજે એક ઐતિહાસિક પળની સાક્ષી બની, જ્યારે ૨૮ ગામ વરધરી-વીરપુર લેઉઆ પાટીદાર સમાજની ભવ્ય સ્નેહમિલન કથા લખાઈ. આ માત્ર એક કાર્યક્રમ નહોતો, પણ વર્ષોના વિખૂટા પડેલા સ્વજનોનો એક અવાજ હતો જેણે સાબિત કર્યું કે લોહીનો સંબંધ ગમે ત્યારે ગર્જી શકે છે. વડોદરામાં સ્થાયી થયેલા ૧૫૦થી વધુ પરિવારોના ૫૦૦થી વધુ સભ્યો જ્યારે એક છત નીચે એકઠા થયા, ત્યારે વાતાવરણમાં વતન પ્રત્યેનો પ્રેમ અને સમાજ પ્રત્યેની જવાબદારીનો અનોખો અહેસાસ જન્મી રહ્યો હતો.

દીપની જ્યોત અને સંગઠનનો મંત્ર સમાજની ગરિમાને જીવંત રાખતા, કારોબારી સભ્યોએ જ્યારે મંગલ દીપ પ્રગટાવ્યો, ત્યારે આખું સભાગૃહ તાળીઓના ગડગડાટથી ગુંજી ઉઠ્યું હતું. જાણકારોનું કહેવું છે કે આ પ્રકારના કાર્યક્રમો નવી પેઢીને પોતાની માટી સાથે જોડી રાખવાનું કામ કરે છે. સમાજના અગ્રણીઓએ વ્યાસપીઠ પરથી સિંહગર્જના કરતા જણાવ્યું હતું કે, 'શિક્ષણ એ જ આપણું સાચું ઘરેણું છે અને સંગઠન એ જ આપણી જીત છે.' તેમણે યુવા પેઢીને



આધુનિકતાના સમયમાં પણ પોતાના મૂળ અને સંસ્કારોને ન ભૂલવાની ભાવુક અપીલ કરી હતી.

બાળકોનું તેજ અને યુવાનોનો જોશ કાર્યક્રમમાં આકર્ષણનું કેન્દ્ર નાના બાળકો રહ્યા હતા. બાળકોએ જ્યારે મંચ પર યોગાસન અને વક્તવ્ય રજૂ કર્યા, ત્યારે ઉપસ્થિત સૌની આંખોમાં હર્ષના આંસુ આવી ગયા હતા. જાણે ગંગા-યમુનાના સંગમ જેવો પવિત્ર માહોલ સર્જાયો હતો. ટીમ બિલ્ડિંગની રમતોમાં વડીલોએ પણ બાળકોની જેમ હિસ્સો લઈને સાબિત કર્યું કે ઉંમર ભલે વધી હોય, પણ હૃદય હજી ય યુવાન છે. સ્નેહભોજનના સમયે જાણે આખું ગામ એક જ રસોડે જમતું હોય તેવું દ્રશ્ય દેખાતું હતું.

તાજી સ્થિતિ અને ભવિષ્યનો માર્ગ સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, આ પ્રથમ પ્રયાસ હતો અને તેની સફળતાએ ભવિષ્યમાં મોટા લક્ષ્યો તરફ આગળ વધવાની પ્રેરણા આપી છે. જે રીતે ૧૫૦ કુટુંબોએ ખભેખભા મિલાવીને આ કાર્યક્રમને દીપાવ્યો છે, તેનાથી અન્ય સમાજોમાં પણ એકતાનો સંદેશો ગયો છે. અંતે આભારવિધિમાં સૌએ એકબીજાનો હાથ પકડીને વચન આપ્યું હતું કે આ તો માત્ર શરૂઆત છે, હજી તો શિક્ષણ અને વિકાસના શિખરો સર કરવાના બાકી છે. આ સ્નેહમિલન સમાજની એકતાનો વિજયધ્વજ બનીને વડોદરાના આકાશમાં લહેરાયો છે.

# AAP ધારાસભ્ય ચૈતર વસાવાની આગેવાનીમાં ચૂંટણીલક્ષી કાર્યકર્તા બેઠક યોજાઈ

(એજન્સી) અમદાવાદ/વ્યારા | તા.10

આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવાની આગેવાનીમાં ચૂંટણીલક્ષી કાર્યકર્તા બેઠક યોજાઈ હતી. ઉમરપાડા, માંડવી અને વ્યારા ખાતે આયોજિત બેઠકમાં ધારાસભ્ય ચૈતર વસાવાએ પદાધિકારીઓ તથા કાર્યકર્તાઓને માર્ગદર્શન આપ્યું હતુ. આ તકે મીડિયા સમક્ષ વાત કરતાં AAP ધારાસભ્ય ચૈતર વસાવાએ જણાવ્યું હતું કે વ્યારા જિલ્લાની તમામ વિધાનસભાનાં કાર્યકર્તાઓ સાથે આજે અમે વન ટુ વન બેઠક કરી છે. આવનારા દિવસોમાં તાલુકા-જિલ્લા પંચાયત અને નગરપાલિકાની ચૂંટણીઓ આમ આદમી પાર્ટી સ્વતંત્ર લડવા જઈ રહી છે, ત્યારે તમામ બેઠકોના ઉમેદવારો અમારી પર અપેક્ષા લઈને બેઠા છે. આ ઉમેદવારોના બાયોડેટા સહિત તમામ વિગતો ચકાસીને આ તમામ બેઠકો પર કઈ રીતે ચૂંટણીની રણનીતિ બનાવી શકાય, કઈ રીતે જીતી શકાય, આ દિશામાં અમે આજે ચિંતન અને મનન કર્યું છે. જેને લઈને તમામ કાર્યકર્તાઓ અને આગેવાનોમાં ઉત્સાહ છે. આ ઉત્સાહ બતાવે છે કે આવનારા દિવસોમાં આમ આદમી પાર્ટી ખૂબ જ મજબૂતાઈથી ચૂંટણી લડશે અને જીતશે.

AAP ધારાસભ્ય ચૈતર વસાવાએ વધુમાં જણાવ્યું હતું કે વ્યારામાં 30 વર્ષથી ભાજપનું એકધારુ શાસન હોવા છતાં નગરપાલિકાની ઘણી સમસ્યાઓ છે. ગટર, પીવાનું પાણી, સ્વચ્છતા, એક નાનું કામ કરવા માટે ભ્રષ્ટાચાર જેવા કમિશન આપવા, સામાન્ય માણસ પોલીસ સ્ટેશન ફરિયાદ કરવા માટે પણ જઈ શકતો નથી.

## શિક્ષણ મંત્રી અને ઉર્જા રાજ્ય મંત્રી સોમનાથ સ્વાભિમાન પર્વ અંતર્ગત ૐકાર જાપમાં ભાવપૂર્વક સહભાગી થયા



ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

સોમનાથ સ્વાભિમાન પર્વ અંતર્ગત રાજ્યના શિક્ષણ મંત્રીશ્રી ડૉ. પ્રદ્યુમન ભાઈ વાજા તથા કાયદો અને ઉર્જા રાજ્ય મંત્રીશ્રી, કૌશિકભાઈ વેકરીયાએ ઋષિકુમારો દ્વારા યોજાઈ રહેલા ૭૨ કલાકના અખંડ "ૐકાર જાપ"માં ભાવપૂર્વક સહભાગિતા નોંધાવી હતી. આ અવસરે મંત્રીશ્રીઓ સાથે જૂનાગઢના ધારાસભ્યશ્રી, સંજયભાઈ કારડીયાએ પણ અખંડ જાપમાં ભાગ લીધો હતો. મહાનુભાવોએ શ્રીસોમનાથ મહાદેવના પાવન દર્શન કરી રાજ્યના નાગરિકોની સુખાકારી, શાંતિ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી હતી. આ ઉપરાત રાજકોટના ધારાસભ્યશ્રી, દર્શિતા બહેન શાહ એ પણ શ્રી સોમનાથ મહાદેવના દર્શન કર્યા હતા. સોમનાથ સ્વાભિમાન પર્વ અંતર્ગત આયોજિત આ આધ્યાત્મિક કાર્યક્રમ દ્વારા શ્રદ્ધા, સંસ્કૃતિ અને સ્વાભિમાનની ભાવનાને વધુ મજબૂત બનાવવામાં આવી રહી છે.

**સોમનાથ સ્વાભિમાન પર્વ રાષ્ટ્રના અડગ સ્વાભિમાનનું પ્રતિક**

## મંદિર નિર્માણની કળા સમજાવતું સોમનાથનું ખાસ મ્યુઝિયમ

નરેન્દ્ર દવે | જૂનાગઢ



વિશ્વપ્રસિદ્ધ પ્રથમ જ્યોતિર્લિંગશ્રી સોમનાથ મહાદેવના સાનિધ્ય માં હવે માત્ર આસ્થા જ નહીં, પરંતુ જ્ઞાન અને કલાનો પણ સમન્વય જોવા મળી રહ્યો છે. શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા સોમનાથ ખાતે આવતા શ્રદ્ધાળુઓ ભારતીય સંકૃતિ મંદિર સ્થાપત્ય કલાથી પરિચિત થાય તે માટે ખાસ કરીને તૈયાર કરવામાં આવેલું 'મંદિર સ્થાપત્ય' (Temple Architecture) સંગ્રહાલય પ્રવાસીઓમાં આકર્ષણનું કેન્દ્ર છે. સોમનાથ ટ્રસ્ટ દ્વારા આ મ્યુઝિયમની રચના એવી રીતે કરવામાં આવી છે કે મુલાકાતીઓને ભારતીય સ્થાપત્ય શૈલીનું જ્ઞાન મળી રહે. અહીં પ્રાચીન કાળમાં મંદિરોના નિર્માણ માટે જે પદ્ધતિઓ વપરાતી હતી, તેનું તાદ્રશ વર્ણન કરવામાં આવ્યું છે. સંગ્રહાલયમાં મંદિર શૈલીને આકૃતિઓ અને મૉડેલ્સ દ્વારા સમજૂતી આપવામાં આવી છે.અને સોમનાથના ભૂતકાળના મંદિરોમાંથી પ્રાપ્ત થયેલા અવશેષો, નકશીકામ કરેલા પથ્થરો અને મૂર્તિઓને અહીં વૈજ્ઞાનિક પદ્ધતિથી પ્રદર્શિત કરાયા છે અને આધુનિક યુગના મુલાકાતીઓ ને આકર્ષવા માટે લાઈટિંગ અને માહિતીપ્રદ બોર્ડ્સનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આવનારી પેઢીને આપણી સનાતન સ્થાપત્ય કલા અને ભવ્ય વારસાથી દર્શન થાય તે માટે સોમનાથ ટ્રસ્ટ દ્વારા સમાજ સેવાની ભાવના સાથે માત્ર 5 જેવી નજીવી ફી મંદિર સ્થાપત્ય' મ્યુઝિયમની મુલાકાતીઓ માટેની વ્યવસ્થા કરવામાં આવી છે.

'સોમનાથ સ્વાભિમાન પર્વ' ની ઉજવણી અન્વયે

## હર્ષ સંઘવીએ સ્થળ મુલાકાત લઈ કાયદો-વ્યવસ્થાની સમીક્ષા કરી

નરેન્દ્ર દવે | જૂનાગઢ

PM મોદીની ગરિમામય ઉપસ્થિતિમાં સોમનાથ ખાતે આયોજિત થનારા 'સ્વાભિમાન પર્વ'ના સુચારુ આયોજન અને કાયદો-વ્યવસ્થાની સ્થિતિ સુદ્ઢ બનાવવાના હેતુથી રાજ્યના નાયબ મુખ્યમંત્રી અને ગૃહ મંત્રીશ્રી હર્ષ સંઘવી એ આજે સોમનાથ મહાદેવ મંદિર પરિસર તથા આસપાસના વિસ્તારોની રૂબરૂ મુલાકાત લીધી હતી. આ પવિત્ર અવસરે સુરક્ષા વ્યવસ્થામાં કોઈ કચાશ ન રહે તે માટે તેમણે ઉચ્ચ અધિકારીઓ સાથે ગ્રાઉન્ડ લેવલ પર સમીક્ષા કરી જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. સ્થળ મુલાકાત દરમિયાન નાયબ મુખ્યમંત્રીશ્રીએ મંદિર પરિસરના મુખ્ય પ્રવેશ દ્વાર, આસપાસના મુખ્ય અને વૈકલ્પિક માર્ગો તેમજ યાત્રાળુઓની આવન-જાવન માટેની વ્યવસ્થાનું બારીકાઈથી નિરીક્ષણ કર્યું હતું. તેમણે સુરક્ષા બંદોબસ્ત, ટ્રાફિક સંચાલન અને પાર્કિંગ વ્યવસ્થા અંગે વિગતવાર માહિતી મેળવી હતી. સાથે જ વડાપ્રધાનશ્રી ના કાર્યક્રમ દરમિયાન



સ્થાનિક નાગરિકો તેમજ દેશ-વિદેશથી આવતા શ્રદ્ધાળુઓને કોઈ પણ પ્રકારની અસુવિધા ન થાય તેની કાળજી લેવા પણ સૂચન કર્યું હતું.

ગૃહ મંત્રીએ સુરક્ષા વ્યવસ્થાને વધુ અભેદ્ય બનાવવા માટે ભીડ નિયંત્રણ, ઈમરજન્સી સેવાઓની સજ્જતા અને ટેકનોલોજીના ઉપયોગ અંગે સંબંધિત અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપી હતી. તમામ વિભાગો વચ્ચે પરસ્પર સંકલન જળવાય અને કાર્યક્રમ શાંતિપૂર્ણ તેમજ સફળ રીતે સંપન્ન થાય તે માટે તેમણે વહીવટી તંત્રને આહ્વાન કર્યું હતું. આ તકે કેબિનેટ મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણી સહિત જિલ્લા વહીવટી તંત્ર અને પોલીસ વિભાગના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



## પશ્ચિમ કચ્છ વિભાગના માનકુવા પોલીસ દ્વારા ઉત્તરાયણ પર્વ નિમિતે વાહન ચાલકોની સલામતી માટે સેફટી ગાર્ડ લગાવાયા

મહેશ એલ. સોની | નખત્રાણા

માનકુવા - ૧૦ જાન્યુઆરી ઉત્તરાયણ પર્વ નિમિતે માનકુવા પોલીસ દ્વારા રોડે ઉપર પતંગ પકડવા જતા કે, દોરીથી ટૂ - વ્હીલર વાહનોને અકસ્માત ના સર્જાય તે માટે પોલીસ દ્વારા વાહન ચાલકોને સેફટી ગાર્ડ લગાડી આપવામાં આવ્યા હતા. તેમજ ટ્રાફિક આવેરનેશ અંગે સૂચન કરી ટ્રાફિક નિયમોના પાલન કરવા માટે તમામ વાહન ચાલકોને સૂચના આપવામાં આવી હતી. ત્યારે આ કામગીરીમાં માનકુવા પી. આઈ. કે. એમ. ગઢવી, પી. એસ.આઈ. યુ. ડી. ગોહિલ, તેમજ પોલીસ સ્ટાફના લોકો જોડાયા હતા.

# મુનમુન બેગમ ભારતની જેલમાં હોત ને કદાચ એને ફાંસીની સજા પણ થઈ ગઈ હોત...



મુનમુન બેગમ એ આરસી ના લમણા પર ગન મૂકીને પૂછ્યું કે કોણ છો?બોલ..આ સ્થળ પર કેવી રીતે આવી? કોણ તને લઈ આવ્યું? આ જગ્યા ના નાના માં નાના ખૂણા માં સી.સી ટીવી કેમેરા લગાવેલ છે ને સી સી ટીવી કેમેરા પર કડક નજર રાખવામાં આવે છે.આ જગ્યા ને કરોળિયા ની ઝાળ નો અડ્ડો સમજ. આ મહેલ ની અંદર મારા હુકમ વગર નાનકડી ચીટી ને પણ પ્રવેશવું અઘરું નથી.

મીઠા રણકાર ભર્યા અવાજે આરસી એ તુર્કી ભાષા માં ધીમેથી કહ્યું કે આપા,અલ્લાહ આપને સદાય સલામત રાખે,મારા જેવા ગરીબ લોકો ના આપ મસીહા છો. ગામડે થી શહેર આવીને કામ માટે ભટકતી હતી ત્યારે મારી ફૂફી ના કહેવાથી મહેલ આવી હતી.

કડકાઈ ભરી નજરે આરસી સામે જોઈને બેગમ એ પૂછ્યું કે મારી મંજૂરી વગર તને નોકરી પર કોણે રાખી?

આરસી એ ધીમા અવાજે કહ્યું કે મારું નામ ઝૂરી છે ગામડે થી કામ માટે આવી હતી. સુલતાન ભાઈજાન એ ગાર્ડન ના કામ માટે નોકરી પર રાખી છે.

સુલતાન નું નામ સાંભળ્યા બાદ બેગમ નો ગુસ્સો સહેજ ઠંડો થતા ગન ને આરસી ના લમણા પરથી પાછી લઈને કોટ ના પોકેટ માં મૂકી ને મહેલની તરફ ચાલવા લાગ્યા.

પ્રથમ વાર વિક્ટીમ 'ખોફનાખ ક્રૂર મોસ્ટ વોન્ટેડ મુનમુન બેગમ' નજર સામે જોતાજ આરસી ના મનમા સ્થતિ 'ગુનેગાર મુનમુન બેગમ' નું ચિત્ર અદ્ર્શ્ય થઈ ગયું. એનું મન માનવા જ તૈયાર નહોતું કે આરસ પહાણ ના પથ્થર માંથી કલાકાર એ તારાશેલ સૌંદર્ય ની સંગેમરમર ની પૂતળી સમાન અદભૂત સૌંદર્ય ધરાવનાર વ્યક્તિ ખૂંખાર ગુનેગાર હોઈ શકે ખરી,કદાચ આ માત્ર વ્હેમ હોત તો કેટલું સારું થાત. ૭૦ વર્ષ ની ઉંમર દરાજ મુનમુન બેગમ માંડ પચીસ ત્રીસ વર્ષ ની સુંદર યુવતી લાગે છે. જો રવિકાન્ત ની નજર ભૂલથી પણ બેગમ પર પડી ને તો એ જાસૂસી ભૂલી ને ચોક્કસ આશિક ભમરો બની જવાનો.



મર્ડર મિસ્ટ્રી કેસ

- રુપાલી દવે

વિચારો માં ડૂબેલી આરસી ને નજીક માં ઊભેલ ગાર્ડન ના માળી યુસુફ એ ઢંઢોળતા કહ્યું કે ઝૂરી,આપા ની સુંદરતા નિહાળી ને ભલભલા દંગ થઈ જાય છે પણ એ જેવી દેખાય છે એટલું એનું હદય નરમ દિલ નથી ખુબજ ક્રૂર છે.આ મહેલ માં કામચોરી ની સજા એવી થાય છે ને કે વાત કરતા પણ ધ્રુજી જવાય છે. ચાલ ફટાફટ પાવડો ઉપાડીને ગાર્ડન ના ક્યારાની માટી ઉપર નીચે કરવામાં લાગી જા.

યુસુફ એ આરસી ને ધીમેથી સાવધાન કરતા કહ્યું કે બેટા, ભૂલ થી પણ આપા ની નજર થી દૂર રહેજે,એની નજર થી સુંદર છોકરીઓ બચતી નથી સમજી. પાક્કી શિકારી છે તારા અગાઉ મારા સાથે કામ કરતી નાઝિરા અને સૂઝી નો અતોપતો નથી ખબર નહી રાતોરાત ક્યાં ગુમ કરી દીધી છે? મોટા માણસો ના મોટા કામ હોય એટલે નજર સામે પાપ થતું હોવા છતાંય મજબૂરી માં આંખ મોઢું પરાણે બંધ રાખવા પડે છે.

મહેલ ના વિશાળ ગાર્ડન નો વિદેશી ફૂલો વાળા કોર્નર તરફ ધીમે ધીમે યુસુફ ચાલવા લાગ્યો. આ કોર્નર વિદેશી ફૂલો મહેક થી કાયમ ધમધમતો રહેતો હતો. ગાર્ડન નો આ કોર્નર બેગમ ને ખૂબ પસંદ હતો એટલે વિદેશી ફૂલો ના કુંડા અને ક્યારા ની માવજત યુસુફ માટે માથા ના દુખાવો હતો. ભૂલ થી પણ ભૂલ માં છોડ કે પાન ખાસ કરીને ભારત ના ચમેલીના ફૂલો ને નાનકડી પણ સમસ્યા થવી જોઈએ નહી.

આરસી એના કામ માં વ્યસ્ત બની ગઈ પરંતુ એના મગજ માંથી શાતીર દિમાગ મુનમુન બેગમ નો ચહેરો સહેજ માટે પણ હટતો નહતો. આરસી મનોમન વિચારતી હતી કે આ સ્ત્રી ને પકડવા ભારતની જાસૂસી એજન્સીઓ ત્રીસ વર્ષ થી કામે લાગી છે પણ પકડાતી નથી. ભારત માંથી ભાગી ને પાકિસ્તાન આરક્ષિત કાશ્મીર માં ગઈ ત્યારે લાગતું હતું કે બેગમ સહેલાઈ થી પકડાઈ જશે પણ..પણ..છટકી ગઈ. પાકિસ્તાનની બિઝનેસ સેલિબ્રિટી બની ચૂકેલ બેગમ ની વિરફતારી અશક્ય હતી પાકિસ્તાન સરકાર બેગમ નું પ્રત્યારોપણ ભારત ને કરવા માંગતા નહતા. કેટ કેટલા ભારત સરકાર ના પ્રયત્નો બાદ પાકિસ્તાન સરકાર બેગમ ના પ્રત્યારોપણ માટે સહમત થઈ..ત્યારે..ત્યારે એને પાકિસ્તાન સરકાર ના કાવતરા ની ગંધ આવી જતા રાતો રાત એના ખાસ લોકોની સાથે ફ્રાન્સ નાસી ગઈ હતી. બેગમ એ ફ્રાન્સ ના નોર્મેન્ડી માં એના ડ્રગ્સ ના બિઝનેસ ની જાળ એવી રીતે ફેલાવી હતી કે લોકો ના માટે મસીહા બની ચૂકી હતી.લાખો એકરો માં ફેલાયેલ એના સામ્રાજ્ય માં કામ કરતા લોકોને તો સ્વપ્નેય ખ્યાલ નહતો કે એક દિવસ એના જીવન માં એવો આવશે કે જે એનું પાલન કરી રહી છે એજ એને મોત ને ઘાટ ઉતારી દેશે. લાખો એકરો માં ફેલાયેલ સામ્રાજ્ય ની બિલ્ડિંગો ના બધા બેઝમેન્ટ લાશો ના ખડકલા થી ભરચક જોતા જ ભલભલા ક્ઠિન દિલ ના માણસ નું દિલ પણ અંદર થી ધ્રુજી જાય એવા દ્દશ્યો હતા. અફસોસ..અફસોસ..જો ભારતીય જાસૂસ એ નાનકડી ભૂલ ન કરી હોત તો શાતીર દિમાગ મુનમુન બેગમ દસ વર્ષ પહેલા ભારત ની જેલ માં હોત ને કદાચ એને ફાંસી ની સજા પણ થઈ ગઈ હોત..

મુનમુન બેગમ ની સામેથી નવી નોકરાણી ઝુરી નો ચહેરો સહેજ માટે પણ ખસતો નહતો. મુનમુન બેગમ એ એના બોડીગાર્ડ અને મહેલ ના મેનેજર સુલતાન ને બોલાવવા ઈન્ટરકોમ પર ફોન કર્યો.

ફટાફટ બધા કામ પડતા મૂકી ને સુલતાન ત્રીજા ફ્લોર પર આવેલ બેગમ ની વિશાળ ઓફિસ માં પ્રવેશ્યો.

સુલતાન એ નીચા નમી ને સલામ ભરતા આદાબ બોલી ને બેગમ ના ફરમાનની રાહ જોવા લાગ્યો.

બેગમ એ સુલતાન ને ઝૂરી વિશે પૂછ્યું ત્યારે સુલતાન સમજી ગયો કે બેગમ શું કહેવા માંગે છે?

સુલતાન એ બેગમ ને કહ્યું કે ઝૂરી, તુર્કી ના નાનકડા એવા ગામ માંથી આવે છે ને સફી મિયાંની સિફારીશ પત્રક લઈને આવી હતી.

સફી મિયા નું નામ સાંભળતા જ બેગમ એ વિચાર્યું કે ઝૂરી તુર્કી ના ધાર્મિક પરિવાર માંથી આવે છે એટલે એનો પર્સનલ કે રાજકારણ ના ધંધા માં ઉપયોગ કરવા કરતા એ મહેલ ના ગાર્ડન ને બદલે કિચન અને લાઈબ્રેરી માં કામ કરાવી જોઈએ.

બેગમ એ સુલતાન ને ફરમાન કર્યું કે ઝૂરી ની ડ્યુટી કિચન અને ઉર્દૂ લાઈબ્રેરી માં લગાડી દયો.

નીચા નમી ને આદાબ બોલીને બેગમ ની વિશાળ ઓફિસ માંથી સુલતાન બહાર નીકળ્યો ત્યારે એને બેગમ ના ફરમાન થી ખુબ આશ્ચર્ય થયું પરંતુ બેગમ ના ઓર્ડર નું પાલન જરૂરી હતું. ગાર્ડન માં કામ કરી રહેલ ઝૂરી પાસે જઈને એની બદલાઈ ગયેલ ડ્યુટી વિશે જાણકારી આપી.

ભારતીય જાસૂસ આરસી ઉર્ફ ઝૂરીને પ્રથમ દિવસે જ મહેલ ની અંદર ડ્યુટી મળતા મનોમન ખુશ ખુશાલ થઈ ગઈ. બેગમ ના મહેલ ની અંદર પ્રવેશ કરવો એ જેમ તેમ નહતું અઘરા માંથી અઘરી પરીક્ષાઓ પાસ કરવા જેવું હતું. મહેલ નો એન્ટ્રી પાસ મળતા જ આરસી ઉર્ફ ઝૂરી ના નગ્ન શરીર ની વિવિધ સાધનો દ્વારા ચકાસણી કરવામાં આવી,કેમ? એકવાર બેગમ ના મહેલ ની અંદર પ્રવેશ્યા બાદ બહાર નીકળવાના બધા જ રસ્તાઓ બંધ થઈ જાય છે.

શું ભારતીય જાસૂસ આરસી ઉર્ફ ઝૂરી મહેલ માંથી બહાર નીકળવા સફળ થશે? કે..કે..એની દશા પણ ફ્રાન્સ માં શહીદ થયેલ ભારતીય જાસૂસ જેવી થશે..

# 'હું તને ખૂબ પ્રેમ કરું છું, દીકરા' : હૃતિક રોશનના જન્મદિવસે પૂર્વ સસરાનો હૃદયસ્પર્શી મેસેજ, સંજય ખાને પહેલી મુલાકાતનો કિસ્સો શેર કર્યો...



બોલિવૂડના 'ગ્રીક ગોડ' કહેવાતા હૃતિક રોશનનો આજે 52મો જન્મદિવસ છે. આ ખાસ અવસરે એક્ટરની પ્રથમ પત્ની સુઝેન ખાનના પિતા સંજય ખાને તેના માટે એક ખાસ નોંધ લખી. આ નોંધ સાથે તેમણે હૃતિક અને આખી ફેમિલી સાથેના ઘણાં ફોટો શેર કર્યા છે. સંજયે નોંધમાં પૂર્વ જમાઈ સાથેના પોતાના સુંદર સંબંધો વિશે વાત કરી છે. સંજય ખાને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટ શેર કરીને લખ્યું, 'હું પહેલીવાર હૃતિક રોશનને ઝાયદ દ્વારા મળ્યો હતો. તે સમયે તે ટીનેજર હતો. તે સમયે મને સવારની રાઈડ માટે એક નવી સાયકલની જરૂર હતી. મેં ઝાયદ સાથે આનો કેઝ્યુઅલી ઉલ્લેખ કર્યો. તેણે હસતાં હસતાં કહ્યું કે, આ વિશે સાચી સલાહ માટે હૃતિક જ યોગ્ય વ્યક્તિ છે.'

### પિતા ઈચ્છતા હતા હૃતિક અભ્યાસ પર ધ્યાન આપે

હૃતિક રોશને પોતાનું પ્રારંભિક શિક્ષણ બોમ્બે સ્કોટિશ સ્કૂલમાંથી પૂરું કર્યું અને બાદમાં સિડેનહામ કૉલેજમાંથી કોમર્સમાં સ્નાતકની ડિગ્રી મેળવી. તેના પિતા રાકેશ રોશન ઈચ્છતા હતા કે, તે પોતાના અભ્યાસ પર ધ્યાન આપે અને આગળના અભ્યાસ માટે વિદેશ જાય.

આ દરમિયાન તેને અમેરિકાની એક પ્રતિષ્ઠિત યુનિવર્સિટીમાંથી શિષ્યવૃત્તિનો પ્રસ્તાવ પણ મળ્યો હતો. જોકે, હૃતિકના મનમાં બાળપણથી જ એક્ટિંગ અને સિનેમા પ્રત્યે ઊંડો લગાવ હતો, જેના કારણે તેણે તે સુવર્ણ શૈક્ષણિક અવસરને ઠુકરાવી દીધો.

ફિલ્મી પરિવારમાંથી હોવા છતાં હૃતિકને સીધો લોન્ચ કરવામાં આવ્યો નહોતો. એક્ટર બનતા પહેલા તેણે જમીની સ્તરે કામ શીખવાનું નક્કી કર્યું અને તેના પિતા રાકેશ રોશન સાથે આસિસ્ટન્ટ ડિરેક્ટર તરીકે કામ કરવાનું શરૂ કર્યું. તેણે 'કિંગ અંકલ', 'કરણ અર્જુન', 'કોયલા' જેવી ઘણી ફિલ્મોમાં આસિસ્ટન્ટ ડિરેક્ટર તરીકે કામ કર્યું. 'રિપબ્લિક વર્લ્ડ'માં છપાયેલા સમાચાર મુજબ હૃતિક રોશને એક ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે, સેટ પર તે સખત મહેનત કરતો હતો. સેટ પર ઝાડુ મારવા, ચા પીરસવા અને ક્લેપ આપવા જેવા નાના-નાના કામ પણ કર્યા, જેથી તે ફિલ્મ નિર્માણની ઝિણવટને સમજી શકે. હૃતિકે એ પણ જણાવ્યું હતું કે, પિતાની ફિલ્મોના પેક-અપ પછી તે અવારનવાર ફિલ્મોના સીનનું પુનરાવર્તન કરતો હતો, જેથી જોઈ શકે કે તે એક્ટિંગમાં સુધરો કરી રહ્યો છે કે નહીં.

'હૃતિકે પોતાનું વચન પાળ્યું અને એક સવારે મને મળવા આવ્યો. તેણે મને લેટેસ્ટ મોડલ્સ વિશે વિગતવાર જણાવ્યું જેમ કે આજકાલ ચલણમાં ચાલી રહેલા થ્રી-સ્પીડ ગિયર સિસ્ટમ વિશે.' 'તેનું સ્પષ્ટીકરણ એકદમ સ્પષ્ટ, સચોટ અને શાંત, સાચા આત્મવિશ્વાસ સાથે હતું, જેનાથી હું ખૂબ પ્રભાવિત થયો. મને જરા પણ અંદાજ નહોતો કે હૃતિક એક દિવસ મારી દીકરી સુઝેન સાથે લગ્ન કરશે અને અમારા પરિવારનો ભાગ બની જશે.'

સંજય આગળ લખે છે, 'અમારી કેઝ્યુઅલ વાતચીત પરથી જાણવા મળતું હતું કે, સ્ટારડમ પાછળ એક શિસ્તબદ્ધ પ્રોફેશનલ છુપાયેલો છે. જે કેન્દ્રિત, સન્માનજનક અને અંદરની વાત જાણવા માટે ઉત્સુક રહે છે.' 'તે ફિલ્મ જગત વિશે મારો અભિપ્રાય જાણવા માંગતો હતો. હું લાંબા સમયથી મારા મિત્રોને કહેતો આવ્યો છું કે, તેની સફળતા સમર્પણ અને ક્રાફ્ટના જોરે મળી છે. આજે હૃતિક બોલિવૂડના શ્રેષ્ઠ અભિનેતાઓમાંનો એક છે- એક અભિનેતા, એક સ્ટાર અને પોતાની કલાનો નિરંતર વિદ્યાર્થી.'

દીકરી સુઝેન પાસેથી જ મને મારી ખુશીઓ મળી...મારા દોહિત્રો રેહાન અને હૃધાન, બે સુંદર અદ્ભુત દીકરાઓ છે, જેમને તેણે પોતાની પૂરી ઈમાનદારી સાથે ઉછેર્યા. તેમનું અલગ થવું ગરિમાપૂર્ણ હતું, ક્યારેય કડવાશભર્યું નહોતું.'

સંજય ખાને આગળ લખ્યું, 'હું મિત્રોને મજાકમાં કહું છું કે તેણે હૃતિકને 'હુકમના બે એક્કા' ભેટમાં આપ્યા છે. 10 જાન્યુઆરીના રોજ, જ્યારે લાખો લોકો ઉજવણી કરી રહ્યા છે, હું હૃતિકને જન્મદિવસની હાર્દિક શુભેચ્છાઓ આપું છું, જે સ્વાસ્થ્ય, શાંતિ, ખુશી અને સમૃદ્ધિથી ભરપૂર હોય. જન્મદિવસ મુબારક, હૃતિક. હું તને પ્રેમ કરું છું, દીકરા.'

હૃતિક રોશન અને સુઝેન ખાનના સંબંધોની વાત કરીએ તો, બંને લાંબા સમય સુધી એકબીજાને ડેટ કર્યા પછી વર્ષ 2000માં લગ્ન કરી લીધાં હતાં. વર્ષ 2006માં કપલના પહેલા દીકરા રેહાનનો જન્મ થયો અને 2008માં બીજા દીકરા હૃદાનનો. કપલે 14 વર્ષના લાંબા લગ્નને વર્ષ 2014માં સમાપ્ત કરી દીધા. હાલમાં હૃતિક સિંગર અને એક્ટ્રેસ સબા આઝાદ સાથે રિલેશનશિપમાં છે, જ્યારે સુઝેન અર્સલાન ગોની સાથે સંબંધમાં છે.

છૂટાછેડા પછી પણ હૃતિક અને સુઝેન ઘણા સારા મિત્રો છે. બંને અવારનવાર પોતાના પાર્ટનર સાથે એકબીજાની ખુશીઓમાં સામેલ થતા રહે છે. બંને દીકરાઓનો ઉછેર સાથે મળીને કરી રહ્યા છે.



# ક્રિતી સેનન બહેન નૂપુરના સંગીતમાં મન મૂકીને નાચી...

બોલિવૂડ એક્ટ્રેસ ક્રિતી સેનનની બહેન અને એક્ટ્રેસ નૂપુરના લગ્નના ફંક્શન રાજસ્થાનના ઉદયપુરમાં શરૂ થઈ ગયાં છે. 9 જાન્યુઆરીના રોજ નૂપુર અને સિંગર સ્ટેબિન બેનની પીઠી અને સંગીત ફંક્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. નાની બહેનનાં બંને ફંક્શનમાં ક્રિતી જોરદાર નાચતી જોવા મળી હતી.

હાલમાં સોશિયલ મીડિયા પર નૂપુર અને સ્ટેબિનનાં ફંક્શનના ઘણા વીડિયો સામે આવ્યા છે, જેમાં આખો પરિવાર મસ્તી કરતો જોવા મળી રહ્યો છે. એક વીડિયોમાં ક્રિતી બહેન નૂપુર અને તેની બહેનપણીઓ સાથે 'હનિમૂન ટ્રાવેલ્સ' ફિલ્મના ગીત 'સજના જી વારી-વારી' પર ડાન્સ કરતી જોવા મળી રહી છે.

ક્રિતીનો એક અન્ય વીડિયો પણ સામે આવ્યો છે, જેમાં તે 'ફુકરે' ફિલ્મ ફેમ એક્ટર વરુણ શર્મા સાથે ભોજપુરી ગીત પર ડાન્સ કરી રહી છે. વરુણ અને ક્રિતીએ ભોજપુરી સ્ટાર પવન સિંહના ગીત 'લોલીપોપ લાગે લૂ' પર જોરદાર ડાન્સ કર્યો. નૂપુર-સ્ટેબિન ક્રિતીના આ પર્ફોર્મન્સને એન્જોય કરતા જોવા મળી રહ્યાં છે.

એક અન્ય વીડિયોમાં ક્રિતી બહેન માટે પંજાબી ગીત 'દિલ તૂ જાન તૂ' પર પણ પર્ફોર્મ કરતી જોવા મળી રહી છે. વીડિયોમાં ક્રિતીનાં માતા પણ તેની સાથે ડાન્સ કરી રહ્યાં છે. ક્રિતી પર્ફોર્મન્સ દરમિયાન પ્રેમથી બહેનનું કપાળ ચૂમતી જોવા મળી.

નૂપુર અને સ્ટેબિન બેનનાં લગ્નનાં ફંક્શન લેકસિટીની રેફલ્સ હોટલમાં 9 જાન્યુઆરીથી શરૂ થઈ ગયાં છે. 9મીએ પીઠી અને સંગીતનો કાર્યક્રમ યોજાયો હતો. જ્યારે આજે કપલની મહેંદી સેરેમની છે. આ માટે હોટલમાં અલગ-અલગ થીમ પર સજાવટ કરવામાં આવશે. 11 જાન્યુઆરીએ બંને સાત ફેરા લેશે. લગ્નમાં હાજરી આપવા માટે બોલિવૂડ અને ટીવી ઉપરાંત મ્યુઝિક ઈન્ડસ્ટ્રીમાંથી પણ ઘણા સ્ટાર્સ આવવાની શક્યતા છે. હોટલમાં કડક સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

## ભોજપુરી ગીત 'લોલીપોપ લાગે લૂ' પર ઠુમકા લગાવ્યા, વિદાય પહેલાં નાની બહેન પર વહાલ વરસાવ્યું

### ક્રિતી સેનનનો બોયફ્રેન્ડ કબીર લાઈમલાઈટમાં

લગ્નમાં હાજરી આપવા ક્રિતી સેનનનો બોયફ્રેન્ડ કબીર પણ આવ્યો છે. તે બુધવારે ક્રિતી અને તેમના પરિવાર સાથે જ ઉદયપુર પહોંચ્યો હતો. ક્રિતી અને કબીરને એકસાથે ઉદયપુર એરપોર્ટ પરથી બહાર નીકળતા જોવામાં આવ્યા હતા.

હોટલ રેફલ્સમાં ઘણાં હાઈ પ્રોફાઈલ લગ્નો થઈ ચૂક્યાં છે. ભારતની સ્ટાર બેડમિન્ટન ખેલાડી પીવી સિંધુ, ભારતીય ક્રિકેટર હાર્દિક પંડ્યા, હરિયાણાના ભાજપના ધારાસભ્ય ભવ્ય બિશ્નોઈ અને રાજસ્થાનની રહેવાસી IAS પરી બિશ્નોઈનાં લગ્ન પણ અહીં થઈ ચૂક્યાં છે.



# થલાપતિની 'જન નાયકન'ની રિલીઝ પર અસ્થાયી રોક

## હાઈકોર્ટે ફિલ્મમેકર્સનો ઉધડો લીધો, સેન્સર બોર્ડની ફરિયાદ બાદ રિલીઝ અટકી પડી

સાઉથ સ્ટાર થલાપતિ વિજયની છેલ્લી ફિલ્મ 'જન નાયકન'ના રિલીઝને લઈને મુશ્કેલીઓ સતત વધી રહી છે. મદ્રાસ હાઈકોર્ટની ડિવિઝન બેન્ચે સિંગલ જજના તે આદેશ પર અસ્થાયી રોક લગાવી દીધી છે, જેમાં ફિલ્મને U/A સર્ટિફિકેટ આપવાનો આદેશ આપવામાં આવ્યો હતો.

ખરેખરમાં, મદ્રાસ હાઈકોર્ટમાં 9 જાન્યુઆરીએ ફિલ્મ સાથે જોડાયેલા કેસની બીજી સુનાવણી થઈ. પહેલી સુનાવણીમાં કોર્ટની સિંગલ જજ બેન્ચે સવારે 10:30 વાગ્યે જ CBFCને U/A સર્ટિફિકેટ જારી કરવાનો નિર્દેશ આપ્યો હતો.

પરંતુ હાઈકોર્ટના આ નિર્ણયને સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશન (CBFC) એ પડકારતા ફિલ્મની ફરીથી તપાસ કરવા માટે રિવાઈઝિંગ કમિટી બનાવવાની માંગ કરી. સેન્સર બોર્ડે આ નિર્ણય વિરુદ્ધ રિટ અરજી દાખલ કરી, જેના પછી મદ્રાસ હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશની પીઠે રિલીઝ પર રોક લગાવતા આગામી સુનાવણી 21 જાન્યુઆરી નક્કી કરી છે.

બેન્ચે સુનાવણી દરમિયાન ટિપ્પણી કરી કે CBFCને ફિલ્મના રિલીઝનો વિરોધ કરવા માટે યોગ્ય સમય આપવો જોઈતો હતો. ચીફ જસ્ટિસ મનિન્દ્ર મોહન શ્રીવાસ્તવ અને જસ્ટિસ જી અરુલ મુરુગનની ડિવિઝન બેન્ચે ફિલ્મમેકર્સને સર્ટિફિકેટ મળ્યા પહેલા જ રિલીઝની તારીખ નક્કી કરવા પર પણ પ્રશ્ન ઉઠાવ્યો. બેન્ચે મેકર્સને કહ્યું- 'તમારી પાસે સર્ટિફિકેટ નથી, તો તમે ફિલ્મને રિલીઝ કેવી રીતે કરી શકો છો? તમે રિલીઝની તારીખ નક્કી કરી શકતા નથી અને ન તો સિસ્ટમ પર દબાણ લાવી શકો છો.'

બચાવમાં, કેવીએન પ્રોડક્શન્સનું પ્રતિનિધિત્વ કરી રહેલા વરિષ્ઠ વકીલ મુકુલ રોહતગીએ દલીલ કરી કે, સર્ટિફિકેશન પેનલ દ્વારા ફિલ્મની સમીક્ષા કરવામાં આવી હોવા છતાં, બોર્ડના માત્ર એક સભ્યએ જ ફરિયાદ નોંધાવી હતી. તેમણે કોર્ટમાં જણાવ્યું કે, 'જન નાયકન'ને 9 જાન્યુઆરીએ રિલીઝ કરવાની યોજના હતી.

નોંધનીય છે કે, આ પહેલાં થલાપતિ વિજયની ફિલ્મ 'જન નાયકન' 9 જાન્યુઆરીએ રિલીઝ થવાની હતી પરંતુ રિલીઝ ટળી ગઈ. ફિલ્મના પ્રોડક્શન હાઉસ KVN પ્રોડક્શને નિવેદન જારી કરીને કહ્યું, 'અમને આ માહિતી ભારે હૃદયે શેર કરવી પડી રહી છે. 9 જાન્યુઆરીએ રિલીઝ થનારી ફિલ્મ 'જન નાયકન'ને કેટલાક એવા કારણોસર મુલતવી રાખવામાં આવી છે, જે અમારા નિયંત્રણમાં નહોતા.'

# બોલિવુડમાં ડબલ બ્રેક અપઃ તારા-વીર, ખુશી-વેદાંગ છૂટાં પડયાં

બોલિવુડમાં એકસાથે બે કપલનાં બ્રેક અપના સમાચાર આવ્યા છે. વીર પહાડિયા અને તારા સુતરિયા વચ્ચે બ્રેક અપ થઈ ગયું છે. બીજી તરફ ખુશી કપૂર અને વૈદાંગ રૈના વચ્ચેનાં સંબંધોનો પણ અંત આવી ગયો હોવાનું કહેવાય છે. તાજેતરમાં મુંબઈમાં એ પી ધિલ્લોનની કોન્સર્ટમાં તારાએ સ્ટેજ પર જઈ એ પી ધિલ્લોનને હગ કરીને કિસ કરી હતી. તે વખતે વીર બહુ જ નારાજ જોવા મળ્યો હતો. ત્યારથી જ બંનેના બ્રેક અપની અફવાઓ શરુ થઈ હતી. જોકે, તારા અને વીર બંનેએ આ અફવાઓને નકારી કાઢી હતી. પરંતુ, હવે કેટલાક દાવા અનુસાર બંને વચ્ચે ખરેખર બ્રેક અપ થઈ ચૂક્યું છે. તારા સુતરિયા અગાઉ આદર જૈન સાથે રિલેશનશિપમાં રહી ચૂકી છે. જ્યારે વીરનું સારા અલી ખાન સહિતની હિરોઈનો સાથે અફેર રહી ચૂક્યું છે. ખુશી કપૂર અને વેદાંગ રૈનાની લવ સ્ટોરી 'આર્ચીઝ' ફિલ્મના સેટ પર શરુ થઈ હતી. તે પછી બંને પાછલાં બે વર્ષથી સતત સાથે દેખાતાં હતાં. જોકે, તેમના બ્રેક અપનું કારણ હજુ સુધી બહાર આવ્યું નથી.

# 8 વર્ષ બાદ દયાબેન તારક મહેતા શૉમાં વાપસી કરશે? એક્ટરે તોડ્યું મૌન, ફેન્સ ઉત્સુક!

તારક મહેતા કા ઉલ્ટા ચશ્માના ચાહકો માટે એક મહત્ત્વના સમાચાર સામે આવ્યા છે. વર્ષોથી જે સવાલ દરેકના મનમાં છે કે, 'દયાબેન' (દિશા વાકાણી) શૉમાં ક્યારે પાછા ફરશે? હવે આ અંગે શૉમાં 'અબ્દુલ'નું પાત્ર ભજવતા અભિનેતા શરદ સંકલાએ મૌન તોડ્યું છે.

એક ઈન્ટરવ્યૂમાં શરદ સંકલાએ જણાવ્યું કે, 'મને હવે એવું નથી લાગતું કે આ શક્ય છે. જોકે, આ બાબતે કંઈ કહી શકાય નહીં. તે પાછા ફરી પણ શકે અને ન પણ ફરે. મેં અગાઉ પણ કહ્યું હતું કે અમારા પ્રોડ્યુસર ક્યારેય નથી ઈચ્છતા કે કોઈ પણ કલાકાર શૉ છોડીને જાય.'

શરદ સંકલાએ વધુમાં કહ્યું કે, 'દિશા વાકાણીએ 8 વર્ષ પહેલા શૉ છોડ્યો હતો અને હજુ પણ શૉ સફળતાપૂર્વક ચાલી રહ્યો છે. આટલા વર્ષો પછી પણ પ્રેક્ષકો દયાબેનને યાદ કરે છે, જે દર્શાવે છે કે તેમનો ક્રેઝ આજે પણ અકબંધ છે. પ્રોડ્યુસર અસિત કુમાર મોદી પણ તેમની રાહ જોઈ રહ્યા છે. જો તે પાછા ફરે તો તે અદ્ભુત બાબત હશે અને જો ન ફરે તો નવા કલાકાર લેવા પડશે.'

શરદના જણાવ્યા અનુસાર, 'દરેકની પોતાની પર્સનલ જર્ની હોય છે. દિશા વાકાણીના અંગત જીવનમાં શું ચાલી રહ્યું છે અને તે શું નિર્ણય લેશે તે અંગે અમે ટિપ્પણી ન કરી શકીએ. દયાબેનનું પાત્ર દિશાએ ખૂબ જ સુંદર રીતે ભજવ્યું છે. તેની બોલવાની શૈલી અને અવાજ અસલ જિંદગીથી સાવ અલગ છે. તે એક તાલીમબદ્ધ સ્ટેજ આર્ટિસ્ટ છે. જો કોઈ નવો કલાકાર આવે તો દર્શકો તેને સ્વીકારશે કે નહીં તે એક મોટો પ્રશ્ન છે.' નોંધનીય છે.






# કપિલની કિસ કિસ કો પ્યાર કરું ટુની રી રીલિઝ કેન્સલ

કપિલ શર્માની 'કિસ કિસ કો પ્યાર કરું ટુ' આજે શુક્રવારે રી રીલિઝ થવાની હતી પરંતુ તેને પૂરતાં સ્ક્રીન જ નહીં મળતાં રી રીલિઝ કેન્સલ કરવાનો વારો આવ્યો હતો.

આ ફિલ્મ માટે ૫૦૦ સ્ક્રીન મેળવવા પ્રયાસ કરાયો હતો. જોકે, તેને ૨૦૦ સ્ક્રીન માંડ મળ્યાં હતાં . અને તેનાં શો ટાઈમિંગ પણ બહુ અનુકૂળ ન હતાં. આખરે છેલ્લી ઘડીએ રી રીલિઝ કેન્સલ કરાઈ હતી. અગાઉ આ ફિલ્મ ગત ૧૨મી ડિસેમ્બરે રીલિઝ કરાઈ હતી પરંતુ ત્યારે તે ટિકિટબારી પર સદંતર ધોવાઈ ગઈ હતી. આથી ફિલ્મને ફરી જાન્યુઆરીમાં રી રીલિઝ કરવાનો નિર્ણય લેવાયો હતો.

એક્સપ્રેસ ન્યૂઝ

## નિહાલ સરીને ટાટા સ્ટીલ ચેસ ટાઈટલ જીત્યું અને આનંદને પાછળ છોડ્યા



(એજન્સી) કોલકાતા । તા.10

ભારતના યુવા ચેસ ગ્રાન્ડમાસ્ટર નિહાલ સરીને કોલકાતામાં રમાયેલી પ્રતિષ્ઠિત ટાટા સ્ટીલ રેપિડ ચેસ ટુર્નામેન્ટમાં દિગ્ગજ ખેલાડીઓને માત આપીને ખિતાબ પોતાના નામે કર્યો છે. વિશ્વ ચેમ્પિયન ડી. ગુકેશના સ્થાને છેલ્લી ઘડીએ રમવા આવેલા નિહાલ સરીને અશક્યને શક્ય કરી બતાવ્યું છે. ટુર્નામેન્ટના અંતિમ દિવસે ભારતના મહાન ચેસ ખેલાડી વિશ્વનાથન આનંદ સામે રસાકસીભરી ટક્કર અને વેસ્લે સો સામે નિર્ણાયક વિજય મેળવીને તેણે વર્ષ ૨૦૨૬ની શાનદાર શરૂઆત કરી છે. નાનાજીને અર્પણ કર્યો ભાવુક વિજય આ વિજય નિહાલ માટે આર્થિક અને વ્યાવસાયિક રીતે જ નહીં, પરંતુ ભાવનાત્મક રીતે પણ ઘણો મોટો છે. વિજયના એક દિવસ અગાઉ જ તેના નાનાજીનું અવસાન થયું હતું. જીત બાદ ભાવુક નિહાલે જણાવ્યું કે, "મારા નાનાજીએ જ મને ચેસ શીખવી હતી. જ્યારે હું પાંચ વર્ષનો હતો ત્યારે મારા તોફાન શાંત કરવા માટે તેમણે મને આ રમતનો પરિચય કરાવ્યો હતો." મીડિયા અહેવાલ મુજબ, નિહાલે આ યાદગાર ટાઈટલ તેના દિવંગત નાનાજીને અર્પણ કર્યું છે, જેઓ તેના ચેસ પ્રવાસના સાચા પ્રેરણાસ્ત્રોત હતા.

# મહિલા પ્રીમિયર લીગ 2026 આરસીબીની શાનદાર જીત

### આરસીબી વિરુદ્ધ મુંબઈ ઈન્ડિયન્સ મેચ રોમાંચક



(એજન્સી) નવી મુંબઈ । તા.10

મહિલા પ્રીમિયર લીગ (WPL) ૨૦૨૬ની ત્રીજી સીઝનનો પ્રારંભ અત્યંત ધમાકેદાર રહ્યો છે. નવી મુંબઈના ડીવાય પાટીલ સ્ટેડિયમ ખાતે રમાયેલી પ્રારંભિક મેચમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB) એ ડિફેન્ડિંગ ચેમ્પિયન મુંબઈ ઈન્ડિયન્સને ૩ વિકેટે હરાવીને ટૂર્નામેન્ટમાં વિજયી શ્રીગણેશ કર્યા છે. આ જીતની અસલી શિલ્પી દક્ષિણ આફ્રિકાની ઓલરાઉન્ડર નદિન ડી કલર્ક રહી હતી, જેણે પહેલા બોલિંગમાં ૪ વિકેટ ઝડપી અને બાદમાં અંતિમ ઓવરમાં તોફાની બેટિંગ કરીને પોતાની ટીમને જીત અપાવી હતી.

અત્યાર સુધીની પરિસ્થિતિ મુજબ, આરસીબીએ ટોસ જીતીને પહેલા બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો. લોરેન બેલની આક્રમક બોલિંગ સામે મુંબઈની શરૂઆત નબળી રહી હતી. અમેલિયા કેર માત્ર ૪ રન બનાવીને પેવેલિયન ભેગી થઈ હતી. જોકે, યુવા ખેલાડી જી કમલિનીએ ૩૨ રનની લડાયક ઈનિંગ રમી હતી. મીડિયા અહેવાલ મુજબ, મુંબઈની ટીમ એક સમયે ૬૭ રનમાં ૪ વિકેટ ગુમાવીને મુશ્કેલીમાં હતી, પરંતુ સજીવન સજના (૪૫ રન) અને નિકોલા કેરી (૪૦ રન) વચ્ચેની ૮૨ રનની ભાગીદારીએ ટીમને સન્માનજનક સ્કોર સુધી પહોંચાડી હતી. નદિન ડી કલર્કે શાનદાર બોલિંગ કરતા ૪ ઓવરમાં ૨૬ રન આપી ૪ મહત્વની વિકેટો ઝડપી હતી, જેના કારણે મુંબઈ ૨૦ ઓવરમાં ૧૫૪ રન બનાવી શક્યું હતું.

૧૫૫ રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી બેંગલુરુની શરૂઆત તોફાની રહી હતી. કેપ્ટન સ્મૃતિ મંધાના (૧૮) અને ગ્રેસ હેરિસ (૨૫) એ માત્ર ૩.૪ ઓવરમાં ૪૦ રન જોડી દીધા હતા.

### અંતિમ ઓવરનો રોમાંચ અને ઐતિહાસિક વિજય

નદિન ડી કલર્ક અને અરુંધતી રેડ્ડી (૨૦ રન) વચ્ચેની ૫૦ રનની ભાગીદારીએ મેચમાં પ્રાણ ફૂંક્યા હતા. અંતિમ ઓવરમાં બેંગલુરુને જીતવા માટે મોટા સ્કોરની જરૂર હતી ત્યારે ડી કલર્કે નેટ સાયવર બ્રન્ટની ઓવરમાં ૨૦ રન ઝૂડી કાઢીને અર્ધશતક પૂર્ણ કર્યું અને ૧ બોલ બાકી રહેતા ટીમને જીત અપાવી હતી. મુંબઈ તરફથી અમેલિયા કેરે ૨ વિકેટ ઝડપી હતી અને તે WPL ઈતિહાસમાં સૌથી વધુ વિકેટ લેનારી બોલર બની ગઈ છે, પરંતુ તેની આ સિદ્ધિ ટીમની હાર સામે ઝાંખી પડી હતી.

#### વૈશ્વિક પ્રભાવ અને ભવિષ્યની રણનીતિ

આરસીબીની આ જીતે સ્પષ્ટ કરી દીધું છે કે આ વખતે તેઓ ખિતાબના પ્રબળ દાવેદાર છે. સ્ટેડિયમમાં હાજર હજારો પ્રેક્ષકોએ ડી કલર્કની આતિશબાજીનો આનંદ માણ્યો હતો. ચેમ્પિયન મુંબઈ માટે આ હાર એક જાગૃતિ સમાન છે, કારણ કે તેમની ડેથ ઓવરની બોલિંગ નબળી સાબિત થઈ હતી. હવે આગામી મેચોમાં મુંબઈ કેવી રીતે વાપસી કરે છે અને આરસીબી પોતાની જીતની લય જાળવી રાખે છે કે કેમ તેના પર સૌની નજર રહેશે. મહિલા ક્રિકેટના વધતા ક્રેઝ વચ્ચે આ પ્રથમ મેચે જ દર્શકોની અપેક્ષાઓ વધારી દીધી છે.

## WTT ફીડર ટુર્નામેન્ટમાં હંસિનીનો ઉલટફેર : કોરિયન સ્ટારને આપી મ્હાત

(એજન્સી) વડોદરા । તા.10

વડોદરામાં રમાઈ રહેલી WTT ફીડર સીરીઝ ઈન્ટરનેશનલ રેન્કિંગ ટુર્નામેન્ટના પ્રથમ દિવસે તમિલનાડુની ૧૬ વર્ષીય ઉભરતી ખેલાડી એમ. હંસિનીએ મોટો ઉલટફેર સર્જીને ખળભળાટ મચાવી દીધો છે. હંસિનીએ શાનદાર ફોર્મ બતાવતા મહિલા સિંગલ્સના પ્રથમ રાઉન્ડમાં કોરિયાની ત્રીજી ક્રમાંકિત અને ટાઈટલની પ્રબળ દાવેદાર યુ યેરિનને સીધા સેટમાં હરાવી સ્પર્ધામાંથી બહાર ફેંકી દીધી છે. આ વિજય સાથે હંસિનીએ આંતરરાષ્ટ્રીય ટેબલ ટેનિસ સર્કિટમાં પોતાની મજબૂત હાજરી નોંધાવી છે. મેદાન પર હંસિનીની આક્રમકતા જોવા જેવી હતી. તેણે કોરિયન ખેલાડીને ૧૧-૮, ૧૧-૩, ૧૧-૯ થી પરાજિત કરી હતી. નવાઈની વાત એ છે કે આ હાઈ-પ્રોફાઈલ મુકાબલો તેણે માત્ર ૨૪ મિનિટમાં જ પૂરો કરી નાખ્યો હતો.



### શિવમ ચૌધરીએ એક જ મેચમાં ૪૩ રેડ પોઈન્ટ્સ મેળવી નવો બેન્ચમાર્ક સેટ કર્યો

## કબડ્ડીના મેદાનમાં ઈતિહાસ રચાયો UPKL સીઝન ૨ માં ઐતિહાસિક રેકોર્ડ

લખનૌ લાયન્સે ૮૭-૩૬ થી નોંધાવી લીગ ઈતિહાસની સૌથી મોટી જીત

(એજન્સી) નોઈડા । તા.10

ઉત્તર પ્રદેશ કબડ્ડી લીગ (UPKL) સીઝન ૨ ના લીગ સ્ટેજના અંતિમ દિવસે નોઈડા ઈન્ડોર સ્ટેડિયમ ખાતે કબડ્ડીના ઈતિહાસનું સૌથી યાદગાર પ્રદર્શન જોવા મળ્યું હતું. લખનૌ લાયન્સ અને ગઝબ ગાઝિયાબાદ વચ્ચે રમાયેલી આ મેચમાં લીગના તમામ જૂના રેકોર્ડ્સ ધ્વસ્ત થઈ ગયા હતા. લખનૌ લાયન્સે શાનદાર રમત બતાવીને ૮૭-૩૬ થી વિજય મેળવ્યો હતો, જે UPKL ઈતિહાસની સૌથી વધુ સ્કોર ધરાવતી મેચ બની ગઈ છે.

શિવમ ચૌધરીના 'સુપર રેડ્સ' થી ગાઝિયાબાદના સૂપડા સાફ આ રેકોર્ડબ્રેક રાતનો અસલી હીરો લખનૌ લાયન્સનો સ્ટાર રેડર શિવમ ચૌધરી રહ્યો હતો. શિવમે અસાધારણ પ્રદર્શન કરતા એક જ મેચમાં ૪૩ રેડ પોઈન્ટ્સ હાંસલ કરીને કબડ્ડી જગતને ચોંકાવી દીધું છે. આ લીગના ઈતિહાસમાં કોઈપણ ખેલાડી દ્વારા મેળવવામાં આવેલા સૌથી વધુ વ્યક્તિગત રેડ પોઈન્ટ્સ છે. તેની આક્રમક રેડ સામે ગાઝિયાબાદનું ડિફેન્સ સંપૂર્ણપણે લાચાર દેખાતું હતું. શિવમે વારંવાર મલ્ટી-પોઈન્ટ રેડ કરીને સ્કોરબોર્ડને સતત ગતિમાન રાખ્યું હતું.




#### નોકઆઉટ સ્ટેજ માટે સ્ટેજ તૈયાર

UPKL ના સ્થાપક અને ડાયરેક્ટર સંભવ જૈને આ સિદ્ધિ પર ખુશી વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, "આ પ્લેટફોર્મ એથ્લેટ્સને પોતાની પ્રતિભા નિખારવા માટે આપવામાં આવ્યું છે અને શિવમ જેવા ખેલાડીઓ નવા બેન્ચમાર્ક સેટ કરી રહ્યા છે." લીગ હવે તેના નોકઆઉટ સ્ટેજમાં પ્રવેશી રહી છે, જ્યાં ટોચની ટીમો વચ્ચે ખિતાબ માટે જંગ જામશે. લખનૌ લાયન્સના આ પ્રદર્શને અન્ય ટીમો માટે ખતરાની ઘંટડી વગાડી દીધી છે.

### ગીલ અને જયસ્વાલે કર્યા વખાણ

## ભારત-ન્યુઝીલેન્ડ વન-ડે માટે કોટંબી સ્ટેડિયમ સજ્જ

(એજન્સી) નવી દિલ્હી । તા.10

ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે રવિવાર, ૧૧ જાન્યુઆરીથી શરૂ થઈ રહેલી ત્રણ મેચોની વન-ડે શ્રેણી માટે વડોદરાનું કોટંબી સ્ટેડિયમ સંપૂર્ણપણે તૈયાર છે. આ સ્ટેડિયમ માટે આ એક ઐતિહાસિક ક્ષણ છે, કારણ કે અહીં પ્રથમ વખત આંતરરાષ્ટ્રીય વન-ડે મેચ રમાવા જઈ રહી છે. મેચ પૂર્વે ભારતીય ટીમના કેપ્ટન શુભમન ગીલ, ઓપનર યશસ્વી જયસ્વાલ અને ફાસ્ટ બોલર પ્રસિદ્ધ કૃષ્ણાએ સ્ટેડિયમની અત્યાધુનિક સુવિધાઓ અને સુંદરતાના મુક્ત કંઠે વખાણ કર્યા છે.



ખેલાડીઓ સુવિધાઓથી મંત્રમુગ્ધ BCCI દ્વારા સોશિયલ મીડિયા પર શેર કરાયેલા એક વિડિયોમાં, કેપ્ટન શુભમન ગીલે સ્ટેડિયમના ડ્રેસિંગ રૂમ અને મેદાનની ગુણવત્તાને અદભૂત ગણાવી હતી. ગીલે જણાવ્યું કે, "આ સ્ટેડિયમ ખૂબ જ સુંદર છે અને સુવિધાઓ પણ વિશ્વકક્ષાની છે. ઘરઆંગણે કેપ્ટન તરીકે મારી આ પ્રથમ વન-ડે શ્રેણી છે, જેને લઈને હું ખૂબ જ ઉત્સાહિત છું." યશસ્વી જયસ્વાલે પણ આઉટફિલ્ડ અને પિચની પ્રશંસા કરતા કહ્યું કે, વડોદરાના લોકોમાં ક્રિકેટ પ્રત્યેનો ગજબનો ક્રેઝ છે, જેનો આનંદ મેદાન પર જોવા મળશે.

ફાસ્ટ બોલર પ્રસિદ્ધ કૃષ્ણા માટે આ મેદાન ખૂબ જ નસીબદાર રહ્યું છે. તેણે યાદ કર્યું કે ગયા વર્ષે આ જ મેદાન પર રમાયેલી વિજય હઝારે ટ્રોફીમાં તેની ટીમ કર્ણાટક ચેમ્પિયન બની હતી. તેણે સ્ટેડિયમના જીમ, પુલ અને પ્રેક્ટિસ એરિયાને શ્રેષ્ઠ ગણાવ્યા છે. ટીમ ઈન્ડિયાના તમામ ખેલાડીઓ ડોમેસ્ટિક ક્રિકેટ રમીને આવ્યા હોવાથી સંપૂર્ણ લયમાં છે.

### પેનલ્ટી શૂટઆઉટ બોનસ પોઈન્ટ ડ્રામા હાઈ વોલ્ટેજ

## હોકી ઈન્ડિયા લીગ ૨૦૨૬ સમાચાર તમિલનાડુની દિલધડક જીત

તમિલનાડુ ડ્રેગન્સ વિરુદ્ધ એસજી પાઈપર્સ ટક્કર

(એજન્સી) ચેન્નાઈ । તા.10

હોકી ઈન્ડિયા લીગ (HIL) ૨૦૨૬માં શુક્રવારની રાત રમતપ્રેમીઓ માટે યાદગાર બની રહી. ચેન્નાઈના મેદાન પર તમિલનાડુ ડ્રેગન્સ અને એસજી પાઈપર્સ વચ્ચે રમાયેલી મેચમાં મેદાની જંગ અને રણનીતિનો અદભૂત સંગમ જોવા મળ્યો હતો. નિર્ધારિત સમયમાં ૪-૪ ની બરાબરી બાદ, પેનલ્ટી શૂટઆઉટમાં તમિલનાડુ ડ્રેગન્સે પ્રભુત્વ જમાવીને મહત્વનો બોનસ પોઈન્ટ હાંસલ કર્યો હતો. ગોલના આક્રમણ અને બચાવના આ ખેલમાં અંતિમ સેકન્ડ સુધી વિજેતા નક્કી કરવો મુશ્કેલ હતો.



મેચની શરૂઆતથી જ એસજી પાઈપર્સની ટીમે આક્રમક વલણ અપનાવ્યું હતું, પરંતુ તમિલનાડુ ડ્રેગન્સના સુકાની અમિત રોહિદાસે ૯મી મિનિટે પેનલ્ટી કોર્નરને ગોલમાં ફેરવીને યજમાન ટીમને સરસાઈ અપાવી હતી. જોકે, પાઈપર્સના ટોમસ ડોમેને ૧૩મી મિનિટે ગોલ કરીને સ્કોર ૧-૧ થી બરાબર કરી દીધો હતો. બીજા ક્વાર્ટરમાં તો જાણે ગોલની હેલી ચઢી હતી. માત્ર બે મિનિટના ગાળામાં ત્રણ ગોલ નોંધાયા હતા. પોલ ફિલિપ કૌફમેન અને ટોમ ક્રેગના ગોલની મદદથી ડ્રેગન્સે હાફ ટાઈમ સુધી ૩-૨ ની સરસાઈ જાળવી રાખી હતી. મીડિયા અહેવાલ મુજબ, આ દરમિયાન પાઈપર્સના ડોમેને વધુ એક ગોલ કરીને પોતાની ટીમને મેચમાં જીવંત રાખી હતી.

ત્રીજા ક્વાર્ટરમાં રમત વધુ રસાકસીભરી બની હતી. ૩૮મી મિનિટે કાય વિલોટે પેનલ્ટી કોર્નર દ્વારા ગોલ કરીને પાઈપર્સને ૩-૩ ની બરાબરી પર લાવી દીધા હતા. પરંતુ તમિલનાડુના સેલવરાજ કનગરાજે ૪૦મી મિનિટે અદભૂત કૌશલ્ય બતાવીને ફરીથી ડ્રેગન્સને ૪-૩ થી આગળ કરી દીધા હતા. અત્યાર સુધીની પરિસ્થિતિ જોતા લાગતું હતું કે તમિલનાડુ આસાનીથી મેચ જીતી જશે, પરંતુ એસજી પાઈપર્સની હિંમત ખૂટી નહોતી.

જાણો સમગ્ર ઘટનાક્રમ મુજબ, મેચ પૂરી થવાની માત્ર ૨ મિનિટ બાકી હતી ત્યારે પાઈપર્સે એક મોટું જોખમ ખેડ્યું. તેમણે પોતાના ગોલકીપરને મેદાનની બહાર બોલાવીને વધારાના ફોરવર્ડ ખેલાડીને મેદાનમાં ઉતાર્યો હતો. આ રણનીતિ કારગત નીવડી અને ૫૯મી મિનિટે આદિત્ય લાલગેએ શાનદાર ગોલ ફટકારીને સ્કોર ૪-૪ કરી દીધો હતો. આ ગોલ સાથે જ મેચ શૂટઆઉટમાં પ્રવેશી હતી.

### ૨૦ દિવસમાં ૫ કિલો વજન વધારીને અશક્યને શક્ય બનાવ્યું

## પ્રસન્ન બેન્દ્રેએ ખેલો ઈન્ડિયામાં ગોલ્ડ જીત્યો અને દીવનું નામ રોશન કર્યું

(એજન્સી) દીવ । તા.10

દીવના ઘોઘલા બીચ પર રમાઈ રહેલી 'ખેલો ઈન્ડિયા બીચ ગેમ્સ ૨૦૨૬' માં કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવના પેનકાક સિલાટ ખેલાડી પ્રસન્ન બેન્દ્રેએ ઈતિહાસ રચી દીધો છે. માત્ર ૨૦ દિવસના ટૂંકા ગાળામાં પોતાની વજનની કેટેગરી બદલીને મેદાનમાં ઉતરેલા પ્રસન્ને સતત બીજો ગોલ્ડ મેડલ જીતીને પોતાની શ્રેષ્ઠતા સાબિત કરી છે. તેણે ફાઈનલમાં મણિપુરના રોહિત મેઈતેઈને માત આપીને ઘરઆંગણે સુવર્ણ સફળતા હાંસલ કરી છે.

વજન વધારવાનો કપરો પડકાર પ્રસન્ન સામાન્ય રીતે ૪૦-૪૫ કિલોની કેટેગરીમાં રમે છે, પરંતુ સ્પર્ધાના ૨૦ દિવસ પહેલા જ જાણવા મળ્યું કે તેની મૂળ કેટેગરી રદ કરવામાં આવી છે. હાર માનવાને બદલે તેણે ૫૦-૫૫ કિલોની કેટેગરીમાં રમવાનો નિર્ણય લીધો.

વજન વધારવા માટે તેણે ખજૂર, કેળા અને અંજીર જેવા પૌષ્ટિક આહારનો સહારો લીધો અને ૫૧ કિલો સુધી વજન પહોંચાડ્યું. આટલા ટૂંકા ગાળામાં મજબૂત વિરોધીઓ સામે ટક્કર લેવી એ કોઈ ચમત્કારથી ઓછું નહોતું. પ્રસન્ને જણાવ્યું કે, "મારી પાસે કોઈ વિકલ્પ નહોતો, પરંતુ મેં ટેકનિક પર ભરોસો રાખ્યો."



#### ગરીબી અને દેવા વચ્ચેની સંઘર્ષગાથા

પ્રસન્નનો રમત પ્રવાસ અત્યંત કપરો રહ્યો છે. ૨૦૨૪માં અબુ ધાબીમાં યોજાયેલી વર્લ્ડ ચેમ્પિયનશિપમાં ભાગ લેવા માટે તેના પિતાએ સ્થાનિક વ્યાજખોરો પાસેથી ૧ લાખ રૂપિયાની લોન લીધી હતી, જેનું દેવું તેઓ હજુ પણ ચૂકવી રહ્યા છે. મનોવિજ્ઞાનમાં માસ્ટર્સ કરનાર પ્રસન્ન હવે રમતની સાથે સાથે પોતાના પરિવારને આર્થિક ટેકો આપવા માટે નોકરીની શોધમાં છે. તેના કોચ એલેક્ઝાન્ડર અને ફિલિયા થોમસે પણ તેની આ સફળતાને બિરદાવી છે.

મહિલા હોકી હરાજી 2026 // શ્રાચી બેંગાલ ટાઈગર્સ ઓક્શન સ્ટોરી 'બ્લાઈન્ડ બિડ' નો જાદુ

## સોશા બેનિંગા હોકી ઈન્ડિયા લીગ હરાજીમાં કોઈ ન મળ્યું, પણ મળી લોટરી!

(એજન્સી) એમ્સ્ટર્ડમ/રાંચી । તા.10

રમતગમતની દુનિયામાં ક્યારેક નસીબ એવી પલટી મારે છે કે ખુદ ખેલાડી પણ અવાક રહી જાય છે. આવું જ કંઈક નેધરલેન્ડની પ્રતિભાશાળી ફોરવર્ડ સોશા બેનિંગા (Sosha Benninga) સાથે થયું છે. ૨૪ સપ્ટેમ્બર ૨૦૨૫ ના રોજ જ્યારે મહિલા હોકી ઈન્ડિયા લીગ (W-HIL) માટે ખેલાડીઓની હરાજી ચાલી રહી હતી, ત્યારે સોશાને લાગ્યું હતું કે ભારતમાં રમવાનું તેનું સપનું તૂટી ગયું છે. પરંતુ, આજે તે શ્રાચી બેંગાલ ટાઈગર્સ (Shrachi Bengal Tigers) ની મુખ્ય ખેલાડી તરીકે રાંચીમાં ફાઈનલ રમવાની તૈયારી કરી રહી છે.

મીડિયા અહેવાલ મુજબ, સોશા તેની સાથી ખેલાડી નૂર ડી બાટ અને ફ્લોર ડી હાન સાથે હરાજી પર નજર રાખી રહી હતી. જ્યારે નૂર ડી બાટને બેંગાલ ટાઈગર્સે ૧૪ લાખ રૂપિયામાં ખરીદી લીધી, ત્યારે સોશા ખૂબ ખુશ હતી. પરંતુ જ્યારે સોશાના નામની જાહેરાત થઈ, ત્યારે એક પણ ફ્રેન્ચાઈઝીએ તેને ખરીદવામાં રસ ન દાખવ્યો. સોશાએ સ્વીકારી લીધું કે તેનું નામ 'અનસોલ્ડ' (Unsold) રહ્યું છે. તે એટલી નિરાશ થઈ હતી કે તેણે હોકી ભૂલીને પોતાના દેશમાં એક હાફ-મેરેથોનમાં દોડવા માટે રજીસ્ટ્રેશન પણ કરાવી લીધું હતું.



સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, હરાજી પૂર્ણ થયાના થોડા કલાકો બાદ સોશાને તેની મિત્ર નૂરનો ફોન આવ્યો, જેણે હસતા હસતા સમાચાર આપ્યા કે સોશા પણ 'વેચાઈ' ગઈ છે! સોશા પહેલા તો મૂંઝવણમાં હતી, પરંતુ પાછળથી જાણવા મળ્યું કે શ્રાચી બેંગાલ ટાઈગર્સે હરાજીના અંતે 'બ્લાઈન્ડ બિડિંગ' (Blind Bidding) પ્રક્રિયા દ્વારા તેને ૫ લાખ રૂપિયામાં પોતાની ટીમમાં સામેલ કરી લીધી હતી. આ પ્રક્રિયા જાહેર હરાજીમાં કોઈ ખરીદદાર ન મળ્યા બાદ બંધ બારણે કરવામાં આવી હતી.

જાણો સમગ્ર ઘટનાક્રમ મુજબ, સોશા બેનિંગા એમ્સ્ટર્ડમની 'હોકી રોયલ્ટી' ગણાય છે. તેના પરિવારનો હોકી સાથે જૂનો અને ભવ્ય સંબંધ છે. ભારત આવ્યા બાદ સોશાએ પોતાની કુશળતાથી સૌને પ્રભાવિત કર્યા છે. શ્રાચી બેંગાલ ટાઈગર્સ માટે તે એક મહત્વની કડી સાબિત થઈ છે. જે ખેલાડીને હરાજીમાં કોઈ ખરીદદાર નહોતો મળ્યો, તે જ ખેલાડી આજે પોતાની ટીમને ફાઈનલ સુધી પહોંચાડવામાં મહત્વની ભૂમિકા ભજવી રહી છે.

અત્યાર સુધીની પરિસ્થિતિ જોતા, સોશા અને તેની ટીમ આજે ૧૦ જાન્યુઆરીએ રાંચીમાં એસજી પાઈપર્સ સામે ફાઈનલ મેચ રમશે. જે રવિવારે તે હાફ-મેરેથોનમાં દોડવાની હતી, તે રવિવારે તે કદાચ હોકી ઈન્ડિયા લીગની ટ્રોફી સાથે સેલિબ્રેશન કરી રહી હશે. સોશાની આ સફર એ વાતની સાબિતી છે કે રમતગમતમાં છેલ્લી ઘડી સુધી આશા છોડવી જોઈએ નહીં.

## બ્રિસ્બેન ઈન્ટરનેશનલની ફાઈનલમાં સબાલેન્કા ની શાનદાર એન્ટ્રી

(એજન્સી) બ્રિસ્બેન (ઓસ્ટ્રેલિયા) । તા.10

વિશ્વની ટોચની ટેનિસ ખેલાડી આર્યના સબાલેન્કાએ ફરી એકવાર પોતાની ક્ષમતા સાબિત કરતા બ્રિસ્બેન ઈન્ટરનેશનલની ફાઈનલમાં પ્રવેશ કરી લીધો છે. શનિવારે પેટ રાફ્ટર એરેના ખાતે રમાયેલી સેમીફાઈનલમાં સબાલેન્કાએ કેરોલિના મુચોવાને સીધા સેટમાં ૬-૩, ૬-૪ થી હરાવીને સતત ત્રીજા વર્ષે આ ટુર્નામેન્ટની ફાઈનલમાં સ્થાન નિશ્ચિત કર્યું છે. ૧૮ જાન્યુઆરીથી શરૂ થનારા ઓસ્ટ્રેલિયન ઓપન પહેલા સબાલેન્કાનું આ ફોર્મ વિરોધી ખેલાડીઓ માટે ચેતવણી સમાન છે. કોસ્ટ્યુકનો વિજયી રથ અને પેગુલાની હાર બીજી તરફ, રવિવારે રમાનારી ફાઈનલમાં સબાલેન્કાનો સામનો યુક્રેનની માર્ટા કોસ્ટ્યુક સામે થશે. કોસ્ટ્યુકે ચોથી ક્રમાંકિત અમેરિકન ખેલાડી જેસિકા પેગુલાને ૬-૦, ૬-૩ થી હરાવીને તમામને ચોંકાવી દીધા છે. કોસ્ટ્યુકે સતત ત્રીજી વખત ટોપ-૧૦ ખેલાડીને હરાવવાની સિદ્ધિ હાંસલ કરી છે. સબાલેન્કાએ જીત બાદ જણાવ્યું કે, "મુચોવા એક શ્રેષ્ઠ ખેલાડી છે અને તેની સામે રમવાનો મને હંમેશા આનંદ આવે છે. હું વર્તમાનમાં રહીને શ્રેષ્ઠ દેખાવ કરવાનો પ્રયાસ કરું છું."



#### પુરુષ વર્ગમાં નાકાશિમાની એન્ટ્રી

સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, પુરુષોની ટુર્નામેન્ટમાં અમેરિકાના બ્રાન્ડોન નાકાશિમાએ ફાઈનલમાં જગ્યા બનાવી લીધી છે. તેણે એલેક્ઝાન્ડર કોવાસેવિકને ૭-૬, ૬-૪ થી હરાવ્યો હતો. ચાર વર્ષ બાદ નાકાશિમા કોઈ એટીપી ટુરની ફાઈનલમાં પહોંચ્યો છે. હવે ફાઈનલમાં તેનો સામનો ટોપ સીડ ડેનિલ મેદવેદેવ અથવા એલેક્સ મિશેલસેન સામે થશે.

### કીવ મિસાઈલ હુમલો વિગતો મોતનો આંક વધ્યો, હાઈપરસોનિક ઓરેશ્નિક મિસાઈલ ખાસિયત અજેય શસ્ત્ર

# રશિયા યુક્રેન યુદ્ધ ઓરેશ્નિક મિસાઈલથી કીવમાં તબાહી

(એજન્સી) કીવ/મોસ્કો । તા. 10

રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલું સંઘર્ષ હવે તેના સૌથી વિનાશક તબક્કામાં પ્રવેશી ચૂક્યું છે. શુક્રવારે વહેલી સવારે રશિયાએ યુક્રેનની રાજધાની કીવ સહિત અનેક વિસ્તારો પર તેની સૌથી આધુનિક અને ઘાતક હાઈપરસોનિક બેલિસ્ટિક મિસાઈલ 'ઓરેશ્નિક' (Oreshnik) વડે બીજો મોટો હુમલો કર્યો છે. આ ભયાનક એટેકમાં અત્યાર સુધીમાં ૪ લોકોના કરુણ મોત નીપજ્યા છે, જ્યારે ૨૨ થી વધુ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હોવાના અહેવાલ છે. આ હુમલાએ માત્ર યુક્રેન જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વને આશ્ચર્યમાં મૂકી દીધું છે કારણ કે આ મિસાઈલને રોકવી વિશ્વની કોઈપણ સંરક્ષણ પ્રણાલી માટે અશક્ય માનવામાં આવે છે.

રશિયાએ આ રાત્રિ દરમિયાન સેંકડો ડ્રોન અને મિસાઈલોનો વરસાદ કર્યો હતો. આ હુમલાનો મુખ્ય ઉદ્દેશ્ય યુક્રેનના ઊર્જા ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ગેસ સ્ટોરેજ સુવિધાઓને નષ્ટ કરવાનો હતો. ખાસ કરીને પશ્ચિમ યુક્રેનમાં આવેલા લ્વિવ ક્ષેત્રમાં મોટી તબાહી મચી છે. સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે કે આ હુમલો ડિસેમ્બરના અંતમાં રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિનના નિવાસસ્થાન પર થયેલા કથિત ડ્રોન હુમલાનો વળતો જવાબ છે. કીવમાં આવેલા કતારના રાજદૂતાવાસને પણ આ મિસાઈલ મારામાં નુકસાન પહોંચ્યું છે, જે બાબત રાજદ્વારી સ્તરે પણ ગંભીર ચર્ચાનો વિષય બની છે.

#### હાઈપરસોનિક ઓરેશ્નિક મિસાઈલ ખાસિયત: અજેય અને અદ્રશ્ય

જાણો સમગ્ર ઘટનાક્રમ મુજબ, ઓરેશ્નિક મિસાઈલ રશિયાનું એવું બ્રહ્માસ્ત્ર છે જે અવાજ કરતા ૧૦ થી ૧૧ ગણી વધુ ઝડપે એટલે કે અંદાજે ૧૩,૦૦૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ઉડી શકે છે. આ મિસાઈલની રેન્જ ૫,૫૦૦ કિલોમીટર સુધીની છે, જેનો અર્થ છે કે તે આખા યુરોપને ગણતરીની મિનિટોમાં નિશાન બનાવી



શકે છે. અત્યાર સુધીની પરિસ્થિતિ જોતા, આ મિસાઈલ પરંપરાગત વિસ્ફોટકોથી સજ્જ હતી, પરંતુ તે પરમાણુ હથિયારો લઈ જવા માટે પણ સક્ષમ છે. તેની MIRV ટેકનોલોજી તેને વધુ જોખમી બનાવે છે, કારણ કે એક જ મિસાઈલ આકાશમાં અલગ-અલગ થઈને અનેક લક્ષ્યાંકો પર એકસાથે ત્રાટકી શકે છે.

યુક્રેનના વિદેશ મંત્રી એન્ડ્રી સિબિહાએ આ હુમલાને રહેણાંક વિસ્તારો પરનો અત્યાચાર ગણાવ્યો છે. તેમણે જણાવ્યું કે રશિયા જાણીજોઈને નાગરિક સુવિધાઓ જેવી કે પાણી અને હીટિંગ સિસ્ટમને નિશાન બનાવી રહ્યું છે જેથી કડકડતી ઠંડીમાં જનજીવન અસ્તવ્યસ્ત થઈ જાય. બીજી તરફ, અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પના નેતૃત્વ હેઠળ શાંતિ વાટાઘાટોની કોશિશ થઈ રહી હોવા છતાં, રશિયાના આ કઠોર વલણે યુદ્ધ વિરામની આશાઓ પર પાણી ફેરવી દીધું છે. ટ્રમ્પ વહીવટીતંત્રે રશિયાના આ પગલાને ગંભીર ગણાવતા નવા આકરા પ્રતિબંધો લાદવાના સંકેત આપ્યા છે.

#### યુદ્ધના મેદાનમાં બદલાતા સમીકરણો

રશિયાના સંરક્ષણ મંત્રાલયે પુષ્ટિ કરી છે કે આ મિસાઈલ પરીક્ષણ સફળ રહ્યું છે અને તે આગામી સમયમાં વધુ આક્રમક રીતે ઉપયોગમાં લેવાશે. નવેમ્બર ૨૦૨૪ માં પ્રથમ વખત ઉપયોગમાં લેવાયેલી આ મિસાઈલનું હવે સીરીયલ પ્રોડક્શન શરૂ કરી દેવામાં આવ્યું છે.

### તાઈવાન સરહદે ચીની સૈન્યની ઘૂસણખોરી

# તાઈવાન એડિઝમાં ચીની વિમાનો અને જહાજો ત્રાટક્યા

(એજન્સી) તાઈપેઈ । તા. 10

ડ્રેગન પોતાની વિસ્તારવાદી નીતિથી બાજ નથી આવી રહ્યું. શનિવારે સવારે તાઈવાનના સંરક્ષણ મંત્રાલયે ફરી એકવાર પોતાની સરહદની આસપાસ ચીની સૈન્યની ખતરનાક ગતિવિધિઓ નોંધી છે. મંત્રાલયના અહેવાલ મુજબ, ચીની વાયુસેનાના ૩ વિમાનો અને નૌકાદળના ૬ યુદ્ધ જહાજો તાઈવાનની જળસીમામાં શંકાસ્પદ રીતે ફરી રહ્યા છે. જેમાંથી એક વિમાને તો મધ્યરેખા ઓળંગીને તાઈવાનના નૈઋત્ય એર ડિફેન્સ આઈડેન્ટિફિકેશન ઝોન માં સીધી ઘૂસણખોરી કરી છે. તાઈવાનની સેના અત્યારે 'હાઈ એલર્ટ' પર છે અને ચીની ગતિવિધિઓ પર ચાંપતી નજર રાખી રહી છે.

શુક્રવારે ૨૩ વિમાનોએ મચાવ્યો હતો હડકંપ સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, ચીનનો આ દબાવ સતત વધી રહ્યો છે. ગઈકાલે જ ૨૩ ચીની સૈન્ય વિમાનો અને ૬ જહાજોએ તાઈવાનની આસપાસ ઘેરો ઘાલ્યો હતો, જેમાંથી ૧૯ વિમાનોએ ઉત્તર, મધ્ય અને દક્ષિણ-પશ્ચિમ સરહદો ઓળંગી હતી. મીડિયા અહેવાલ મુજબ, ચીન આ પ્રકારની ઘૂસણખોરી દ્વારા તાઈવાનના સંરક્ષણ તંત્રની ક્ષમતા માપી રહ્યું છે.

#### "તાઈવાન ચીનનો હિસ્સો નથી" - પ્રમુખ લાઈ

ચીનના વધતા જતા દબાણ વચ્ચે તાઈવાનના પ્રમુખ લાઈ ચિંગ-તેએ મક્કમ નિર્ધાર વ્યક્ત કર્યો છે. તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે તેઓ રાષ્ટ્રની રક્ષા માટે કટિબદ્ધ છે અને ચીનના કોઈપણ દબાણ સામે ઝૂકશે નહીં. લાઈ ચિંગ-તેએ ઉમેર્યું કે, "ચીનનું તાઈવાન પર કોઈ સત્તાવાર નિયંત્રણ નથી અને તાઈવાન ક્યારેય પીપલ્સ રિપબ્લિક ઓફ ચાઈનાનો હિસ્સો રહ્યું નથી." તેમણે ચીની દમનનો સામનો કરનારા આંતરરાષ્ટ્રીય નેતાઓની મુલાકાતનો ઉલ્લેખ કરી સાબિત કર્યું કે તાઈવાન એક સ્વતંત્ર અસ્તિત્વ ધરાવે છે.

## ન્યૂઝ બ્રીફ

#### પાકિસ્તાનમાં લોટની ભારે અછત થી જનતાના મુખમાંથી કોળિયો છીનવાયો



પેશાવર | પાકિસ્તાનના ખૈબરપખ્તુનવા પ્રાંતમાં ખાદ્ય કટોકટીએ વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું છે. પાયાની જરૂરિયાત ગણાતા લોટનો પુરવઠો સંપૂર્ણપણે ખોરવાઈ જતાં સ્થાનિક બેકરીઓ અને તંદુર ધરાવનારાઓએ આજીવિકા ગુમાવી છે. લોટના અભાવે અને આસમાને પહોંચેલા ભાવને કારણે અસંખ્ય બેકરીઓએ શટર્સ ડાઉન કર્યા છે, જેના કારણે સામાન્ય જનતા માટે બે ટંકની રોટલી મેળવવી પણ દુષ્કર બની ગઈ છે. આ આર્થિક કુઠારાઘાતને પગલે સ્થાનિક વેપારીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. વહીવટી ક્ષતિ અને આંતર-પ્રાંતીય અવરોધ નનવાઈ એસોસિએશનના હોદ્દેદારોએ આ ગંભીર સ્થિતિ માટે સરકારની વહીવટી નિષ્ફળતાને જવાબદાર ઠેરવી છે.

#### વેનેઝુએલા અને અમેરિકા વચ્ચે રાજદ્વારી મંત્રણા ના નવા અધ્યાય

કારાકસ | અમેરિકા દ્વારા નિકોલસ માદુરોની ધરપકડ બાદ વેનેઝુએલામાં મોટી રાજકીય હિલચાલ જોવા મળી રહી છે. વચગાળાના પ્રમુખ ડેલ્સી રોડ્રિગ્ઝે શુક્રવારે જાહેરાત કરી હતી કે વેનેઝુએલા અને અમેરિકા બંને દેશોમાં ફરીથી એમ્બેસી ખોલવા માટે રસ્તાઓ શોધી રહ્યા છે. જોકે, રોડ્રિગ્ઝે સ્પષ્ટ કર્યું હતું કે આ મંત્રણાનો મુખ્ય ઉદ્દેશ્ય ૩ જાન્યુઆરીના રોજ વેનેઝુએલાની ધરતી પર થયેલા અમેરિકી સૈન્ય આક્રમણની નિંદા કરવાનો અને જનતા પર થયેલા અત્યાચારનો વિરોધ કરવાનો છે. આ રાજદ્વારી પ્રક્રિયા આંતરરાષ્ટ્રીય કાયદા મુજબ આગળ વધશે. લા કેન્ડેલેરિયા ખાતે આયોજિત એક કાર્યક્રમમાં પ્રમુખ રોડ્રિગ્ઝે મુશ્કેલ સમયમાં સાથ આપનારા દેશોનો આભાર માન્યો હતો. તેમણે જણાવ્યું કે બ્રાઝિલના પ્રમુખ લુલા ડા સિલ્વા, સ્પેનના પેડ્રો સાંચેઝ અને કોલંબિયાના ગુસ્તાવો પેટ્રોએ વેનેઝુએલાની નવી સરકારને સમર્થન આપ્યું છે.

#### ઓરેશ્નિક મિસાઈલથી રશિયાનો હુમલો યુક્રેનમાં સર્જાયા મોતના તાંડવ



મોસ્કો/કીવ | રશિયા અને યુક્રેન વચ્ચેનું યુદ્ધ હવે અત્યંત ભયાનક સ્તરે પહોંચી ગયું છે. શુક્રવારે રશિયાએ તેની સૌથી ઘાતક હાઈપરસોનિક બેલિસ્ટિક મિસાઈલ 'ઓરેશ્નિક' છોડીને યુક્રેનના ઉર્જા માળખાને છિન્ન-ભિન્ન કરી નાખ્યું છે. રશિયન સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા અનુસાર, આ પ્રચંડ હુમલો ડિસેમ્બરમાં પ્રમુખ વ્લાદિમીર પુતિનના નિવાસસ્થાન પર થયેલા ડ્રોન હુમલાનો વળતો જવાબ છે. આ હુમલાએ યુક્રેનના પશ્ચિમ ભાગમાં સ્થિત લ્વિવ ક્ષેત્રમાં ભારે વિનાશ વેર્યો છે, જેના કારણે લાખો લોકો કડકડતી ઠંડીમાં ગેસ અને વીજળી વગર રહેવા મજબૂર બન્યા છે.

### ઈરાન સુરક્ષા દળો ગોળીબારમાં અનેક યુવાનો ઠાર

# ઈરાન વિરોધ પ્રદર્શન ન્યૂઝ તેહરાન લોહીલુહાણ 217ના મોત, તેહરાન હિંસા મૃત્યુઆંક ૨૦૦ ને પાર થયો

(એજન્સી) કોપન હેગન । તા. 10

ઈરાનમાં વર્તમાન ઈસ્લામિક શાસન વિરુદ્ધ ફાટી નીકળેલા જન આક્રોશે હવે અત્યંત ભયાનક અને રક્તરંજિત વળાંક લીધો છે. રાજધાની તેહરાન સહિત દેશના અનેક ભાગોમાં દેખાવકારો પર સુરક્ષા દળો દ્વારા કરવામાં આવેલા નિર્મમ ગોળીબારમાં સેંકડો લોકોએ જીવ ગુમાવ્યા હોવાના સનસનીખેજ અહેવાલો પ્રાપ્ત થઈ રહ્યા છે. એક સ્થાનિક તબીબ દ્વારા કરવામાં આવેલા ચોંકાવનારા ખુલાસા મુજબ, માત્ર તેહરાનની મુખ્ય હોસ્પિટલોમાં જ મૃત્યુનો આંકડો ૨૦૦ થી વધુને વટાવી ગયો છે. આ ઘટનાએ વૈશ્વિક સ્તરે માનવાધિકારોના ઉલ્લંઘન અંગે ગંભીર ચિંતા જન્માવી છે.



#### હોસ્પિટલના સૂત્રો દ્વારા લોહી થીજવી દેતો દાવો

તેહરાનની છ પ્રમુખ હોસ્પિટલોમાં કાર્યરત એક વરિષ્ઠ તબીબે પોતાની ઓળખ ગુપ્ત રાખવાની શરતે જણાવ્યું છે કે, અત્યાર સુધીમાં ઓછામાં ઓછા ૨૧૭ પ્રદર્શનકારીઓના મૃતદેહો નોંધાયા છે. આ ડૉક્ટરના જણાવ્યા મુજબ, હોસ્પિટલોમાં લાવવામાં આવેલા મોટાભાગના મૃતકોના શરીર પર ગોળીઓના નિશાન હતા, જે સ્પષ્ટ કરે છે કે સુરક્ષા દળોએ ભીડ પર સીધું જ ફાયરિંગ કર્યું હતું. શુક્રવારના રોજ હોસ્પિટલોમાંથી મૃતદેહો ખસેડવાની કામગીરી દરમિયાન અત્યંત કરુણ દ્રશ્યો સર્જાયા હતા. સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે કે મૃત્યુ પામનારાઓમાં સૌથી વધુ સંખ્યા યુવાનોની છે, જેઓ ઉજ્જવળ ભવિષ્ય અને આઝાદીની આશા સાથે રસ્તા પર ઉતર્યા હતા.

#### સરકારી દમન અને મશીનગનનો કહેર

અત્યાર સુધીની પરિસ્થિતિ જોતા જણાય છે કે ઉત્તરી તેહરાનમાં સ્થિતિ સૌથી વધુ સ્ફોટક છે. સ્થાનિક પોલીસ સ્ટેશનની બહાર એકત્ર થયેલા દેખાવકારો પર મશીનગનથી અંધાધૂંધ ગોળીબાર કરવામાં આવ્યો હોવાના અહેવાલો છે. પ્રદર્શનકારીઓ દ્વારા 'આઝાદી' અને 'તાનાશાહ મુર્દાબાદ' ના નારા લગાવવામાં આવી રહ્યા હતા, જેના જવાબમાં સુરક્ષા દળોએ બળપ્રયોગ કર્યો હતો.

#### ડોનાલ્ડ ટ્રમ્પની ઈરાનને ચેતવણીથી વિશ્વભરમાં ભારે ખળભળાટ

વોશિંગ્ટન | વિશ્વના સૌથી શક્તિશાળી રાષ્ટ્રના વડા ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાની શાસન વિરુદ્ધ અત્યાર સુધીનું સૌથી આક્રમક વલણ અપનાવ્યું છે. ઈરાનમાં ભભૂકી ઉઠેલા પ્રચંડ જનઆક્રોશ અને હિંસક અથડામણો વચ્ચે વ્હાઈટ હાઉસથી સીધો સંદેશ આપવામાં આવ્યો છે કે જો ઈરાન પોતાના જ નાગરિકો પર દમન ગુજારશે, તો અમેરિકા મૂકપ્રેક્ષક બનીને જોશે નહીં. ટ્રમ્પે સ્પષ્ટ કર્યું છે કે તેઓ ઈરાનના એવા મર્મસ્થળો પર પ્રહાર કરશે જ્યાં સૌથી વધુ આર્થિક અને સામરિક નુકસાન થાય. તમે ગોળીબાર કરશો તો અમે પણ કરીશું ઉર્જા ક્ષેત્રના ઉચ્ચ અધિકારીઓ સાથેની મહત્વની બેઠક બાદ ટ્રમ્પે મીડિયા સમક્ષ રણનીતિ સ્પષ્ટ કરી હતી. તેમણે જણાવ્યું કે ઈરાનના અનેક શહેરો પર અત્યારે દેખાવકારોએ કબજો જમાવી લીધો છે. મીડિયા અહેવાલ મુજબ, અમેરિકી પ્રમુખે ચેતવણી આપી છે કે ઈરાની નેતાઓએ જનતા પર ગોળીબાર કરવાનું ટાળવું જોઈએ, અન્યથા અમેરિકા તેના આધુનિક શસ્ત્રો વડે ઈરાનને પાયમાલ કરી દેશે. આ હુમલો સૈનિકો ઉતારવા પૂરતો મર્યાદિત નહીં રહે, પરંતુ સીધો ઘાતક પ્રહાર હશે. ઈરાનની રાજધાની તેહરાન સહિત મશહદ અને ઈસ્ફહાનમાં સ્થિતિ કાબૂ બહાર ગઈ છે.

#### ઈરાનમાં ઈસ્લામિક શાસન વિરુદ્ધ બળવો હવે રણમેદાન બન્યો

ઈરાનની ધરતી પર અત્યારે ઈતિહાસનું સૌથી મોટું જનઆંદોલન સત્તાના પાયા હચમચાવી રહ્યું છે. નિર્વાસિત ક્રાઉન પ્રિન્સ રઝા પહલવી દ્વારા કરવામાં આવેલી 'અંતિમ લડાઈ'ની હાકલ બાદ લાખોની મેદની રસ્તા પર ઉતરી આવી છે. આ દેખાવો એટલા હિંસક બન્યા છે કે અત્યાર સુધીમાં ૬૦ નિર્દોષ નાગરિકોના મોત થયા હોવાના અહેવાલ છે. સ્થિતિને કાબૂમાં લેવા અને વિશ્વથી સંપર્ક કાપવા માટે શાસન દ્વારા સમગ્ર દેશમાં ઈન્ટરનેટ, આંતરરાષ્ટ્રીય કોલિંગ અને એરસ્પેસ પર મધરાતથી પ્રતિબંધ લાદી દેવામાં આવ્યો છે. તાનાશાહ મુર્દાબાદના નારાથી ગુંજ્યું ઈરાન બાર દિવસથી ચાલી રહેલો આ જનઆક્રોશ ગુરુવારે રાત્રે પરાકાષ્ઠાએ પહોંચ્યો હતો. તેહરાનના રસ્તાઓ પર 'મુલ્લાઓ દેશ છોડો' અને 'પહલવી પાછા ફરો'ના ગુંજતા નારાઓએ સુરક્ષા દળોને પણ બેકફૂટ પર લાવી દીધા છે. મીડિયા અહેવાલ મુજબ, ૨,૨૬૦થી વધુ લોકોની ધરપકડ કરવામાં આવી છે. એક હૃદયદ્રાવક ઘટનામાં, લોહીલુહાણ હાલતમાં પણ એક ૬૧ વર્ષીય મહિલા કાર્યકર્તાએ ગર્જના કરી હતી કે, "હું મોતથી ડરતી નથી, ઈસ્લામિક શાસને ૪૭ વર્ષ પહેલા જ અમારા અધિકારો છીનવીને અમને મારી નાખ્યા છે."

### નાટો સંગઠન તૂટવાની આશંકા પ્રબળ બની

# ડેન્માર્કની ટ્રમ્પને ધમકી પહેલા ગોળી ચાલશે પછી પૂછપરછ

(એજન્સી) કોપન હેગન । તા. 10

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ગ્રીનલેન્ડને બળપૂર્વક કબજે કરવાની ચીમકી બાદ ડેન્માર્કનાં વડાપ્રધાન મેટ્રે ફ્રેડ્રીકસને અત્યંત આક્રમક વલણ અપનાવ્યું છે. ડેનીશ વડાપ્રધાને ટ્રમ્પને સામી ધમકી આપતા સ્પષ્ટ કર્યું છે કે, જો ગ્રીનલેન્ડની સ્વાયત્તતા પર કોઈ પણ આંચ આવશે તો તેનો કટ્ટર સામનો કરવામાં આવશે. તેમણે શીત યુદ્ધના સમયની રણનીતિને યાદ કરતા જણાવ્યું કે, "અમે પહેલા ગોળી છોડીશું અને પછી જ પ્રશ્નો પૂછીશું." આ નિવેદનથી વૈશ્વિક રાજનીતિમાં ગરમાવો આવી ગયો છે.

વાઈકીંગ રક્ત અને નાટોમાં ભંગાણના સંકેત ડેન્માર્કના વડાપ્રધાનના આ 'રણચંડી' અવતાર પાછળ તેમનું મૂળ વાઈકીંગ લોહી ઉકળી ઉઠ્યું હોવાનું વિશ્લેષકો માની રહ્યા છે. મીડિયા અહેવાલ મુજબ, ૧૯૫૨માં રશિયન આક્રમણ સામે અપનાવવામાં આવેલી "શૂટ-ફર્સ્ટ" પોલિસીનો ફરી ઉલ્લેખ થતા પશ્ચિમી દેશોના સંગઠન નાટોમાં



મોટું ભંગાણ પડવાની સંભાવના છે. યુરોપીય દેશોએ પણ ડેન્માર્કને સમર્થન આપી અમેરિકા સામે બાંયો ચઢાવી છે, જેનાથી દાયકાઓ જૂના સંબંધો જોખમમાં મુકાયા છે.

અમેરિકાની સંરક્ષણ રેખા અને ગ્રીનલેન્ડ બીજી તરફ, અમેરિકી ઉપપ્રમુખ જે.ડી. વાન્સે ટ્રમ્પના નિર્ણયનો બચાવ કરતા કહ્યું છે કે ગ્રીનલેન્ડ અમેરિકાની સંરક્ષણ રેખા માટે અનિવાર્ય છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, રશિયા અને ચીનના વધતા પ્રભાવને રોકવા માટે ગ્રીનલેન્ડ પર અમેરિકાનો સીધો કબજો હોવો જરૂરી હોવાનું વ્હાઈટ હાઉસ માની રહ્યું છે. હાલ ડેન્માર્ક અને ગ્રીનલેન્ડના પ્રતિનિધિઓ અમેરિકી કોંગ્રેસના નેતાઓ સાથે મંત્રણા કરી રહ્યા છે, પરંતુ વડાપ્રધાનના કડક વલણે યુદ્ધની ભીતિ જન્માવી છે.

# તાઈવાન પર ટ્રમ્પનું નિવેદનથી ચીન આક્રમક બનવાની દહેશત

(એજન્સી) વોશિંગ્ટન/બેઈજિંગ । તા. 10

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના એક આંચકાજનક નિવેદને સમગ્ર વિશ્વમાં તાઈવાનના અસ્તિત્વ સામે સવાલો ઉભા કરી દીધા છે. વેનેઝુએલા પરના હુમલા બાદ હવે તાઈવાનનો વારો હોવાની આશંકાઓ વચ્ચે ટ્રમ્પે સ્પષ્ટ કર્યું છે કે તાઈવાન અંગેનો અંતિમ નિર્ણય શી જિનપિંગ પર નિર્ભર છે. આંતરરાષ્ટ્રીય કાયદાઓને નજરઅંદાજ કરતા ટ્રમ્પે કહ્યું કે, "મને માત્ર મારું મગજ જ રોકી શકે છે." આ નિવેદન બાદ નિષ્ણાતો માની રહ્યા છે કે અમેરિકાએ પરોક્ષ રીતે ચીનને તાઈવાન પર કબજો કરવા માટે છૂટો દોર આપી દીધો છે.

જિનપિંગની ઈચ્છા સર્વોપરી: ટ્રમ્પ એક મહત્વપૂર્ણ મુલાકાતમાં ટ્રમ્પે જણાવ્યું કે ચીન તાઈવાનને પોતાનો હિસ્સો માને છે અને તે દિશામાં શું કરવું તે જિનપિંગે નક્કી કરવાનું છે. જોકે, તેમણે આશા વ્યક્ત કરી હતી કે તેમના



શાસનકાળ દરમિયાન ચીન કોઈ હિંસક નિર્ણય નહીં લે. બીજી તરફ, મીડિયા અહેવાલ મુજબ, ચીનના રાજદૂત લિયુ પેંગ્યુએ પુનરોચ્ચાર કર્યો છે કે તાઈવાન એ ચીનનો આંતરિક મુદ્દો છે. અમેરિકાએ અત્યાર સુધી તાઈવાનને સત્તાવાર માન્યતા આપી નથી, પરંતુ શસ્ત્રોની મદદ ચાલુ રાખી હતી, જે હવે જોખમમાં જણાય છે.

સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ, ચીન અને તાઈવાન વચ્ચેનો વિવાદ ૧૯૪૯ના ગૃહયુદ્ધથી ચાલી રહ્યો છે. જ્યારે માઓ ઝેડોંગની કોમ્યુનિસ્ટ પાર્ટીએ ચીન પર કબજો કર્યો.

### પાકિસ્તાન યુવા લેપટોપ યોજનામાં વિલંબ થી વિદ્યાર્થીઓ બેહાલ

ઈસ્લામાબાદ | પાકિસ્તાનના શિક્ષણ ક્ષેત્રે એક મોટો આંચકો લાગ્યો છે. પ્રધાનમંત્રી યુવા લેપટોપ યોજનાના ચોથા તબક્કામાં થયેલા અસાધારણ વિલંબને કારણે હજારો તેજસ્વી વિદ્યાર્થીઓ આધુનિક શિક્ષણના સાધનોથી વંચિત રહી ગયા છે. સત્તાવાર દસ્તાવેજો અને મીડિયા અહેવાલ મુજબ, આ યોજના જૂન ૨૦૨૫ સુધીમાં પૂર્ણ થવાની હતી, પરંતુ હવે તેની મુદત વધારીને જૂન ૨૦૨૬ કરવામાં આવી છે. નબળું આયોજન અને સમય મર્યાદાનું પાલન ન કરવાને કારણે આ મહત્વકાંક્ષી પ્રોજેક્ટ અત્યારે અધ્ધરતાલ છે. આ યોજનામાં વિલંબનું સૌથી મુખ્ય કારણ પાકિસ્તાનની આર્થિક કંગાળીયત છે. સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે કે લેપટોપની ખરીદી માટે અંદાજે ૧૨.૫ મિલિયન અમેરિકી ડોલરની જરૂર હતી, પરંતુ સરકાર વિદેશી હૂંડિયામણની વ્યવસ્થા કરવામાં નિષ્ફળ રહી છે.

# પેરિસમાં બાબાસાહેબના આદર્શો ગુંજ્યા વિદેશ મંત્રીની પેરિસમાં આંબેડકરને શ્રદ્ધાંજલિ

### યુનેસ્કોના મહાનિર્દેશક ખાલિદ અલ-ઈનાની સાથે મહત્વપૂર્ણ બેઠક

(એજન્સી) પેરિસ (ફ્રાન્સ) । તા. 10

વિદેશ મંત્રી એસ. જયશંકરે શુક્રવારે પેરિસ સ્થિત યુનેસ્કો (UNESCO) મુખ્યાલયની મુલાકાત લીધી હતી, જ્યાં તેમણે ભારતીય બંધારણના ઘડવૈયા ડૉ. ભીમરાવ આંબેડકરને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. આ મુલાકાત દરમિયાન તેમણે બાબાસાહેબના સામાજિક ન્યાય અને સમાવેશીતાના આદર્શોને માનવતા માટે પથદર્શક ગણાવ્યા હતા. વૈશ્વિક મંચ પર ભારતની સાંસ્કૃતિક અને શૈક્ષણિક છાપને વધુ મજબૂત કરવાના હેતુથી આ મુલાકાત અત્યંત મહત્વપૂર્ણ માનવામાં આવે છે.

યુનેસ્કો અને ભારત વચ્ચેના સંબંધો વધુ ગાઢ બનશે એસ. જયશંકરે યુનેસ્કોના નવનિર્વાચિત મહાનિર્દેશક ખાલિદ અલ-ઈનાની સાથે દ્વિપક્ષીય મંત્રણા કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, "બહુપક્ષીય વિશ્વ સ્વાભાવિક રીતે જ બહુભાષી અને બહુસાંસ્કૃતિક હોય છે." ભારતે યુનેસ્કો સાથે સંસ્કૃતિ, શિક્ષણ અને વિશ્વ ધરોહરના સંરક્ષણ માટે વધુ સક્રિય રીતે કામ કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, ભારતે આગામી વર્ષોમાં વૈશ્વિક સ્તરે શૈક્ષણિક સુધારા અને વિરાસત જાળવણીમાં અગ્રણી ભૂમિકા ભજવવાનો સંકલ્પ કર્યો છે.

આ મુલાકાત દરમિયાન વિદેશ મંત્રીએ ભારત-ફ્રાન્સ સંસદીય મિત્રતા જૂથના સભ્યો સાથે પણ મુલાકાત કરી હતી અને સમકાલીન વૈશ્વિક વિકાસ પર ચર્ચા કરી હતી. અગાઉ તેમણે ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન સાથે પણ બેઠક કરી હતી અને વડાપ્રધાન મોદીની શુભેચ્છાઓ પાઠવી હતી.

**ઓફર** વેનેઝુએલા તેલ નિકાસ સમાચાર પાયમાલીમાં કમાણી, અમેરિકા રશિયા ચીન તેલ વેપાર નવી રણનીતિ

# ડોનાલ્ડ ટ્રમ્પ ઓઈલ ઓફર ચીન રશિયાને ખુલ્લું આમંત્રણ

(એજન્સી) વોશિંગ્ટન । તા. 10

વૈશ્વિક રાજનીતિના પટલ પર અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ફરી એકવાર એવો દાવ ખેલ્યો છે કે આખી દુનિયા અચંબિત થઈ ગઈ છે. વેનેઝુએલામાં સત્તાપલટો અને નિકોલસ માદુરોની ધરપકડ બાદ, હવે ટ્રમ્પે આ દક્ષિણ અમેરિકી દેશના અખૂટ તેલ ભંડાર પર પોતાનું વર્ચસ્વ સ્થાપિત કરવાની સત્તાવાર જાહેરાત કરી છે. શુક્રવારે તેલ ઉદ્યોગના માંધાતાઓ સાથેની ઉચ્ચસ્તરીય બેઠક બાદ ટ્રમ્પે ચીન અને રશિયાને "જેટલું જોઈએ એટલું તેલ" આપવાની ખુલ્લી ઓફર કરીને નવા ભૂ-રાજકીય સમીકરણોના સંકેત આપ્યા છે.

અત્યાર સુધીની પરિસ્થિતિ મુજબ, ટ્રમ્પે સ્પષ્ટ કર્યું છે કે વેનેઝુએલાનું ૫ કરોડ બેરલ ક્રૂડ ઓઈલ હવે અમેરિકાના સીધા નિયંત્રણમાં છે. વ્હાઈટ હાઉસમાં યોજાયેલી આ બેઠકમાં ટ્રમ્પે ગર્જના કરતા કહ્યું કે, "અમે બિઝનેસ માટે તૈયાર છીએ. ચીન અને રશિયા અમારી પાસેથી તેમની જરૂરિયાત મુજબનું તમામ તેલ ખરીદી શકે છે." મીડિયા અહેવાલ મુજબ, અમેરિકાએ



વેનેઝુએલાના તેલના રિફાઈનિંગ અને વેચાણ માટેનો સંપૂર્ણ રોડમેપ તૈયાર કરી લીધો છે. આ તેલ અમેરિકાના ગલ્ફ કોસ્ટ વિસ્તારમાં રિફાઈન કરવામાં આવશે અને ત્યારબાદ વિશ્વબજારમાં મુકવામાં આવશે.

જાણો સમગ્ર ઘટનાક્રમમાં સૌથી વધુ ચોંકાવનારી બાબત એ છે કે, જે રશિયા પર ટ્રમ્પ યુક્રેન યુદ્ધને લઈને પ્રતિબંધોની હિમાયત કરતા હતા, આજે તે જ રશિયાને તેલ વેચવાની વાત કરી રહ્યા છે. અગાઉ ટ્રમ્પે દાવો કર્યો હતો કે જો રશિયા પાસેથી તેલ ખરીદવાનું બંધ કરી દેવામાં આવે તો યુદ્ધ અટકી શકે છે. જોકે, હવે વેનેઝુએલાના તેલ પર કબજો જમાવ્યા બાદ ટ્રમ્પના સૂર બદલાયા હોય તેવું લાગે છે. આ વ્યૂહાત્મક પલટો એ વાતનો પુરાવો છે કે ટ્રમ્પ વહીવટીતંત્ર માટે 'અમેરિકા ફર્સ્ટ'ની નીતિમાં આર્થિક હિતો સર્વોપરી છે.

સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ટ્રમ્પે વેનેઝુએલામાં કરવામાં આવેલા સૈન્ય ઓપરેશન અને માદુરોની ધરપકડ પાછળનું અસલી કારણ તેલ હોવાનું સ્વીકારી લીધું છે. તેમણે તેલ કંપનીઓના અધિકારીઓને સંબોધતા કહ્યું કે, "જો અમે આ પગલું ન ભર્યું હોત, તો ચીન અને રશિયા ત્યાં પહોંચી ગયા હોત." ટ્રમ્પના આ નિવેદનથી સ્પષ્ટ થાય છે કે અમેરિકા દક્ષિણ ગોળાર્ધમાં ચીન અને રશિયાના વધતા પ્રભાવને રોકવા માટે કોઈપણ હદ સુધી જવા તૈયાર છે. હાલમાં વેનેઝુએલાની વચગાળાની સરકાર સાથે અમેરિકા ૧૦૦ અબજ ડોલરના રોકાણની યોજના પર કામ કરી રહ્યું છે.

# ઈરાનમાં લોહીયાળ ક્રાંતિના ૧૩ દિવસ અને સત્તા પલટાનો જંગ

(એજન્સી) તેહરાન । તા. 10

ઈરાનમાં ઈસ્લામિક શાસન વિરુદ્ધ શરૂ થયેલો જનઆક્રોશ આજે ૧૩મા દિવસે અત્યંત ભયાનક અને લોહીયાળ તબક્કામાં પ્રવેશ્યો છે. મોંઘવારી વિરુદ્ધ શરૂ થયેલું આ આંદોલન હવે ૧૯૭૯ની ક્રાંતિ બાદ સ્થાપિત થયેલા વર્તમાન શાસનને ઉથલાવી દેવાના મક્કમ નિર્ધારમાં ફેરવાઈ ગયું છે. દેશભરમાં ઈન્ટરનેટ સંપૂર્ણપણે ઠપ્પ હોવા છતાં, તેહરાન સહિતના ૩૧ પ્રાંતોમાં લાખો લોકો રસ્તા પર ઉતરી આવ્યા છે. સુરક્ષા દળો દ્વારા કરવામાં આવેલા અંધાધૂંધ ગોળીબારમાં સેંકડો લોકોના મોત થયાની આશંકા છે.

બ્લેકઆઉટની આડમાં નરસંહારનો ખતરો સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ઈરાની નોબેલ વિજેતા શિરીન ઈબાદીએ ચેતવણી આપી છે કે શાસન ડિજિટલ અંધારપટનો ઉપયોગ કરીને મોટા પાયે નરસંહારની તૈયારી કરી રહ્યું છે. તેહરાનની હોસ્પિટલોમાં દાખલ કરવામાં આવેલા સેંકડો લોકોની આંખો સુરક્ષા દળોના પેલેટ ગન ફાયરિંગમાં છીનવાઈ ગઈ છે. મીડિયા અહેવાલ મુજબ, માત્ર તેહરાનની છ હોસ્પિટલોમાં જ ૨૧૭ દેખાવકારોના મોત નોંધાયા છે, જેમાંથી મોટાભાગનાના મોત સીધા ગોળીબારથી થયા છે. ઈલોન મસ્કની 'સ્ટારલિંક' સેવા આ સંઘર્ષમાં ક્રાંતિકારીઓ માટે જીવાદોરી સાબિત થઈ રહી છે.

ટ્રમ્પની ચેતવણી અને પહલવીનો આખરી લલકાર નિર્વાસિત ક્રાઉન પ્રિન્સ રઝા પહલવીએ વિદેશમાં વસતા ઈરાનીઓને એક થઈને શાસન પર 'આખરી પ્રહાર' કરવા હાકલ કરી છે. બીજી તરફ, અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કડક શબ્દોમાં જણાવ્યું છે કે જો નિર્દોષ નાગરિકોની હત્યા ચાલુ રહેશે, તો અમેરિકા શાંત બેસશે નહીં અને ઈરાનના મર્મસ્થળો પર ઘાતક હુમલો કરશે.

### ભારત રત્નની માંગ બાદ જેડીયુએ કેસી ત્યાગી સાથેના તમામ સંબંધો નકાર્યા

# નીતિશ કુમાર માટે ભારત રત્નની માંગ કરનારા કેસી ત્યાગીની જેડીયુમાંથી 'છુટ્ટી'

(એજન્સી) નવી દિલ્હી | તા.10

બિહારના રાજકારણમાં અને ખાસ કરીને જનતા દળ (યુનાઈટેડ) માં ફરી એકવાર મોટો ઉલટફેર જોવા મળ્યો છે. જેડીયુના વરિષ્ઠ નેતા અને લાંબા સમય સુધી પાર્ટીનો ચહેરો રહેલા કેસી ત્યાગી સાથે પાર્ટીએ હવે તમામ સંબંધો તોડી નાખ્યા હોવાના અહેવાલો વહેતા થયા છે. આ વિવાદ ત્યારે વકર્યો જ્યારે કેસી ત્યાગીએ બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારને 'ભારત રત્ન' આપવાની માંગ કરતો પત્ર વડાપ્રધાન નરેન્દ્ર મોદીને લખ્યો હતો. જેડીયુના સત્તાવાર પ્રવક્તા રાજીવ રંજને સ્પષ્ટ કર્યું છે કે ત્યાગીના નિવેદન સાથે પાર્ટીને કોઈ લેવાદેવા નથી અને તેઓ હવે જેડીયુના અધિકૃત અવાજ રહ્યા નથી.



તાજેતરમાં કેસી ત્યાગીએ વડાપ્રધાન મોદીને પત્ર લખીને માંગ કરી હતી કે નીતિશ કુમાર સમાજવાદી આંદોલનના 'અનમોલ રત્ન' છે અને તેમને ભારત રત્નથી સનમાનિત કરવા જોઈએ. જોકે, જેડીયુ નેતૃત્વ આ માંગથી ખુશ જણાતું નથી. પાર્ટીના સૂત્રો મુજબ, નીતિશ કુમાર પોતે પ્રસિદ્ધિથી દૂર રહેવા માંગે છે અને આવી માંગણીઓથી એનડીએ (NDA) ગઠબંધનમાં અસમંજસની સ્થિતિ પેદા થાય છે. રાજીવ રંજને જણાવ્યું હતું કે, "ત્યાગી પાર્ટીમાં છે કે નહીં તે હવે કાર્યકર્તાઓને પણ ખબર નથી, તેમનું નિવેદન સંપૂર્ણપણે તેમનો અંગત અભિપ્રાય છે."

કેસી ત્યાગી છેલ્લા કેટલાક સમયથી તેમના નિવેદનોને કારણે પાર્ટી લાઇનથી અલગ ચાલતા હોવાનું ચર્ચાઈ રહ્યું હતું. અગાઉ તેમણે ઇઝરાયેલ-પેલેસ્ટાઇન વિવાદ અને આઈપીએલ (IPL) માં બાંગ્લાદેશી ખેલાડી મુસ્તફિઝુર રહેમાનના મુદ્દે આપેલા નિવેદનોથી જેડીયુ અને ભાજપ વચ્ચે ખટરાગ પેદા થયો હતો. રાજકીય વિશ્લેષકોના મતે, ભારત રત્નની માંગ કરીને ત્યાગી નીતિશ કુમારની નજીક આવવા અને જૂના વિવાદો પર 'ડેમેજ કંટ્રોલ' કરવા માંગતા હતા, પરંતુ આ દાવ તેમના પર જ ઉલટો પડ્યો છે.

પાર્ટી પ્રવક્તા રાજીવ રંજને મીડિયા સમક્ષ આકરું વલણ અપનાવતા કહ્યું કે, જેડીયુ હવે કેસી ત્યાગીની નીતિઓ કે નિર્ણયોનું પ્રતિનિધિત્વ કરતી નથી. સપ્ટેમ્બર ૨૦૨૪માં તેમણે પ્રવક્તા પદેથી રાજીનામું આપ્યું હતું, ત્યારથી જ તેમના અને પાર્ટી વચ્ચે અંતર વધ્યું હતું. હાલમાં જેડીયુ ૨૦૨૫-૨૬ની બિહાર વિધાનસભા ચૂંટણીઓ પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે અને આવા બિનજરૂરી વિવાદોથી બચવા માંગે છે. પાર્ટીએ સ્પષ્ટ સંકેત આપ્યો છે કે કેસી ત્યાગીનો પાર્ટીમાં અધ્યાય હવે કાયમ માટે સમાપ્ત થઈ ગયો છે.કેસી ત્યાગી એક અનુભવી નેતા છે અને સમાજવાદી વિચારધારા ધરાવે છે. જેડીયુ દ્વારા તેમને પડતા મુકાયા બાદ હવે તેઓ કઈ દિશામાં જશે તે જોવું રસપ્રદ રહેશે. શું તેઓ વિપક્ષી ગઠબંધન તરફ ઝુકાવ ધરાવશે કે પછી અપક્ષ તરીકે કાર્યરત રહેશે? જોકે, જેડીયુએ તેમનાથી અંતર બનાવીને ભાજપ સાથેના સંબંધોમાં કોઈ કડવાશ ન આવે તે સુનિશ્ચિત કર્યું છે. નીતિશ કુમાર માટે ભારત રત્નની માંગ હજુ પણ સોશિયલ મીડિયા પર ચર્ચાનો વિષય છે, પરંતુ સત્તાવાર રીતે જેડીયુ આ રેસમાં ક્યાંય નથી.

## સુપ્રીમ: સરકારી કોલેજમાં ભણ્યા એટલે સરકારી નોકરી મળશે જ એવું જરૂરી નથી

નવી દિલ્હી: સુપ્રીમ કોર્ટે દેશની શૈક્ષણિક અને ભરતી પ્રક્રિયા પર દૂરોગામી અસર પાડતો એક ઐતિહાસિક ચુકાદો આપ્યો છે. જસ્ટિસ રાજેશ બિંદલ અને જસ્ટિસ મનમોહન સિંહની બેન્ચે સ્પષ્ટ કર્યું છે કે માત્ર સરકારી સંસ્થામાંથી ડિગ્રી મેળવવી એ કોઈ પણ ઉમેદવાર માટે સરકારી નોકરી મેળવવાનો ગેરંટીભર્યો અધિકાર નથી. કોર્ટે અલ્હાબાદ હાઈકોર્ટના તે આદેશને રદબાતલ ઠેરવ્યો છે જેમાં ઉત્તર પ્રદેશ સરકારને સરકારી કોલેજમાં તાલીમ લેનારા નર્સિંગ વિદ્યાર્થીઓને સીધી નોકરી આપવા જણાવાયું હતું. સુપ્રીમ કોર્ટના આ અવલોકનથી હવે સ્પષ્ટ થઈ ગયું છે કે સરકારી નોકરી માટે લાયકાત અને નિર્ધારિત સ્પર્ધાત્મક પ્રક્રિયા જ સર્વોપરી રહેશે.ઉત્તર પ્રદેશમાં આયુર્વેદિક નર્સિંગ તાલીમ માટે વર્ષોથી એક પરંપરા ચાલી આવતી હતી. જે મુજબ, સરકારી તાલીમ કેન્દ્રોની મર્યાદિત ૨૦ બેઠકો પર તાલીમ લેનારા તમામ ઉમેદવારોને સીધી સ્ટાફ નર્સ તરીકે નિમણૂક આપી દેવામાં આવતી હતી. જોકે, ૨૦૧૧માં સરકારે નીતિમાં ફેરફાર કરી ખાનગી સંસ્થાઓને પણ આ કોર્સ શરૂ કરવાની મંજૂરી આપી હતી.

## News Brief

### દિલ્હી એરપોર્ટ પર મોટી દુર્ઘટના ટળી: અફઘાન પાયલટે ખોટા રનવે પર વિમાન ઉતાર્યું, AAIB નો ખુલાસો



નવી દિલ્હી:દિલ્હીના ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ગત વર્ષે ૨૩ નવેમ્બરે સર્જાયેલી એક અત્યંત ગંભીર ઉડ્ડયન ઘટના અંગે વિમાન દુર્ઘટના તપાસ બ્યુરો (AAIB) એ પોતાનો પ્રારંભિક અહેવાલ જાહેર કર્યો છે. અફઘાનિસ્તાનની 'એરિયાના અફઘાન એરલાઈન્સ' ની ફ્લાઈટ AFG311 ના પાયલટે કરેલી એક નાની ભૂલ મોટી દુર્ઘટનામાં પરિણમી શકી હોત. રિપોર્ટ અનુસાર, પાયલટે નિર્ધારિત રનવેને બદલે એવા રનવે પર વિમાન ઉતારી દીધું હતું જ્યાંથી તે જ સમયે અન્ય એક વિમાન ટેક-ઓફની તૈયારીમાં હતું. આ ખુલાસાએ એરપોર્ટની સુરક્ષા વ્યવસ્થા અને પાયલટની તાલીમ પર અનેક સવાલો ઉભા કર્યા છે.AAIB ના રિપોર્ટમાં જણાવ્યા મુજબ, જે રનવે (29R) પર પાયલટે વિમાન ઉતાર્યું ત્યાં ઈન્સ્ટ્રુમેન્ટ લેન્ડિંગ સિસ્ટમ (ILS) અને પ્રિસિઝન એપ્રોચ પાથ ઈન્ડિકેટર (PAPI) જેવી જીવનરક્ષક લેન્ડિંગ સિસ્ટમ્સ બંધ હતી. ૨૩ નવેમ્બરની એ સવારે ભારે ધુમ્મસને કારણે વિઝિબિલિટી માત્ર ૧૨૦૦ મીટર હતી. પાયલટે પૂછપરછમાં જણાવ્યું કે લેન્ડિંગના થોડા સમય પહેલા જ ILS સિગ્નલ ગાયબ થઈ ગયા હતા અને સમાંતર રનવે હોવાને કારણે તેઓ ભ્રમિત થઈ ગયા હતા.

### જીપ છે કે ટ્રેન? 10ની ક્ષમતા વાળી ગાડીમાં 100 લોકો સવાર





બાંસવાડા : રાજસ્થાનના બાંસવાડા જિલ્લામાં ટ્રાફિક નિયમોના સરેઆમ ઉલ્લંઘનનો એક કિસ્સો સામે આવ્યો છે. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા એક વીડિયોમાં જોઈ શકાય છે કે, માત્ર 10 લોકોની ક્ષમતા ધરાવતી એક જીપમાં આશરે 90થી 100 જેટલા મુસાફરોને ઘેટા-બકરાની જેમ ભરવામાં આવ્યા છે. આ જીપ રાજસ્થાનથી ગુજરાત તરફ જઈ રહી હતી, ત્યારે કોઈએ તેનો વીડિયો ઉતારી લીધો હતો.વીડિયોમાં જીપની હાલત એવી છે કે, અંદર મુસાફરો એટલી હદે ખીચોખીચ ભરેલા છે કે ડ્રાઈવર પણ માંડ દેખાઈ રહ્યો છે. જીપની છત, બોનેટ અને પાછળના ભાગે નાના બાળકો, મહિલાઓ અને વૃદ્ધો જીવના જોખમે લટકી રહ્યા છે. મજબૂરી હોય કે બેદરકારી, પણ આ પ્રકારની મુસાફરી કોઈ મોટી દુર્ઘટનાને આમંત્રણ આપી રહી હોય તેવું સ્પષ્ટ જણાય છે.આ વીડિયો વાયરલ થયા બાદ સોશિયલ મીડિયા યુઝર્સે રાજસ્થાન અને ગુજરાત પોલીસની કામગીરી પર આકરા પ્રહારો કર્યા છે.

### માનવ-હાથી સંઘર્ષની સૌથી ભયાનક ઘટના
### માત્ર ૯ દિવસમાં 19 લોકોનો શિકાર

બાંસવાડા : રાજસ્થાન અને ગુજરાતની સરહદ પર ટ્રાફિક નિયમોના સરેઆમ ઉલ્લંઘનનો એક એવો વીડિયો સામે આવ્યો છે જે જોઈને તમારી આંખો પહોળી થઈ જશે. રાજસ્થાનના બાંસવાડા જિલ્લામાંથી એક જીપ ગુજરાત તરફ રવાના થઈ હતી, જેમાં તેની ક્ષમતા કરતા ૧૦ ગણા વધુ મુસાફરો ભરેલા હતા. સામાન્ય રીતે ૧૦ થી ૧૨ લોકોની બેઠક વ્યવસ્થા ધરાવતી આ જીપમાં અંદાજે ૯૦ થી ૧૦૦ લોકો સવાર હતા. આ દ્રશ્યો કેમેરામાં કેદ થતા જ સોશિયલ મીડિયા પર વાયરલ થયા છે અને પોલીસ તંત્રની કામગીરી પર ગંભીર સવાલો ઉભા થયા છે.વાયરલ થયેલા વીડિયોમાં જોઈ શકાય છે કે જીપની અંદર તો લોકો ખીચોખીચ ભરેલા છે જ, પરંતુ જીપની છત પર ૨૦ થી ૨૫ લોકો બેઠા છે. આટલું ઓછું હોય તેમ, જીપના બોનેટ પર અને પાછળના ભાગે નાના બાળકો, મહિલાઓ અને વૃદ્ધો જીવના જોખમે લટકી રહ્યા છે. ઝારખંડના પશ્ચિમ સિંહભૂમ જિલ્લામાં એક પાગલ હાથીએ જાણે આખું રાજ્ય હચમચાવી દીધું છે. સામાન્ય રીતે શાંત ગણાતા આ પ્રાણીએ છેલ્લા ૯ દિવસમાં ૧૯ નિર્દોષ ગ્રામીણોને મોતને ઘાટ ઉતારીને 'સીરિયલ કિલર' જેવું સ્વરૂપ ધારણ કર્યું છે. ચાઈબાસાના બેનીસાગર, નોવામુંડી અને હાટગમ્હરિયા જેવા વિસ્તારોમાં અત્યારે હાથીનો એટલો આતંક છે કે લોકો રાત્રે ઊંઘી શકતા નથી. શુક્રવારે જ આ હાથીએ વધુ બે લોકોના જીવ લીધા હતા, જેમાં એક સગીર બાળકનો પણ સમાવેશ થાય છે. સૌથી ભયાનક દ્રશ્ય ત્યારે જોવા મળ્યું જ્યારે હાથી બાળકને કચડી નાખ્યા બાદ કલાકો સુધી તેની લાશ પાસે જ ઉભો રહ્યો હતો.૯ જાન્યુઆરીની રાત બાબાડિયા ગામ માટે કાળી રાત સાબિત થઈ હતી. હાથીએ અહીં સૂઈ રહેલા સનાતન મેરાલના ઘર પર હુમલો કર્યો હતો.

### 27 જાન્યુઆરીએ બેન્કોમાં હડતાળ

## ૫ દિવસના વર્કિંગ ડે માટે કર્મચારીઓ આરપારના જંગમાં

નવી દિલ્હી:બેન્ક કર્મચારીઓ અને કેન્દ્ર સરકાર વચ્ચે પાંચ દિવસના કાર્યસપ્તાહ (5-Day Work Week) મુદ્દે ચાલી રહેલો ગજગ્રાહ હવે નિર્ણાયક વળાંક પર પહોંચ્યો છે. છેલ્લા એક દાયકાથી ચાલી રહેલી માગણી છતાં કેન્દ્ર સરકારના મૌનથી રોષે ભરાયેલા બેન્ક કર્મચારીઓએ આગામી ૨૭ જાન્યુઆરીએ રાષ્ટ્રવ્યાપી હડતાળનું એલાન આપ્યું છે. આ હડતાળને કારણે દેશભરની જાહેર અને ખાનગી ક્ષેત્રની બેન્કોમાં કામકાજ ખોરવાઈ શકે છે. જોકે બેન્ક મેનેજમેન્ટ (IBA) આ પ્રસ્તાવ પર અગાઉ સહમતી દર્શાવી ચૂક્યું છે, પરંતુ અંતિમ મંજૂરીમાં સરકાર વિલંબ કરી રહી હોવાનો કર્મચારી સંગઠનોનો આક્ષેપ છે.

ઓલ ઈન્ડિયા બેન્ક એમ્પ્લોયી એસોસિયેશન (AIBEA) ના જણાવ્યા અનુસાર, કર્મચારીઓ તમામ શનિવારે રજાના બદલામાં બાકીના પાંચ દિવસ દરમિયાન દરરોજ ૪૦ મિનિટ વધુ કામ કરવા તૈયાર છે. ટેકનોલોજી અને ડિજિટલ બેન્કિંગના ફેલાવાને કારણે હવે બેન્ક શાખાની પ્રત્યક્ષ મુલાકાત લેતા




ગ્રાહકોની સંખ્યામાં ૭૦ ટકાનો ઘટાડો થયો છે. આ સ્થિતિમાં, આઈટી ક્ષેત્ર અને કેન્દ્ર સરકારના અન્ય વિભાગોની જેમ બેન્કિંગમાં પણ પાંચ દિવસનું કાર્યસપ્તાહ વ્યવહારુ અને અનિવાર્ય હોવાનું એસોસિયેશનનું માનવું છે.

બેન્ક કર્મચારીઓનું કહેવું છે કે સરકારની ૩૦ જેટલી કલ્યાણકારી યોજનાઓના નાણાં (DBT) સીધા ખાતામાં જમા થવાને કારણે વહીવટી કામગીરીમાં જંગી વધારો થયો છે. ડિજિટલ સાક્ષરતાના અભાવે નાના ખાતેદારોને પાસબુક એન્ટ્રીથી માંડીને ફોર્મ ભરવા સુધીની મદદ કર્મચારીઓએ કરવી પડે છે. તેની સામે બેન્કોમાં નવા સ્ટાફની ભરતી નહિવત હોવાથી કામનું ભારણ અને માનસિક તણાવ સતત વધી રહ્યો છે.

### મહારાષ્ટ્રમાં સત્તા અને કાયદાના દુરુપયોગનો સૌથી મોટો પર્દાફાશ

## રશ્મિ શુક્લાનો વિસ્ફોટક રિપોર્ટ: ફડણવીસ અને શિંદેને ફસાવવા રચાયું હતું મોટું ષડયંત્ર

મુંબઈ: મહારાષ્ટ્રના રાજકારણ અને પોલીસ તંત્રમાં શનિવારે સવારે ભારે ખળભળાટ મચી ગયો છે. નિવૃત્ત થઈ રહેલા પોલીસ મહાનિર્દેશક (DGP) રશ્મિ શુક્લાએ રાજ્યના ગૃહ વિભાગને એક અત્યંત સંવેદનશીલ અને વિસ્ફોટક રિપોર્ટ સોંપ્યો છે. આ રિપોર્ટમાં આરોપ લગાવવામાં આવ્યો છે કે ૨૦૨૧માં તત્કાલીન DGP સંજય પાંડેએ રાજકીય બદલો લેવા માટે તે સમયના વિપક્ષી નેતા દેવેન્દ્ર ફડણવીસ અને વર્તમાન મુખ્યમંત્રી એકનાથ શિંદેને ૧૬૦ કરોડના શહેરી જમીન ટોચ મર્યાદા (ULC) કૌભાંડમાં ખોટી રીતે ફસાવવા અને તેમની ધરપકડ કરાવવા માટે કાવતરું ઘડ્યું હતું.

રશ્મિ શુક્લાના રિપોર્ટ મુજબ, સંજય પાંડેએ થાણેના તત્કાલીન ડીસીપી લક્ષ્મીકાંત પાટિલ અને એસીપી સરદાર પાટિલને સ્પષ્ટ નિર્દેશ આપ્યા હતા કે ૨૦૧૬ના જૂના ULC કેસમાં દેવેન્દ્ર ફડણવીસ અને એકનાથ શિંદેને આરોપી તરીકે દર્શાવવામાં આવે. આરોપ છે કે પાંડેએ એવું સાબિત કરવા દબાણ કર્યું હતું કે આ બંને નેતાઓએ બિલ્ડરો પાસેથી ગેરકાયદે નાણાં પડાવ્યા છે. આ માટે આરોપી સંજય પુનામિયા અને સુનીલ જૈન પર પણ ફડણવીસનું નામ લેવા માટે પોલીસ કસ્ટડીમાં માનસિક ટોર્ચર કરવામાં આવ્યું હોવાનો ખુલાસો થયો છે. આ ષડયંત્રનો પર્દાફાશ કરવા માટે એક ઓડિયો ક્લિપ મુખ્ય પુરાવા તરીકે રજૂ કરવામાં આવી છે. આરોપી સંજય



પુનામિયાએ તપાસ એજન્સીઓને આ રેકોર્ડિંગ સોંપ્યું છે, જેમાં કથિત રીતે સંજય પાંડે અને અન્ય પોલીસ અધિકારીઓ વચ્ચે ફડણવીસને ફસાવવા અંગેની વાતચીત છે. રિપોર્ટમાં જણાવાયું છે કે ડીસીપી લક્ષ્મીકાંત પાટિલે તો ત્યાં સુધી ધમકી આપી હતી કે, "હું ફડણવીસ અને શિંદેને પકડીને તારી બાજુમાં બેસાડીશ." આ પ્રકારની પૂછપરછ સીધી રીતે સત્તાના દુરુપયોગ તરફ નિર્દેશ કરે છે.મહારાષ્ટ્રમાં ૧૯૭૬ના શહેરી જમીન ટોચ મર્યાદા કાયદા હેઠળ સરકાર વધારાની જમીન હસ્તગત કરતી હતી. ૨૦૧૬માં એવો આક્ષેપ થયો હતો કે અનેક બિલ્ડરોએ સરકારી અધિકારીઓ સાથે મળીને ખોટા દસ્તાવેજો બનાવી જમીન સરકારને સોંપવાનું ટાળ્યું હતું. બોમ્બે હાઈકોર્ટે તેને રાજ્યના સૌથી મોટા જમીન કૌભાંડોમાંનું એક ગણાવ્યું હતું.

### જયપુરમાં નશામાં ધૂત ઓડી ચાલકનો કહેર: ૧૬ લોકોને કચડ્યા, ૧નું મોત

જયપુર: રાજસ્થાનની રાજધાની જયપુરમાં શુક્રવારની રાત એક ભયાનક દુર્ઘટનાની સાક્ષી બની છે. શહેરની પોશ ગણાતી પત્રકાર કોલોનીમાં એક બેફામ ઝડપે આવતી ઓડી કારે રસ્તાની બાજુમાં ઉભેલા ૧૬ લોકોને કચડી નાખતા ભારે અફરાતફરી મચી ગઈ હતી. દારૂના નશામાં હોવાની આશંકા ધરાવતા કાર ચાલકે લારી-ગલ્લા અને અન્ય વાહનોને એવી જોરદાર ટક્કર મારી હતી કે ઘટનાસ્થળે ચીસાચીસ અને લોહીના ખાબોચિયા ભરાઈ ગયા હતા. આ અકસ્માતમાં અત્યાર સુધીમાં એક વ્યક્તિનું મોત નિપજ્યું છે, જ્યારે અનેક લોકો હોસ્પિટલમાં જિંદગી અને મોત વચ્ચે જંગ લડી રહ્યા છે.પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, આ ઘટના રાત્રે ૯:૩૦ વાગ્યે બની હતી. એક તેજ રફ્તાર ઓડી કાર પહેલા રોડ ડિવાઈડર સાથે અથડાઈ હતી અને ત્યારબાદ સંપૂર્ણપણે બેકાબૂ થઈ ગઈ હતી. કારે રસ્તાની બાજુમાં ઉભેલી ૧૨થી વધુ લારીઓને અડફેટે લીધી હતી.

### મુખ્યમંત્રી મમતા બેનર્જી અને ED સામસામે

## કોલકાતામાં દરોડા સ્થળેથી મુખ્યમંત્રી ફાઈલો લઈને નીકળ્યા; હાઈકોર્ટમાં સુનાવણી ટળી

કોલકાતા : પશ્ચિમ બંગાળમાં કેન્દ્રીય તપાસ એજન્સી ED અને મુખ્યમંત્રી મમતા બેનર્જી વચ્ચે ચાલી રહેલી જંગ હવે ચરમસીમાએ પહોંચી છે. દિલ્હીના લિકર કૌભાંડના નાણાં પશ્ચિમ બંગાળમાં ચૂંટણી રણનીતિ સંભાળતી કંપની I-PAC (આઈ-પેક) સુધી પહોંચ્યા હોવાના આક્ષેપ સાથે શરૂ થયેલી તપાસ હવે ન્યાયિક અને રાજકીય લડાઈમાં ફેરવાઈ ગઈ છે.દિલ્હી લિકર કૌભાંડનું બંગાળ કનેક્શન કેન્દ્રીય એજન્સી EDના જણાવ્યા અનુસાર, દિલ્હીના લિકર કૌભાંડના આશરે ૪૫ કરોડ રૂપિયા ગોવામાં આમ આદમી પાર્ટીના ચૂંટણી પ્રચાર માટે વપરાયા હતા, જેનું સંચાલન આઈ-પેક કંપની દ્વારા કરવામાં આવ્યું હતું. આ જ કનેક્શનના આધારે EDએ કોલકાતામાં આઈ-પેકની ઓફિસ પર દરોડા પાડ્યા હતા. જોકે, આ કાર્યવાહી દરમિયાન જ મુખ્યમંત્રી મમતા બેનર્જી પોતે ઓફિસે પહોંચી ગયા હતા અને આરોપ લગાવ્યો હતો કે, "ભાજપ EDનો ઉપયોગ કરીને અમારી પાર્ટીની ચૂંટણી વ્યૂહરચના, ડેટા અને પેનડ્રાઈવ ચોરવા માંગે છે." મમતા બેનર્જી સ્થળ પરથી કેટલીક ફાઈલો અને દસ્તાવેજો લઈને બહાર નીકળી ગયા હતા.હાઈકોર્ટમાં ભારે હંગામો આ મામલો કલકત્તા હાઈકોર્ટ પહોંચ્યો હતો, જ્યાં EDએ દલીલ કરી હતી કે મુખ્યમંત્રીએ તપાસમાં અવરોધ ઊભો કર્યો છે અને મહત્વના પુરાવાઓ લઈ ગયા છે, તેથી આ મામલે CBI તપાસ થવી જોઈએ. જોકે, શુક્રવારે જ્યારે સુનાવણી શરૂ થવાની હતી ત્યારે કોર્ટરૂમમાં TMC સમર્થકો અને વકીલોની ભારે ભીડ એકઠી થઈ હતી. ન્યાયાધીશ શુભ્રા ઘોષે ભીડ જોઈને નારાજગી વ્યક્ત કરી હતી અને પાંચ મિનિટમાં ભીડ ઓછી ન થતા સુનાવણી મુલતવી રાખી હતી.દિલ્હીમાં સાંસદોની અટકાયત બીજી તરફ, આ વિવાદની ગુંજ દિલ્હીમાં પણ સંભળાઈ હતી.

### છત્તીસગઢનાં દંતેવાડામાં 63 નકસલીઓનું આત્મસમર્પણ

દંતેવાડા : દંતેવાડામાં ફરી એક વખત સુરક્ષા દળોને મોટી સફળતા મળી છે. જ્યાં એક સાથે ૬૩ નકસલવાદીઓએ પોલીસની સમક્ષ આત્મસમર્પણ કરી લીધું છે. આ ૬૩ નકસલવાદીઓ પૈકી ૩૬ નકસલવાદીઓ પર કુલ ૧.૧૯ કરોડ રૂપિયાનું ઈનામ રાખવામાં આવ્યું હતું.૧૮ મહિલાઓ સહિત કુલ ૬૩ નકસલવાદીઓએ છત્તીસગઢ પોલીસ અને સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (સીઆરપીએફ)નાં વરિષ્ઠ અધિકારીઓ સમક્ષ આત્મમર્પણ કર્યુ છે.દંતેવાડા સુપ્રિટેન્ડેન્ટ ઓફ પોલીસ ગૌરવ રાયનાં જણાવ્યા અનુસાર 'પૂના માર્ગેમ' પહેલ હેઠળ નકસલવાદીઓએ આત્મસમર્પણ કર્યુ છે. નકસલવાદીઓ રાજ્ય સરકારની આત્મસમર્પણ અને પુનર્વસન નીતિથી પણ પ્રભાવિત થયા છે.રાયનાં જણાવ્યા અનુસાર આ નકસલવાદીઓ દક્ષિણ બસ્તર ડિવિઝન, પશ્ચિમ બસ્તર ડિવિઝન, માડ ડિવિઝન અને ઓડિશાની સરહદે આવેલા વિસ્તારોમાં માં સક્રિય હતા. આત્મસમર્પણ કરનારા સાત નકસલવાદીઓ એવા હતાં જેમના પ્રત્યેકનાં માથે આઠ લાખ રૂપિયાનું ઈનામ હતું. અન્ય સાત નકસલવાદીઓ એવા હતાં.

### વહેલી સવારે લાગેલી આગે પાવસ્કર પરિવારનો ચિરાગ બુઝાવ્યો

## મુંબઈના ગોરેગાંવમાં વહેલી સવારે આગનું તાંડવ: એક જ પરિવારના 3 સભ્યોના મોત

મુંબઈ: માયાનગરી મુંબઈમાં શનિવારની વહેલી સવાર એક પરિવાર માટે કાળમુખી સાબિત થઈ છે. ગોરેગાંવ પશ્ચિમ વિસ્તારમાં આવેલા ભગતસિંહ નગરમાં સવારે ૩ વાગ્યાના સુમારે એક મકાનમાં ભીષણ આગ ફાટી નીકળી હતી. આ કરુણ દુર્ઘટનામાં ગૂંગળામણને કારણે એક જ પરિવારના ત્રણ સભ્યોના કરુણ મોત નિપજ્યા છે. મૃતકોમાં ૪૮ વર્ષીય પિતા અને તેમના બે સંતાનોનો સમાવેશ થાય છે. જ્યારે આખો વિસ્તાર ગાઢ નિદ્રામાં હતો ત્યારે લાગેલી આ આગે મિનિટોમાં જ હસતા-રમતા પરિવારનો ભોગ લીધો હતો.મુંબઈ ફાયર બ્રિગેડને આ ઘટનાની જાણ સવારે ૩:૦૬ વાગ્યે થઈ હતી. પ્રાથમિક તપાસ મુજબ, આગ મકાનના ગ્રાઉન્ડ ફ્લોર અને પ્રથમ માળ પરના ઈલેક્ટ્રિક વાયરોમાં શોર્ટ સર્કિટ થવાને કારણે લાગી હતી. વાયરોમાં લાગેલી આગ



જોતજોતામાં ઘરના અન્ય સામાન અને રાચરચીલામાં ફેલાઈ ગઈ હતી. ઘરમાં ધુમાડો એટલો વધી ગયો હતો કે સૂઈ રહેલા સભ્યોને બહાર નીકળવાની તક પણ મળી ન હતી અને શ્વાસ રૂંધાવાને કારણે તેઓ બેભાન થઈ ગયા હતા.ફાયર બ્રિગેડ પહોંચે તે પહેલા સ્થાનિક રહીશોએ અદભૂત હિંમત બતાવી હતી. લોકોએ ડોલથી પાણી છાંટીને આગ બુઝાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ આગની જ્વાળાઓ અને ધુમાડો ખૂબ જ વિકરાળ હતો. ફાયર ફાઈટરોએ ઘટનાસ્થળે પહોંચીને સૌથી પહેલા વીજ પુરવઠો કાપી નાખ્યો હતો અને ત્રણેય સભ્યોને બહાર કાઢી તાત્કાલિક જોગેશ્વરી સ્થિત ટ્રોમા કેર હોસ્પિટલમાં ખસેડ્યા હતા. જોકે, હોસ્પિટલ પહોંચતા જ ફરજ પરના તબીબોએ ત્રણેયને મૃત જાહેર કર્યા હતા. પોલીસના જણાવ્યા અનુસાર, મૃતકોની ઓળખ સંજોગ પાવસ્કર (૪૮), તેમની પુત્રી હર્ષદા પાવસ્કર (૧૯) અને પુત્ર કુશલ પાવસ્કર (૧૨) તરીકે થઈ છે. એક સાથે પિતા અને બે સંતાનોના મોતથી સમગ્ર ભગતસિંહ નગર વિસ્તારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. ૧૯ વર્ષની હર્ષદા અને ૧૨ વર્ષના કુશલના અકાળે અવસાનથી પડોશીઓની આંખો પણ ભીની થઈ ગઈ હતી. પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.મુંબઈમાં વધતા જતા આગના બનાવો પાછળ મોટાભાગે જૂના વાયરિંગ અને શોર્ટ સર્કિટ જવાબદાર હોય છે.

### નગરપાલિકા ચૂંટણી માટે પવાર પરિવારની 'રાજકીય ઘરવાપસી'

## મહારાષ્ટ્રના રાજકારણમાં મોટો ઉલટફેર: અજિત પવાર અને સુપ્રિયા સુલે એક જ મંચ પર

પુણે: મહારાષ્ટ્રના રાજકારણમાં શનિવારે એક અભૂતપૂર્વ અને ઐતિહાસિક દ્રશ્ય જોવા મળ્યું હતું. વર્ષ ૨૦૨૩માં નેશનાલિસ્ટ કોંગ્રેસ પાર્ટી (NCP) માં પડેલા ભંગાણ બાદ, પ્રથમ વખત અજિત પવાર અને સુપ્રિયા સુલે એક જ મંચ પર સાથે જોવા મળ્યા હતા. પુણે નગર નિગમની આગામી ચૂંટણીઓ માટે અજિત પવારના નેતૃત્વવાળી એનસીપી અને શરદ પવારના નેતૃત્વવાળી એનસીપી (SP) એ સંયુક્ત રીતે પોતાનો ચૂંટણી ઢંઢેરો જાહેર કર્યો છે. આ અણધારી ઘટનાએ રાજ્યના રાજકીય સમીકરણોમાં નવી ચર્ચાઓ જગાવી છે, જે સૂચવે છે કે સ્થાનિક સ્તરે પવાર પરિવાર ભાજપ વિરુદ્ધ એક થઈ શકે છે.

સંયુક્ત પ્રેસ કોન્ફરન્સ દરમિયાન અજિત પવારે રાજ્યમાં સત્તાધારી મહાયુતિ ગઠબંધનનો હિસ્સો હોવા છતાં, પુણેમાં ભાજપના શાસન પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે આક્ષેપ કર્યો હતો કે ૨૦૧૭ થી ૨૦૨૨ દરમિયાન ભાજપે સત્તામાં હોવા છતાં પુણે અને પિંપરી ચિંચવડના વિકાસને રૂંધ્યો છે. અજિત પવાર અને સુપ્રિયા સુલેએ એકસૂરે જણાવ્યું



કે, પુણેના નાગરિકોની સમસ્યાઓ ઉકેલવા માટે બંને જૂથોએ વૈચારિક મતભેદો બાજુ પર મૂકીને વિકાસના મુદ્દે હાથ મિલાવ્યા છે.

એનસીપી સંયુક્ત ચૂંટણી ઢંઢેરો મુખ્યત્વે શહેરની માળખાગત સુવિધાઓ પર કેન્દ્રિત છે. ઢંઢેરાના મુખ્ય વચનો નીચે મુજબ છે.શહેરની ૩૩ ખૂટતી રોડ લિંક્સને જોડીને ટ્રાફિક જામની સમસ્યાનો કાયમી ઉકેલ લાવવો. મહિલાઓ અને વિદ્યાર્થીઓ માટે બસો અને મેટ્રોમાં મફત મુસાફરીનો પ્રસ્તાવ.

દરેક ૨ કિલોમીટરના વિસ્તારમાં અત્યાધુનિક હોસ્પિટલનું નિર્માણ.'ગ્રીન સોસાયટી' પ્રોત્સાહન હેઠળ પર્યાવરણ અનુકૂળ પગલાં લેતી સોસાયટીઓને પ્રોપર્ટી ટેક્સમાં ૨૦% ની રાહત.

પુણેના રાજકીય મંચ પર અજિત પવાર અને સુપ્રિયા સુલેને સાથે જોઈને એનસીપીના કાર્યકર્તાઓમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. અત્યાર સુધી જે નેતાઓ પ્રચારથી દૂર રહ્યા હતા, તેઓ પણ આ બેઠકમાં હાજર રહ્યા હતા. રાજકીય વિશ્લેષકો માને છે કે જો પુણે અને પિંપરી ચિંચવડમાં પવાર પરિવારની આ એકતા કાયમ રહેશે, તો ભાજપ માટે આ ગઢ જીતવો મુશ્કેલ બની શકે છે. આ ગઠબંધન માત્ર સ્થાનિક ચૂંટણી પૂરતું છે કે ભવિષ્યમાં રાજ્ય કક્ષાએ પણ કોઈ નવા સંકેતો આપશે, તેના પર સૌની નજર છે.આ ઢંઢેરો જાહેર થયા બાદ મહારાષ્ટ્રમાં એવી ચર્ચા શરૂ થઈ છે કે શું પવાર પરિવાર ફરી એક થઈ રહ્યો છે? જોકે, બંને નેતાઓએ સ્પષ્ટ કર્યું હતું કે હાલમાં આ સહયોગ માત્ર પુણેના સ્થાનિક મુદ્દાઓ અને નગર નિગમની ચૂંટણી પૂરતો મર્યાદિત છે. તેમ છતાં, 'વોકલ ફોર લોકલ' ના નારા સાથે પવાર પરિવારે જે રીતે સ્થાનિક ગઠબંધન કર્યું છે, તે આગામી દિવસોમાં મહારાષ્ટ્રના રાજકારણની નવી દિશા નક્કી કરી શકે છે.

# મનપાની કચેરીઓ રવિવારે ચાલુ રહેશે: ટાઈફોઈડનો કહેર-લિકેજની સમસ્યા યથાવત્

## PMના પ્રવાસને લઈ કર્મીઓને હાજર રહેવા આદેશ...

ગાંધીનગર | ગાંધીનગરમાં વકરતા ટાઈફોઈડના રોગચાળા અને પાણીની પાઈપલાઈનમાં જોવા મળી રહેલા સતત લીકેજના પ્રશ્નો વચ્ચે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા એક મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ ગંભીર સ્થિતિને પહોંચી વળવા અને વડાપ્રધાનના પ્રવાસની તૈયારીઓ માટે મનપાની કચેરીઓ આજે શનિવારે અને કાલે રવિવારે રજાના દિવસે પણ ધમધમતી રહેશે.

ગાંધીનગરમાં હાલ ટાઈફોઈડના રોગચાળાએ માઝા મૂકી છે, જેમાં કેસોનો આંકડો 200ની નજીક પહોંચી ગયો છે. કરોડોના ખર્ચે નખાયેલી નવી પાઈપલાઈનોમાં લિકેજ મળવાનો સિલસિલો યથાવત્ રહેતા તંત્રની કામગીરી સામે ગંભીર સવાલો ઉભા થયા છે. આ કપરી પરિસ્થિતિમાં નગરજનોનો રોષ ઠારવાની સાથે જ આગામી 11 અને 12 જાન્યુઆરીએ વડાપ્રધાનના ગાંધીનગર પ્રવાસના આયોજનને સફળ બનાવવા મનપાએ રજાના દિવસે પણ કામ ચાલુ રાખવાનો નિર્ણય કર્યો છે. ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા બહાર પાડવામાં આવેલા પરિપત્ર મુજબ, આજે 10 જાન્યુઆરી અને કાલે 11 જાન્યુઆરી રવિવારના જાહેર રજાના દિવસો હોવા છતાં મનપાની તમામ કચેરીઓ રાબેતા મુજબ ચાલુ રાખવાનો નિર્ણય લેવાયો છે.વડાપ્રધાનના પ્રવાસની આનુષંગિક કામગીરી અને શહેરની વર્તમાન આરોગ્ય સ્થિતિને ધ્યાનમાં રાખીને તમામ અધિકારીઓ અને કર્મચારીઓને ફરજ પર હાજર રહેવા સૂચના આપવામાં આવી છે.

## રાંદેસણ સહિતના વિસ્તારોમાં પણ ગટરના પાણીની ફરિયાદો

શહેરમાં સેક્ટર-24, 26, 28 અને આદિવાડા જેવા વિસ્તારોમાં ટાઈફોઈડના કેસો સતત વધી રહ્યા છે. હવે ગાંધીનગરના સેક્ટર 6, વાવોલ, રાંદેસણ સહિતના વિસ્તારોમાં પણ ગટર પાણીની લાઈનોમાં લીકેજની ફરિયાદો ઊઠી છે. મનપા તંત્ર દ્વારા દાવો કરવામાં આવ્યો છે કે, 48 જેટલા લિકેજ તાત્કાલિક રિપેર કરી દેવાયા છે, પરંતુ હજુ પણ અનેક વિસ્તારોમાં ગંદા પાણીની ફરિયાદો ઉઠી રહી છે. રજાના દિવસે કચેરીઓ ચાલુ રાખી લિકેજ રિપેરિંગ અને આરોગ્ય લક્ષી કામગીરીની ફરિયાદો ઉઠે નહીં તેની મથામણમાં મનપા તંત્ર લાગી ગયું છે. એક તરફ શહેરીજનો દૂષિત પાણીના કારણે હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે, ત્યારે બીજી મનપા તંત્ર રજાના દિવસે પણ કામ કરીને સ્થિતિ પર કાબૂ મેળવવા મથી રહ્યું છે.

## ગાંધીનગરમાં ટાઈફોઈડનો આંકડો 200 નજીક : ગંદા પાણી ઉભરાયા છતાં મનપા 'ઘોર નિદ્રા'માં, 250 કરોડની નવી પાઈપલાઈને જનતાને હોસ્પિટલ ભેગી કરી



ગાંધીનગર | ગાંધીનગરમાં ટાઈફોઈડના રોગચાળાએ રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું છે, જેમાં મ્યુનિસિપલ કોર્પોરેશનની ગુનાહિત બેદરકારી બહાર આવી છે. શહેરના જૂના સેક્ટરોમાં ઘરે-ઘરે બીમારીના ખાટલા છે. એક તરફ ટાઈફોઈડનો આંકડો 200 સુધી પહોંચવા આવ્યો છે. ત્યારે હવે ન્યૂ ગાંધીનગર વિસ્તારમાં બે દિવસથી ગંદા પાણીના ફુવારા ઉડી રહ્યા છે. સિટી પલ્સ પાસે સૂકુન સ્કાય ફ્લેટની સામે ગટરનું દૂષિત પાણી રોડ પર વહી રહ્યું હોવા છતાં, 'સબ સલામત'ના દાવા કરતું મનપા તંત્ર હજુ પણ હરકતમાં આવ્યું નથી.

ગાંધીનગર મનપા અને સિવિલ હોસ્પિટલના આંકડાઓમાં મોટી વિસંગતતા જોવા મળી રહી છે. જે તંત્રની દાનત સામે સવાલો ઉભા કરે છે. મનપાનો દાવો કરે કે આજે માત્ર 15 નવા કેસ અને કુલ 75 દર્દીઓ સારવાર હેઠળ છે. જ્યારે સિવિલની વાસ્તવિકતા મુજબ છેલ્લા 24 કલાકમાં જ નવા 35 દર્દીઓ દાખલ થયા છે. હાલ સિવિલમાં 89 દર્દીઓ સારવાર હેઠળ છે, જેમાંથી 52 પોઝિટિવ અને 37 શંકાસ્પદ છે. આ તફાવત સાબિત કરે છે કે વહીવટી તંત્ર રોગચાળાની ગંભીરતા ઘટાડી કઈ અલગ બતાવવા મથી રહ્યું છે.

ગાંધીનગરમાં 24 કલાક પાણી આપવા માટે 250 કરોડના ખર્ચે જે નવી પાઈપલાઈન નાખવામાં આવી હતી, તે જ આજે આફત બની છે. નવી લાઈનમાં ઠેર-ઠેર લિકેજ હોવાથી ગટરનું ગંદુ પાણી પીવાના પાણીમાં ભળી રહ્યું છે. અત્યાર સુધીમાં 48 લિકેજ મળી આવ્યા છે. સેક્ટર-24, 26 અને આદિવાડા વિસ્તારમાં સ્થિતિ સૌથી વધુ ગંભીર છે. આશ્ચર્યની વાત એ છે કે નવી લાઈન નંખાઈ ત્યારે જ લિકેજની ફરિયાદો થઈ હતી, પણ ત્યારે તંત્રએ આ આક્ષેપોને કાને ધર્યા ન હતા.

## અમદાવાદમાં પીજી-હોસ્ટેલ ચલાવનારાના મકાનો સીલ કરાશે

### 3 પીજી મકાનો સીલ કરાયા

### પોલીસ, ફાયર અને સોસાયટીનું NOC ફરજિયાત

અમદાવાદ | અમદાવાદમાં હવે ફ્લેટ કે સોસાયટીમાં પીજી-હોસ્ટેલ ચલાવવામાં આવતી હશે તો પોલીસ વેરિફિકેશન, સોસાયટીની તેમજ ફાયર NOC હોવી ફરજીયાત છે નહીં તો મકાનને નોટિસ આપીને સીલ કરવાની કાર્યવાહી મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કરવામાં આવે તેવી પોલીસી તૈયાર કરવામાં આવી છે.

શહેરના મેમનગર વિસ્તારમાં ગુરુકુળ રોડ પાસે આવેલી સ્ટર્લીંગ સોસાયટી અને નીલમણિ સોસાયટીમાં કુલ ત્રણ જેટલા મકાનોનો પીજી-હોસ્ટેલ તરીકે ઉપયોગ કરવામાં આવતો હોવાને લઈને તેને સીલ કરવાની કાર્યવાહી કરવામાં આવી છે. જીપીએમસી એક્ટના નિયમોનું પાલન ન કરવામાં આવતા ત્રણેય મકાન હાલ સીલ કરી દેવામાં આવ્યા છે. મ્યુનિસિપલ કોર્પોરેશનના એસ્ટેટ વિભાગ દ્વારા દરેક ઝોનમાં આવા પીજી હોસ્ટેલોને નોટિસ આપી દેવામાં આવી છે.

ઉત્તર પશ્ચિમ ઝોનના એસ્ટેટ વિભાગ દ્વારા શહેરના મેમનગર વિસ્તારમાં આવેલી સ્ટર્લીંગ સોસાયટી અને નીલમણિ સોસાયટીમાં તેમાં કુલ ત્રણ જેટલા મકાનોને પેંઈગ ગેસ્ટ અને હોસ્ટેલ તરીકે ચલાવવામાં આવતી હતી. પોલીસી મુજબ તેઓને અલગ અલગ પુરાવાઓ રજૂ કરવા માટે નોટિસ આપવામાં આવી હતી. બે નોટિસ આપવામાં આવી છતાં પણ તેઓ દ્વારા કોઈ પુરાવા રજૂ કરવામાં આવ્યા નહોતા. જેથી આજે 9 જાન્યુઆરીના રોજ ત્રણે મકાનોને સીલ કરવાની કાર્યવાહી કરવામાં આવી હતી. મ્યુનિસિપલ કોર્પોરેશનના એસ્ટેટ વિભાગના સૂત્રોના જણાવ્યા મુજબ કોર્પોરેશન દ્વારા પેંઈગ ગેસ્ટ - હોસ્ટેલ માટે પોલીસી બનાવવામાં આવેલી છે.

અંતર્ગત સોસાયટી અને ફ્લેટમાં જે લોકો પેંઈગ ગેસ્ટ - હોસ્ટેલ ચલાવતા હોય છે તેમને પોલીસ વેરિફિકેશન અને ફાયર એનઓસી તેમજ ખાસ કરીને સોસાયટીની એનઓસી હોવી ફરજીયાત છે.

### ક્લબ ઓ સેવનમાં આવેલી રેસ્ટોરન્ટને 25 હજાર ચૂકવવા ગ્રાહક ફોરમનો હુકમ

## શાકાહારી બ્રાહ્મણ પરિવારને વેજ મખ્ખનવાલાની જગ્યાએ મુર્ગ મખ્ખનવાલા પીરસાયું...!

અમદાવાદ | અમદાવાદ શહેરના પોશ વિસ્તારમાં આવેલી એક જાણીતી રેસ્ટોરન્ટમાં જમવા ગયેલા શુદ્ધ શાકાહારી પરિવારને વેજીટેરિયન ભોજનની જગ્યાએ નોન વેજીટેરિયન ભોજન પીરસી દેવાતા ગ્રાહકે, ગ્રાહક તકરાર નિવારણ કમિશનમાં કેસ દાખલ કર્યો હતો. ગ્રાહક તકરાર નિવારણ કમિશને રેસ્ટોરન્ટને ગ્રાહક તરફે 25 હજાર રૂપિયા ચૂકવવા આદેશ કર્યો છે.

અમદાવાદના શેલા વિસ્તારમાં રહેતા સામજિક કાર્યકર ગૌરાંગ રાવલે એડવોકેટ કુંતલ જોશી મારફતે જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશન અમદાવાદમાં શેલા ખાતે આવેલ ક્લબ ઓ સેવનની ક્યૂબ લોન્જ સામે 30 લાખ રૂપિયાનો દાવો દાખલ કર્યો હતો. ક્યૂબ લોન્જ રેસ્ટોરન્ટ વ્યાંધમ ગ્રુપ દ્વારા મેનેજ કરવામાં આવે છે. અરજદારે પોતાની અરજીમાં જણાવ્યું હતું કે તે પોતાના બહેન અને બનેવી સાથે 7 માર્ચના રોજ ઉપરોક્ત રેસ્ટોરન્ટમાં જમવા ગયા હતા. જ્યાં તેમને વેઈટરને 1 વેજ મખ્ખનવાલા, 3 બટર રોટી, 1 દાલફ્રાય, 2 ફ્રાય પાપડ અને 2 છાશનો ઓર્ડર કર્યો હતો. 15 મિનિટ બાદ વેઈટરે ઓર્ડર સર્વ કર્યો હતો.

પરંતુ તેમાં વેજ મખ્ખનવાલાનું શાક દેખીતી રીતે હોવું જોઈએ તેવું લાગતું નહોતું. આથી ગ્રાહકે વેઈટરને અને શૅફને પૂછતાં તેમને જણાવ્યું હતું કે આ શાક વેજ મખ્ખનવાલા જ છે. આથી ગ્રાહકે પોતાના બહેન અને બનેવી સાથે ખાવાનું શરૂ કરતાં તેને કાંઈ અજુગતું લાગ્યું હતું. તેને એવો અંદેશો આવી ગયો હતો કે આ માંસાહારી ખોરાક છે. તેને વેઈટર અને શૅફને આ અંગે પૂછતાં તેઓ તે વાત માનવા તૈયાર નહોતા. જો કે પાછળથી એક શેફે સ્વીકાર્યું હતું કે આ વેજ મખ્ખનવાલા નહિ પણ મુર્ગ મખ્ખનવાલા છે, એટલે કે ચિકનની માંસાહારી વસ્તુ છે. ગ્રાહક અને તેના બહેન બનેવી બ્રાહ્મણ પરિવારમાંથી આવે છે. તેમજ ચુસ્ત શાકાહારી છે. તેમને જીવનમાં કદી માંસાહાર કર્યો નથી.



### વેઈટર ભૂલ સ્વીકારવા તૈયાર નહોતો

હકીકત ખબર પડતાં અરજદારની બહેનને આઘાત લાગ્યો હતો અને તે રડવા લાગી હતી. વેઈટર પણ ભૂલ સ્વીકારવા તૈયાર નહોતો અને કહ્યું હતું કે ગ્રાહકે માંસાહારી ડીશ માંગી હતી. જ્યારે ગ્રાહકે લખાવેલ ઓર્ડર ચિઠ્ઠી જોઈ ત્યારે ખબર પડી કે વેઈટર ખોટો હતો. આખરે વેઈટરે લેખિતમાં માફી માંગી હતી. જેનો ગ્રાહકે અસ્વીકાર કર્યો હતો. આ સંદર્ભે રેસ્ટોરન્ટ મેનેજ કરતા વ્યાંધમના વાઈસ પ્રેસિડન્ટને રજૂઆત કરતા તેમને મેનેજર સાથે વાત કરવા જણાવ્યું હતું. મેનેજરને રજૂઆત કરતા તેમને ગ્રાહકની તકલીફ સમજવાની જગ્યાએ મફતમાં લંચ ઓફર કર્યું હતું.

## PM મોદી અને જર્મન ચાન્સેલરના બંદોબસ્તનું ગ્રાન્ડ રિહર્સલ...!

### અમદાવાદ એરપોર્ટથી રાજભવન, ગાંધી આશ્રમ અને રિવરફ્રન્ટ પર SPG સાથે ઓન ટાઇમ રિહર્સલ યોજાયું



(એજન્સી) અમદાવાદ | તા.10

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને જર્મનના ચાન્સેલર સોમવારે ગુજરાતની મુલાકાતે આવવાના છે, જેને લઈને અમદાવાદ શહેરમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. પોલીસ દ્વારા SPG સાથે મળીને મોદી અને જર્મન ચાન્સેલરના રૂટ પર ઓન ટાઇમ રિહર્સલ કરવામાં આવ્યું છે. તમામ કાર્યક્રમમાં સ્થળે અને રૂટ પર પોલીસ બંદોબસ્ત સાથે રિહર્સલ કરવામાં આવ્યું છે.

12 જાન્યુઆરીના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને જર્મનના ચાન્સેલર ફ્રેડરિક મેર્ઝ સાબરમતી ગાંધી આશ્રમ ખાતે આવવાના છે. ત્યાંથી ઈન્ટરનેશનલ કાઈટ ફેસ્ટિવલના ઉદ્ઘાટન સમારોહમાં બંને મહાનુભાવો હાજરી આપવાના છે. આ ઉપરાંત ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે પણ કાર્યક્રમમાં બંને હાજર રહેવાના છે, જેથી પોલીસ દ્વારા એસપીજી સાથે મળીને કાર્યક્રમના સ્થળો અને રોડ ઉપર ઓન ટાઈમ એટલે કે, જે સમયે બંને મહાનુભાવો આવવાના છે તે સમય પર રિહર્સલ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત ઉચ્ચ અધિકારીઓ દ્વારા સતત કાર્યક્રમ સ્થળ અને રૂટ પર પોલીસ બંદોબસ્તનું નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે. PM બન્યા બાદ મોદી 19 ગ્લોબલ લીડરને ગુજરાત લાવ્યા, જર્મન ચાન્સેલર અમદાવાદના અતિથિ બનશે

જર્મન ચાન્સેલર ફ્રેડરિક મેર્ઝ 12-13 જાન્યુઆરીએ ભારતની તેમની પ્રથમ સત્તાવાર મુલાકાતે આવી રહ્યા છે, જોકે દિલ્હીને બદલે તેઓ સીધા અમદાવાદ આવશે, જ્યાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમનું સ્વાગત કરશે. અમદાવાદ પછી જર્મન નેતા બેંગલુરુ જવાના છે. આ મુલાકાત સાથે જર્મન ચાન્સેલર પીએમ મોદીના કાર્યકાળ દરમિયાન અમદાવાદની મુલાકાત લેનારા વૈશ્વિક નેતાઓની યાદીમાં જોડાશે.

મેર્ઝ પહેલાં અને મોદી વડાપ્રધાન બન્યા પછી 19 ગ્લોબલ લીડર ગુજરાતની મુલાકાતે આવી ચૂક્યા છે, જેમાં સૌપ્રથમ મુલાકાત ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગે લીધી હતી

## અમદાવાદની 3 જાણીતી સ્કૂલોએ ફી પરત કરવી પડશે, સમિતિએ ફી વધારો નામંજૂર કર્યો

(એજન્સી) અમદાવાદ | તા.10

સરકારે સ્કૂલ ફી કાયદા અંતર્ગત રચેલી નવી કમિટીઓ ઉપરાંત ફી રિવિઝન કમિટી દ્વારા પણ સ્કૂલો સામે કડકાઈ નિર્ણય લેવાતા અને ગેરરીતિઓને ન ચલાવી લેવાતા સપાટો બોલાવવામાં આવ્યો છે. સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ બાદ વધુ ત્રણથી ચાર મોટી ખાનગી સ્કૂલોની ફી રિવિઝન અપીલ ફી રિવિઝન કમિટી દ્વારા ફગાવી દેવામાં આવી છે. જેમાં ઝાયડસ સ્કૂલ ફોર એક્સલેન્સ, તપોવન સ્કૂલ અને સાકાર સહિતની સ્કૂલોનો સમાવેશ થાય છે. આ સ્કૂલોએ 2024-25માં માંગેલી ફી કરતાં અમદાવાદ ઝોનની ફી કમિટીએ ઓછી ફી મંજૂર કરી હતી અને જેની સામે સ્કૂલો રિવિઝન કમિટીમાં ગઈ હતી. પરંતુ સુનાવણીમાં-ડૉક્યુમેન્ટમાં કેટલીક ગેરરીતિઓ-ખામીઓ ધ્યાને આવતાં અપીલો ફગાવી દેવાઈ છે. અમદાવાદ ઝોનની ફી રેગ્યુલેશન કમિટી સમક્ષ વેજલપુરની ઝાડયસ સ્કૂલ ફોર એક્સલેન્સે પ્રી પ્રાયમરીથી 12 સાયન્સ સુધીના વર્ગોમાં 73325થી 96970 રૂપિયા ફી માંગી હતી. જેની સામે ફી કમિટીએ 2024-25 માટે 51266થી 66150 પ્રોવિઝનલ ફી નક્કી કરાઈ હતી. ત્યારબાદ વાંધા અરજી પછી ફી કમિટીએ 59800થી 77175 રૂપિયા ફીનો ફાઈનલ ઑર્ડર કર્યો હતો. જ્યારે 2025-26 માટે 60 હજારથી 78200 અને 2026-27 માટે 62 હજારથી 79200 રૂપિયા ફી નક્કી કરાઈ હતી. પરંતુ માંગ્યા મુજબની ફી ન મળતા સ્કૂલે રિવિઝન કમિટીમાં અપીલ કરી હતી.

### ધોળા દિવસે એક જ ફ્લેટના 3 ઘરમાં ચોરી...

## નિકોલ રોડના નરનારાયણ ફ્લેટમાં તસ્કરો બંધ મકાનના તાળા તોડી 9 લાખના દાગીના લઈ ફરાર

અમદાવાદ | શહેરમાં તસ્કરોનો તરખાટ જોવા મળી રહ્યો છે. શહેરના નિકોલ રોડ પર આવેલા એકજ ફ્લેટના ત્રણ મકાનમાં ધોળા દિવસોએ તસ્કરોએ ચોરીની ઘટનાને અંજામ આપીને ફરાર થઈ જતા ચકચારમચી ગઈ છે. તસ્કરોએ ત્રણ મકાનમાં તાળા તોડીને ધુસ્યા હતા અને 8.66 લાખના સોના-ચાંદીના દાગીનાની ચોરી કરી લીધી હતી. ધોળા દિવસે ચોરી થતા સ્થાનિકોમાં ફફડાટ વ્યાપી ગયો છે. કૃષ્ણનગર પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. નિકોલ રોડ પર આવેલા નરનારાયણ ફ્લેટમાં રહેતી દક્ષાબેન પ્રજાપતિએ કૃષ્ણનગર પોલીસ સ્ટેશનમાં ચોરીની ફરિયાદ કરી છે. દક્ષા પતિ કમલેશ અને દીકરા વેદ સાથે રહે છે. દક્ષા ફર્નિચરની દુકાનમાં નોકરી કરે છે, જ્યારે તેનો પતિ લોંડિગ રિક્ષા ચલાવે છે અને દીકરો કોલેજમાં અભ્યાસ કરે છે. ગઈકાલે દક્ષાબેન પોતાના ઘરેથી નોકરી જવા માટે બપોરે નીકળ્યા હતા. સાંજે સાત વાગ્યાની આસપાસ દક્ષાબેન ઘરે પરત આવ્યા, ત્યારે કેટલાક લોકો તેમના ઘરની બહાર ટોળુ કરીને ઉભા હતા.

મહિલાને આડોશ-પાડોશમાં પણ ચોરી થયાની જાણ થઈ દક્ષાબેનનો દીકરો પણ ત્યાજ ઉભો હતો, જેથી તેણે જણાવ્યુ કે, હું આવ્યો ત્યારે ઘરનું તાળુ તૂટેલુ હતું અને ઘરમાં સામાન અસ્તવ્યસ્ત હતો. દક્ષાબેન તરતજ ઘરમાં જઈને જોયુ તો સોના-ચાંદીના દાગીના ગાયબ હતા. તસ્કરોએ દક્ષાબેનના ઘરમાંથી 3.75 લાખના મત્તાની ચોરી કરીને ફરાર થઈ ગયા હતા. દરમિયાનમાં દક્ષાબેનને જણાવ્યુ મળ્યુ કે, ચોરી તેમના ઘરમાંજ નહીં પરંતુ અડોશ-પડોશમાં પણ થઈ છે.

## ૪૦ લાખ વૃક્ષો રોપી દીધા પછી હવે શિયાળામાં મેટ્રો રેલના ૧૩ કિ.મી.રુટ ઉપર ૧૦ કરોડના ખર્ચે ૯ હજાર વૃક્ષ વવાશે

અમદાવાદ | અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના બગીચા ખાતા દ્વારા શહેરમાં ગ્રીન કવર વધારવાના નામે કરોડો રૂપિયાનો ખર્ચ કરાઈ રહયો છે. ચોમાસા પહેલા શહેરમાં ૪૦ લાખ વૃક્ષ વાવવામા આવ્યા હોવાનો શાસકો અને તંત્ર તરફથી દાવો કરાયો હતો.બગીચા ખાતાના અધિકારીના કહેવા મુજબ, જેટલા વૃક્ષ શહેરમાં રોપાય છે. આ પૈકી માત્ર ૬૦ ટકા વૃક્ષ જ જીવીત રહે છે.પોતાના વૃક્ષોને ૧૦૦ ટકા જીવીત નહીં રાખી શકતા બગીચા વિભાગ દ્વારા મેટ્રો રેલવેના આશરે ૧૩.૫ કિલોમીટરના રુટ ઉપર બંને સાઈડમાં રુપિયા ૧૦ કરોડના ખર્ચથી ૯ હજાર વૃક્ષો વવાશે.આ કામગીરી આખુ વર્ષ ચાલશે.

ચોમાસા પહેલા શહેરના વિવિધ વોર્ડ વિસ્તારમાં બગીચા ખાતાએ ૪૦ લાખ વૃક્ષ રોપ્યા હતા.પરંતુ તે વખતે મેટ્રો રૂટની બંને તરફ વૃક્ષો વાવવાનુ રહી ગયુ હતુ.હવે શિયાળા અને ઉનાળામા ૯ હજાર વૃક્ષો વાવવા માટે બગીચા વિભાગ તરફથી ટેન્ડર ફલોટ કરાયુ છે.બગીચા ખાતાના અધિકારીએ નામ નહીં આપવાની શરતે કહયુ, શહેરમાંથી પસાર થતા મેટ્રોના રૂટ ઉપર અમુક સ્પોટ ઉપર પ્લાન્ટેશન થઈ ગયુ છે.

### યંગસ્ટર્સમાં Zen-Proનો ટ્રેન્ડ, અમદાવાદમાં 4000 રૂપિયાની કિંમતના પતંગનો પણ ક્રેઝ

## બ્રાઝિલની ફિરકીએ મચાવી ધૂમ, પતંગ ચગાવવા પાર્ટનરની જરૂર નહીં



અમદાવાદ | ઉત્તરાયણ એટલે રંગબેરંગી પતંગો, મોજ-મસ્તી અને મ્યુઝિક અને ડાન્સ પાર્ટી તેમજ ફેમિલી ગેટ ટુગેધર જેવો માહોલ. મકરસંક્રાંતિના તહેવારને હવે ગણતરીના દિવસો જ બાકી છે ત્યારે ગુજરાતનાં બજારોમાં ધીમે ધીમે ખરીદીનો માહોલ જોવા મળી રહ્યો છે. દર વર્ષે ઉત્તરાયણના તહેવારમાં પતંગ અને ફિરકીની અનેક નવી ડિઝાઈન બજારમાં જોવા મળે છે, પરંતુ આ વર્ષે એમાં એકદમ નવો અને અનોખો ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે.

રંગબેરંગી પતંગોના આ ઉત્સવમાં છોકરાઓની ઈચ્છતા હોય છે કે તેની ફિરકી પકડનાર પાર્ટનર તેમની સાથે ઊભી રહે, પરંતુ આ વખતે માર્કેટમાં પહેલીવાર બ્રાઝિલિયન પેટર્નની Zen-Pro ફિરકીએ ધૂમ મચાવી છે. આ ફિરકી ખાસ કરીને સિંગલ લોકો માટે ડિઝાઈન કરવામાં આવી છે, એટલે કે જો તમે સિંગલ છો તો તમારે ફિરકી પકડવા માટે કોઈની જરૂર નહીં પડે તમે જાતે જ ફિરકી પકડીને પતંગ ચગાવી શકશો.

સોશિયલ મીડિયા પર વાઈરલ થતા જ બ્રાઝિલના કોન્સેપ્ટ પરથી પ્રેરિત થઈ ભારતમાં પહેલીવાર 'Zen-Pro ફિરકી' લોન્ચ કરવામાં આવી છે, જે ખાસ કરીને યુવા વર્ગ અને Gen-Zમાં જનરેશનમાં આકર્ષણનું કેન્દ્ર બની છે.

આ ફિરકીઓની સૌથી મોટી ખાસિયત એ છે કે એ વજનમાં ખૂબ જ હલકી છે અને માત્ર એક હાથે સરળતાથી ચલાવી શકાય છે અને એમાં પાંચ હજાર વાર દોરી આરામથી આવી જાય છે. ખાસ વાત એ છે કે હવે ફિરકી પકડવા માટે કોઈ સાથીની જરૂર નહીં પડે, એટલે કે સિંગલ લોકો માટે ઉત્તરાયણ વધુ ખાસ બનશે અને ખાસ કરીને પતંગની દોરીનું ગૂંચળું પણ હવે આ ફિરકીમાં નહીં વળી શકે.

આ અનોખી ફિરકીના ઓનર ધવલ વસોયા જણાવ્યું હતું કે આ ફિરકીનો વિચાર અમને ઈન્સ્ટાગ્રામ રીલ્સ પરથી આવ્યો હતો. ખાસ કરીને બ્રાઝિલની રીલ્સમાંથી કોન્સેપ્ટ આવ્યો અને માત્ર 20 દિવસમાં અમે બ્રાઝિલિયન પેટર્નની ફિરકીઓનું પ્રોડક્શન શરૂ કરીને સમગ્ર ભારતમાં એની ડિલિવરી પણ શરૂ કરી દીધી છે. લોકો તરફથી આ ફિરકીઓનો ખૂબ સારો પ્રતિસાદ મળી રહ્યો છે.

હાલમાં આ ફિરકીઓ બે વેરિયન્ટમાં ઉપલબ્ધ છે. અત્યારસુધીમાં ઓલ ઓવર ઈન્ડિયામાં લગભગ 3500થી 4000 જેટલી ફિરકીઓનું વેચાણ થઈ ચૂક્યું છે. વૂડનમાંથી બનાવવામાં આવેલી આ ફિરકીઓની માર્કેટમાં ખાસ માગ જોવા મળી રહી છે.